વર્ષ : ૬૩ ■ અંક : ૩ ■ તા.૦૧-૦૨-૨૦૨૩

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

G20 भारत 2023 INDIA







## પ્રજાસત્તાક પર્વની પરેડમાં ગુજરાતનો ટેબ્લો પ્રથમ

# ગ્રીન ગુજરાતની વિભાવના ચરિતાર્થ

# વિકાસની નવી ઊંચાઈઓ આંબતું સુરત શહેર

















**Gujarat**
The Reliable fortnightly of Gujaratis

Year : 63 ■ Issue : 3 ■ Date 1 - 2 - 2023

**તંત્રી** : આર. કે. મહેતા
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, સુનિલ પટેલ, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ વિભાગ** : એન. એમ. રાઠોડ, ગીતા દેસાઇ, બી. કે. પરમાર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૩૪૪૨
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**



રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.



માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઈટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઈઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ દયાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.


# શબ્દશઃ



- ગુજરાતે છેલ્લા બે દાયકાથી દરેક ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી છે.
- G-20ના યજમાન બની ગુજરાતના વિકાસ મૉડેલને વૈશ્વિક ફલક પર રજૂ કરી શકીશું.
- રાષ્ટ્રીય પર્વોને જુદા - જુદા જિલ્લામાં ઊજવવાની નવતર પરંપરા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરી છે.
- બોટાદમાં નવી મેડિકલ હૉસ્પિટલ અને મેડિકલ કૉલેજની સ્થાપના કરવામાં આવશે.
- વર્ષ ૨૦૩૧માં બોટાદની જરૂરિયાતના અંદાજને ધ્યાનમાં લઈને ડેવલપમેન્ટ પ્લાનિંગને મંજૂરી આપવામાં આવી છે.
- ગુજરાત સરકારે સર્વગ્રાહી, સર્વસમાવેશી, સર્વસ્પર્શી વિકાસની નેમ રાખી છે.
- છેવાડાના માનવીને મળવાપાત્ર લાભ વહેલામાં વહેલી તકે સરળતાથી આપવા કટિબદ્ધ છીએ.
- ગરીબ, વંચિત અને સામાન્ય માનવીને વિકાસની મુખ્ય ધારામાં લાવવામાં આપણે સફળ રહ્યા છીએ.
- વડાપ્રધાનશ્રીની વિઝનરી લીડરશિપના કારણે જ ભારત વિશ્વની અર્થવ્યવસ્થામાં પાંચમા ક્રમે પહોંચ્યું છે.

(મુખ્યમંત્રીશ્રીએ બોટાદમાં પ્રજાસત્તાક પર્વની પૂર્વસંધ્યાએ આપેલા વક્તવ્યના અંશો)

# આકર્ષણ






8 ગૌરવ

પ્રજાસત્તાક પર્વની પરેડમાં ગુજરાતનો ટેબ્લો પ્રથમ : ગ્રીન ગુજરાતની વિભાવના ચરિતાર્થ - સંજયસિંહ ચાવડા





12 પર્વ

શાંતિ, શૌર્ય અને હરિતના રંગો વચ્ચે પ્રજાસત્તાક પર્વની બોટાદમાં રંગારંગ ઉજવણી..

6 સંવાદ

મન કી બાત

20 નેતૃત્વ

B20 સમિટમાં વિશ્વના નેતાઓ દ્વારા વૈશ્વિક પ્રશ્નોનું ગુજરાતના આંગણે મનોમંથન

34 જિલ્લા પ્રોફાઇલ

પૂર્ણાની પુણ્યભૂમિ “નવસારી”

38 નિર્ણય

41 વિશેષ

42 ઊર્જાશક્તિ

ગુજરાત પુનઃપ્રાપ્ય ઊર્જામાં પથદર્શક - નીરવ રાવલ

45 સમાચાર વિશેષ

48 સુરક્ષા

પરોપકાર અને કલ્યાણને વરેલી ‘ગુડ સમૅરિટન યોજના’ - સુનિલ પટેલ

50 વિરાસત

સૂર - લય - તાલનો ઉત્સવ મોઢેરા ઉત્તરાર્ધ મહોત્સવ


## વિકાસ યાત્રા


25 સ્કાઉટ ઍન્ડ ગાઇડ્સના નિવાસી તાલીમ ભવનનું લોકાર્પણ

26 ગાંધીનગરમાં જનસુવિધાનાં વિકાસકાર્યો જનસમર્પિત

27 સુરતમાં રૂ. ૨૪૦૦ કરોડનાં વિકાસકાર્યોનાં ખાતમુહૂર્ત-લોકાર્પણ

28 અમદાવાદમાં બહુમાળી સરકારી આવાસનું લોકાર્પણ

28 ખોડલધામ : રાષ્ટ્રહિત અને સમાજહિતનું કેન્દ્ર

29 ગ્રામીણ અર્થતંત્રને સક્ષમ બનાવવામાં નાબાર્ડની ભૂમિકા મહત્ત્વપૂર્ણ

30 ‘એક્ઝામ વૉરિયર્સ’ પુસ્તકના ગુજરાતી સંસ્કરણનું લોકાર્પણ

32 તમામ નગરપાલિકા માટે એક ટાઉન પ્લાનિંગ સ્કીમ બનશે



# વસંતનાં વધામણાં સાથે વિકાસનો ઉઘાડ...

વસંત ઋતુના પ્રારંભ સાથે પ્રકૃતિ નવાં રૂપરંગ ધારણ કરતી હોય છે. આ નવાં રૂપરંગથી પ્રકૃતિની આભા ઉઘાડ સાથે નવપલ્લવિત થતી હોય છે. જેમ પ્રકૃતિ માટે વસંત ઉઘાડનું માધ્યમ છે તે જ રીતે ગુજરાતીઓ માટે વિકાસની નવી ક્ષિતિજોનો ઉઘાડ મહત્ત્વપૂર્ણ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિકાસના વિશ્વાસ સાથે સતત બીજી વાર સત્તાનું સુકાન સંભાળીને વિકાસને નવો ઓપ આપવાનું કાર્ય કર્યું છે. 'લોકો વચ્ચે જવું, લોકો સાથે રહેવું અને લોકોના થઈ રહેવાની' સહજ કાર્યશૈલીએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને સાચા જનનાયક બનાવ્યા છે. તેમનામાં લોકોને પોતાપણાની લાગણી જણાય છે. તાજેતરમાં તેમણે વૉટ્સઍપ દ્વારા ફરિયાદ કરી શકાય તેવી કાર્યપ્રણાલી વિકસિત કરીને લોકાભિમુખ કાર્યશૈલીનો રાજ્યની જનતાને પરિચય કરાવ્યો છે.

આ જનવિશ્વાસના પાયામાં તેમણે કરેલાં જનહિતલક્ષી કાર્યો, છેવાડાના માનવી સુધી સુવિધા પહોંચાડવાનો દૃઢ સંકલ્પ અને સામાન્ય નાગરિકો-મહિલાઓ-યુવાઓ અને ખેડૂતોના જીવનધોરણમાં ગુણાત્મક સુધારો લાવવાનો પરિશ્રમ ડોકાયા વગર રહેતો નથી.

રાષ્ટ્રીય પર્વોની ઉજવણી રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કરવાના ઉપક્રમે આ વર્ષે ૭૪મા પ્રજાસત્તાક પર્વની બોટાદ ખાતે રંગારંગ ઉજવણી કરવામાં આવી. બોટાદમાં રાષ્ટ્રીય પર્વની ઉજવણીની સાથે વિકાસની સરવાણી વહી હતી. આ અવસરે બોટાદને રૂ. ૨૯૮ કરોડનાં વિકાસકાર્યોની ભેટ મળી હતી. ભારત આ વર્ષે G-20 સમિટની યજમાની કરી રહ્યું છે. G-20 અંતર્ગતના ૧૫ કાર્યક્રમો ગુજરાતમાં યોજાવાના છે. તાજેતરમાં ગાંધીનગરમાં યોજાયેલી સમિટ અંતર્ગત વિશ્વના મહાનુભાવોએ વૈશ્વિક સમસ્યાઓ અંગે વૈચારિક આદાન-પ્રદાન કર્યું હતું. આ નેતાઓ ગુજરાતના ઐતિહાસિક કલા-વારસા-વૈભવથી પણ પ્રભાવિત થયા હતા.

ભારતીય સંસ્કૃતિમાં સૂર્યને આરાધ્ય અને શક્તિનો સ્રોત માનવામાં આવે છે. આ સ્રોતનો ઉપયોગ કરીને રાજ્યમાં ગ્રીન અને ક્લીન એનર્જી ઉત્પન્ન થાય તે માટે સૂર્યશક્તિનો વ્યાપક ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. દેશમાં મોઢેરાને સૌપ્રથમ સૌરઊર્જાથી સંચાલિત ગામ જાહેર કરવામાં આવ્યું છે. આ સિદ્ધિ ટેબ્લો સ્વરૂપે સમગ્ર વિશ્વએ દિલ્હીના કર્તવ્યપથ પર યોજાયેલી પ્રજાસત્તાક પરેડમાં નિહાળી હતી. આ ટેબ્લોએ પીપલ્સ ચોઇસ એવોર્ડ શ્રેણીમાં દેશભરમાં પ્રથમ ક્રમ હાંસલ કર્યો હતો. આ ગૌરવ હાંસલ કરવા બદલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે સમગ્ર રાજ્યની જનતાનો આભાર વ્યક્ત કર્યો હતો.

ગાંધીનગરને શ્રેષ્ઠ સંસદીય ક્ષેત્ર બનાવવાની પ્રતિબદ્ધતાને પૂર્ણ કરવા સાંસદ અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ પ્રયત્નશીલ છે. તેના ભાગરૂપે રૂ. ૪૯ કરોડનાં લોકકલ્યાણનાં કાર્યોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત તેમણે કર્યાં હતાં.

ખેડૂતોના જીવનમાં પરિવર્તન લાવવા શરૂ કરવામાં આવેલી 'સુજલામ્ સુફલામ્ જળસંચય યોજના'ની શરૂઆત આ વર્ષે ૧લી ફેબ્રુઆરીથી કરવાનું મહત્ત્વપૂર્ણ કદમ લેવામાં આવ્યું છે. આ યોજનાથી રાજ્યનાં ખેતરોને પૂરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ બન્યું છે, જેના કારણે ગુજરાત હરિયાળી ક્રાંતિનું નેતૃત્વ લઈ રહ્યું છે. સમગ્ર દેશમાં કૃષિ વિકાસદરની રીતે ગુજરાત અગ્રિમ રાજ્ય બની રહ્યું છે.

રાજ્યના વિકાસમાં યુવાઓની ભૂમિકાને ધ્યાનમાં લઈને વર્તમાન સરકારે મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે, જે અંતર્ગત આગામી દિવસો તબીબી, એન્જિનિયરિંગ, વિવિધ તકનીકી અભ્યાસક્રમો હવે માતૃભાષા ગુજરાતીમાં ઉપલબ્ધ થશે. તો રાજ્યના વહીવટી તંત્રમાં યુવાશક્તિને જોડવા વિવિધ સંવર્ગોની ભરતી પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે. તેમાં પંચાયત વિભાગ દ્વારા ૧૩ હજાર યુવાઓની ભરતી કરવામાં આવવાની છે. તે સાથે રાજ્ય સરકારના વિવિધ વિભાગોના એકસરખા પરિપત્રો અને ઠરાવોને એકીકૃત કરવાનો નિર્ણય લીધો છે.

સમગ્ર દેશમાં સૌથી વધુ શહેરીકરણ ધરાવતાં રાજ્યોમાં ગુજરાત મોખરે છે. વધતી જતી વસતિને ધ્યાનમાં રાખીને નગરપાલિકાદીઠ એક ટાઉન પ્લાનિંગ સ્કીમ મંજૂર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેનાથી નગરપાલિકોઓ પોતાની રીતે પોતાનો સુનિયોજિત વિકાસ સાધી શકશે, તો યાત્રાધામ પાવાગઢનો રૂ. ૧૮૩ કરોડના ખર્ચે કાયાકલ્પ કરાશે.

આ ઉપરાંત, પ્રસ્તુત અંકમાં રાજ્ય સરકારના જનહિતલક્ષી નિર્ણયો, સાફલ્યગાથાઓ અને વાચકોને જાણવામાં રસ પડે તેવી માહિતી પૂરી પાડવામાં આવી છે.

જય જય ગરવી ગુજરાત...

**- આર. કે. મહેતા** આઇ.એ.એસ.
માહિતી નિયામક

# Mann Ki Baat

## જાન્યુઆરી - ૨૦૨૩



# મન કી બાત

### લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેડિયોના માધ્યમથી જનતા સાથે સંવાદ

***વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ દિનપ્રતિદિન વધુ ને વધુ લોકપ્રિય બનતો જાય છે. વડાપ્રધાનશ્રી દેશના છેવાડાના માનવી સુધી હૃદયના ઊંડાણથી રેડિયોના માધ્યમ થકી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યની ઝલક પ્રસ્તુત છે.***

મારા પ્રિય દેશવાસીઓ, નમસ્કાર.

2023ની આ પહેલી 'મન કી બાત' અને તેની સાથે સાથે આ કાર્યક્રમનો 97મો એપિસોડ પણ છે. આપ બધાની સાથે ફરી એક વાર વાતચીત કરીને મને ઘણી જ ખુશી થઈ રહી છે. દર વર્ષે જાન્યુઆરીનો મહિનો ઘણો ઈવેન્ટફુલ હોય છે. આ મહિને 14 જાન્યુઆરીની આસપાસ ઉત્તરથી દક્ષિણ સુધી અને પૂર્વથી પશ્ચિમ સુધી, આખા દેશમાં તહેવારોની રોનક હોય છે. ત્યાર બાદ દેશ પોતાનો ગણતંત્ર દિવસ પણ મનાવે છે. આ વખતે પણ ગણતંત્ર દિવસ સમારોહમાં અનેક પાસાંઓની ઘણી જ પ્રશંસા થઈ રહી છે. જેસલમેરથી પુલકિતે મને લખ્યું છે કે 26, જાન્યુઆરીની પરેડ દરમિયાન કર્તવ્ય પથના નિર્માણ કરનારા શ્રમિકોને જોઈને ઘણું સારું લાગ્યું. કાનપુરથી જયાએ લખ્યું છે કે, તેમને પરેડમાં સામેલ ઝાંખીઓમાં ભારતની સંસ્કૃતિનાં વિવિધ પાસાંઓને જોઈને આનંદ આવ્યો. આ પરેડમાં પહેલીવાર ભાગ લેનારી વુમન કૅમલ રાઈડર્સ અને સીઆરપીએફની મહિલાદળની ટૂકડીઓની પણ ઘણી જ પ્રશંસા થઈ રહી છે.

સાથીઓ, દેહરાદૂનના વત્સલજીએ પણ મને લખ્યું છે કે, 25 જાન્યુઆરીની હું હંમેશાં રાહ જોતો હોઉં છું, કારણ કે તે દિવસે પદ્મ પુરસ્કારોની જાહેરાત થાય છે અને એક પ્રકારે 25 તારીખની સાંજ જ મારી 26 જાન્યુઆરીના ઉમંગને ઘણી જ વધારી દે છે. પાયાના સ્તરે પોતાના સમર્પણ અને સેવાભાવથી ઉપલબ્ધિ મેળવનારાઓને People's Padmaને લઈને પણ કેટલાય લોકોએ પોતાની ભાવના વહેંચી છે. આ વખતે પદ્મ પુરસ્કારથી સન્માનિત લોકોમાં આદિવાસી સમુદાય અને આદિવાસી જીવન સાથે જોડાયેલા લોકોનું સારું પ્રતિનિધિત્વ રહ્યું છે. આદિવાસી જીવન શહેરોની દોડાદોડી કરતાં અલગ છે, તેના પડકારો પણ અલગ છે, આમ છતાં આદિવાસી સમાજ પોતાની પરંપરાઓને બચાવવા હંમેશાં તત્પર રહે છે. આદિવાસી સમાજ સાથે જોડાયેલી વસ્તુઓના સંરક્ષણ અને તેના સંશોધન પર પણ પ્રયાસ થઈ રહ્યા છે. આવી જ રીતે ટોટો, હો, કુઈ, કુવી અને માંડા જેવી જનજાતીય ભાષાઓ પર કામ કરનારા કેટલાય મહાનુભાવોને પદ્મ પુરસ્કાર મળ્યા છે તે આપણા બધા માટે ગર્વની વાત છે. ધાનીરામ ટોટો, જાનુમ સિંહ સોય અને બી. રામકૃષ્ણ રેડ્ડીજીનાં નામ, હવે તો આખો દેશ તેમનાથી પરિચિત થઈ ગયો છે.

સિદ્દિ, જારવા અને ઓંગે જેવી અન્ય જનજાતિઓ સાથે કામ કરનારા લોકોને પણ આ વખતે સન્માનિત કરવામાં આવ્યા છે. જેમ કે, હીરાબાઈ લોબી, રતનચંદ્ર કાર અને ઈશ્વરચંદ્ર વર્માજી. જનજાતિ સમાજ આપણી ધરતી, આપણા વારસાનો અભિન્ન હિસ્સો રહ્યો છે. દેશ અને સમાજના વિકાસમાં તેમનું યોગદાન મહત્ત્વપૂર્ણ છે. તેમના માટે કામ કરનારા વ્યક્તિત્વનું સન્માન, નવી પેઢીને પણ પ્રોત્સાહિત કરશે.

આ વર્ષે પદ્મ પુરસ્કારોની ગુંજ એ વિસ્તારોમાં પણ સંભળાઈ રહી છે, જે નક્સલ પ્રભાવિત વિસ્તારો હતા. પોતાના પ્રયત્નોથી નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં ભટકી ગયેલા યુવાનોને સાચો માર્ગ દેખાડનારાઓને પણ પદ્મ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેના માટે કાંકેરમાં લાકડા પર કોતરણી કરનાર અજયકુમાર મંડાવી અને ગઢચિરોલીના પ્રસિદ્ધ ઝાડીપટ્ટી રંગભૂમિ સાથે જોડાયેલા પરશુરામ કોમાજી ખૂણેને પણ સન્માન મળ્યું છે. તેવી જ રીતે નૉર્થ-ઈસ્ટમાં પોતાની સંસ્કૃતિના સંરક્ષણ કરવામાં લાગેલા રામકુઈવાંગબે નિઉમે, વિક્રમ બહાદુર જમાતિયા અને કરમા વાંગચૂને પણ સન્માનિત કરવામાં આવ્યા છે.

સાથીઓ આજે હિન્દુસ્તાનના ખૂણેખૂણામાં G-20 સમિટ સતત ચાલી રહી છે અને મને ખુશી છે કે દેશના દરેક ખૂણામાં જ્યાં પણ G-20 સમિટ થઈ રહી છે, જાડા ધાન્ય (Millets)માંથી બનેલાં પૌષ્ટિક અને સ્વાદિષ્ટ વ્યંજન તેમાં સામેલ થાય છે. અહીં, બાજરામાંથી બનેલી ખીચડી, પૌઆ, ખીર અને રોટલીની સાથે જ રાગીથી બનેલા પાયસમ, પૂરી અને ઢોસા જેવાં વ્યંજનો પણ પીરસવામાં આવે છે. G-20ના દરેક venue પર મિલેટ એક્ઝિબિશનમાં જાડા ધાન્ય (Millets)માંથી બનેલાં હેલ્થ ડ્રિંક્સ, સિરિયલ્સ અને નૂડલ્સને દેખાડવામાં આવ્યાં છે. આખી દુનિયામાં ઈન્ડિયન મિશન પણ તેની લોકપ્રિયતા વધારવા માટે સતત પ્રયત્ન કરી રહ્યાં છે. તમે કલ્પના કરી શકો છો કે દેશનો આ પ્રયત્ન અને દુનિયામાં વધતી જાડા ધાન્ય (Millets)ની માગ આપણા નાના ખેડૂતોને કેટલી તાકાત આપવાની છે. મને એ જોઈને પણ સારું લાગે છે કે, આજે વિવિધ પ્રકારની નવી નવી વસ્તુઓ બાજરામાંથી બની રહી છે, તે યુવા પેઢીને પણ તેટલી જ પસંદ આવી રહી છે. International Year of Milletsની આવી શાનદાર શરૂઆત માટે અને તેને સતત આગળ વધારવા માટે હું 'મન કી બાત'ના શ્રોતાઓને પણ અભિનંદન પાઠવું છું.

મારા પ્રિય દેશવાસીઓ, હવે 'મન કી બાત'માં હું એક એવા વિષય પર વાત કરીશ, જેમાં આપને આનંદ પણ આવશે, ગર્વ પણ થશે અને આપ કહી ઊઠશો - વાહ ભાઈ વાહ... દિલ ખુશ થઈ ગયું. દેશની સૌથી જૂની સાયન્સ ઈન્સ્ટિટ્યૂટમાંની એક બેંગાલુરુની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ એટલે કે આઈ.આઈ.એસ.સી. એક સુંદર ઉદાહરણ પૂરું પાડે છે. 'મન કી બાત'માં અગાઉ હું આની ચર્ચા કરી ચૂક્યો છું કે, કેવી રીતે આ સંસ્થાની સ્થાપનાની પાછળ ભારતની બે મહાન વિભૂતિઓ જમશેદજી ટાટા અને સ્વામી વિવેકાનંદની પ્રેરણા રહી છે તો તમને અને મને આનંદ અને ગર્વ આપનારી વાત એ છે કે, વર્ષ 2022માં આ સંસ્થાના નામે કુલ 145 પેટન્ટ રહેલા છે. તેનો મતલબ છે - દર પાંચ દિવસે બે પેટન્ટ. આ રેકૉર્ડ પોતાનામાં જ એક અદ્ભુત છે. આ સફળતા માટે હું આઈ.આઈ.એસ.સી.ની ટીમને અભિનંદન પાઠવું છું. સાથીઓ, આજે પેટન્ટ ફાઈલિંગમાં ભારતનો ક્રમ 7મો અને ટ્રેડમાર્કમાં 5મો ક્રમ છે. માત્ર પેટન્ટની વાત કરીએ તો છેલ્લાં પાંચ વર્ષોમાં તેમાં લગભગ 50 ટકાની વૃદ્ધિ થઈ છે. ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સમાં પણ ભારતના રૅન્કિંગમાં જબરદસ્ત સુધારો થયો છે અને હવે તે 40મા ક્રમે આવી ગયું છે, જ્યારે 2015માં ભારત ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સમાં 80મા નંબરથી પણ પાછળ હતું. વધુ એક રસપ્રદ વાત હું આપને જણાવવા માગું છું. ભારતમાં છેલ્લાં 11 વર્ષોમાં પહેલી વખત ડોમેસ્ટિક પેટન્ટ ફાઈલિંગની સંખ્યા ફૉરેન ફાઈલિંગથી વધારે જોવા મળી છે. તે ભારતના વધતા વૈજ્ઞાનિક સામર્થ્યને પણ દેખાડે છે.

સાથીઓ આજે દરેક ઘરમાં મોબાઇલ ફોન, લૅપટૉપ, ટૅબ્લેટ જેવાં ડિવાઇસ સામાન્ય થઈ ગયાં છે. આખા દેશમાં તેની સંખ્યા અબજોમાં હશે. આજના લેટેસ્ટ ડિવાઇસ ભવિષ્યના ઈ-વેસ્ટ પણ હોય છે. જ્યારે કોઈ નવું ડિવાઇસ ખરીદે છે અથવા પોતાનું જૂનું ડિવાઇસ બદલે છે તો એ ધ્યાન રાખવું જરૂરી થઈ જાય છે કે તેને બરાબર રીતે discard કરવામાં આવે છે કે નહીં. જો ઈ-વેસ્ટને બરાબર રીતે dispose કરવામાં ન આવે તો તે આપણા પર્યાવરણને પણ નુકસાન પહોંચાડી શકે છે, પરંતુ સાવધાનીપૂર્વક જો તેને કરવામાં આવે છે તો તે રિસાઇકલ અને રિયૂઝની સર્ક્યૂલર  ઈકોનોમીની બહુ જ મોટી તાકાત બની શકે છે. સંયુક્ત રાષ્ટ્રના એક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે દર વર્ષે 50 મિલિયન ટન ઈ-વેસ્ટ ફેંકવામાં આવે છે. તમે અંદાજો લગાવી શકશો કે કેટલો હશે? માનવ ઈતિહાસમાં જેટલા વ્યાવસાયિક હવાઈ જહાજ બન્યાં છે તે બધાનું વજન ભેગું કરી દેવામાં આવે તો જેટલો ઈ-વેસ્ટ નીકળે છે તેને બરાબર પણ નહીં થાય. આ એવું છે જેમ કે દર સેકન્ડે 800 લૅપટૉપ ફેંકી દેવાતાં હોય. તમે જાણીને ચોંકી જશો કે અલગ-અલગ પ્રક્રિયાઓ મારફતે આ ઈ-વેસ્ટથી લગભગ 17 પ્રકારની કીમતી ધાતુઓ Precious Metal કાઢી શકાય છે. તેમાં સોનું, ચાંદી, ત્રાંબું, નીકલ સામેલ છે. તેથી જ ઈ-વેસ્ટનો સદુપયોગ કરવો, કચરાને કંચન બનાવવાથી જરા પણ ઓછું નથી. આજે એવા સ્ટાર્ટ-અપની અછત નથી જે આ દિશામાં ઈનોવેટિવ કામ કરી રહ્યાં છે. આજે લગભગ 500 જેટલા E-Waste Recyclers આ ક્ષેત્ર સાથે જોડાયેલાં છે અને ઘણા બધા નવા ઉદ્યમીઓને પણ તેની સાથે જોડવામાં આવી રહ્યા છે. આ સેક્ટરે હજારો લોકોને સીધી રીતે રોજગારી પણ પૂરી પાડી છે. બેંગાલુરુની E-Parisara પણ આવા જ એક પ્રયત્નમાં જોડાયેલી છે. તેણે પ્રિન્ટેડ સર્કિટ બોર્ડની કીમતી ધાતુઓને અલગ કરીને સ્વદેશી ટેક્નોલૉજી વિકસિત કરી છે. આવી જ રીતે મુંબઈમાં કામ કરતી ઈકોરિકોએ મોબાઇલ ઍપથી ઈ-વેસ્ટ કલેક્ટ કરવાની સિસ્ટમ તૈયાર કરી છે.

મારા પ્રિય દેશવાસીઓ, ગણતંત્રને મજબૂત કરવાના આપણા પ્રયત્નો સતત ચાલતા રહેવા જોઈએ. ગણતંત્ર મજબૂત થાય છે જન-ભાગીદારીથી, બધાના પ્રયત્નોથી, દેશ પ્રત્યેના પોતપોતાનાં કર્તવ્યોને નિભાવવાથી અને મને સંતોષ છે કે આપણી 'મન કી બાત' આવા કર્તવ્યનિષ્ઠ સેનાનીઓનો બુલંદ અવાજ છે. હવે પછી ફરી મુલાકાત થશે આવા કર્તવ્યનિષ્ઠ લોકોની રસપ્રદ તથા પ્રેરક ગાથાઓની સાથે.

ખૂબ ખૂબ ધન્યવાદ...

## પ્રજાસત્તાક પર્વની પરેડમાં ગુજરાતનો ટેબ્લો પ્રથમ

# ગ્રીન ગુજરાતની વિભાવના ચરિતાર્થ

✎ **સંજયસિંહ ચાવડા**

ગુજરાત હંમેશા નવતર પહેલ થકી રાષ્ટ્રને નવી દિશા આપનાર રાજ્ય રહ્યું છે. આપણા ગરવા ઈતિહાસની સમૃદ્ધ ધરોહર સાથે એક મજબૂત અને ઊર્જામય ભવિષ્ય માટે ગુજરાત સતત વિકાસપથે આગળ વધી રહ્યું છે. નવા આયામો, નવી ઊંચાઇઓ અને નવા કીર્તિમાનો સ્થાપિત કરવા એ ગુજરાત અને ગુજરાતીઓનો આગવો સ્વભાવ છે, જેના થકી મળતા પરિણામોને કારણે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે રાજ્યને અનેરી ખ્યાતિ પ્રાપ્ત થાય છે.

૨૬મી જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ ૭૪મા પ્રજાસત્તાક દિનની સમગ્ર દેશમાં જોશભેર ઉજવણી કરવામાં આવી હતી. પ્રતિ વર્ષે પ્રજાસત્તાક દિન નિમિત્તે દિલ્હી ખાતે યોજાતી રાષ્ટ્રીય પરેડનું એક આગવું મહત્ત્વ રહેલું છે. જેમાં દેશભરના રાજ્યો તેમના સાંસ્કૃતિક કલા-વારસાને ટેબ્લોના માધ્યમથી ઉજાગર કરે છે. એ જ રીતે કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો તેમના સબંધિત વિષયોને આવરી લઈને રાષ્ટ્ર સમક્ષ ટેબ્લોની પ્રસ્તુતિ કરે છે.

આ વર્ષના ટેબ્લો માટે ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા - (1) ભારત@75 - સ્વતંત્રતા સંગ્રામ, આઈડિયાઝ @75,




અચિવમેન્ટ્સ @ 75, એક્શન્સ @ 75 અને રિસોલ્વ @ 75; (2) 2023: ઈન્ટરનેશનલ મિલેટ્સ યર અને (3) નારી શક્તિ - એમ ત્રણ થીમ આપવામાં આવી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં ગુજરાતે બિન પરંપરાગત ઊર્જા ક્ષેત્રે સાધેલી સિધ્ધિઓને રાષ્ટ્ર સમક્ષ મૂકવા આ વર્ષે ગુજરાતના ટેબ્લો-ઝાંખીની થીમ "ક્લિન-ગ્રીન ઊર્જાયુક્ત ગુજરાત" પસંદ કરવામાં આવી હતી. દિલ્હીના કર્તવ્ય પથ ખાતે તા. ૨૬મી જાન્યુઆરી,૨૦૨૩ના રોજ પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂ અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ મુખ્ય અતિથિ તરીકે પધારેલા ઈજિપ્તના રાષ્ટ્રપ્રમુખ અબ્દેલ ફત્તાહ અલ સિસી (ABDEL FATTAH EL SISI)ની ઉપસ્થિતિમાં "ક્લિન-ગ્રીન ઊર્જાયુક્ત ગુજરાત"નો ટેબ્લો દબદબાભેર રજૂ થયો હતો. ઉપસ્થિત મહાનુભાવો અને વિશાળ જનમેદનીએ ગુજરાતના ટેબ્લોને હર્ષોલ્લાસથી વધાવ્યો હતો. આ પરેડમાં દેશના ૧૭ રાજ્યો તથા ૬ મંત્રાલયો મળીને કુલ ૨૩ ટેબ્લોની ઝાંખી પ્રસ્તુત કરવામાં આવી હતી.





*૨૬ જાન્યુઆરીના રોજ વિવિધ રાજ્યોની સાંસ્કૃતિક ઝાંખીઓના નિદર્શન બાદ ગુજરાત રાજ્યની ઝાંખીના સૌ કલાકારો, તજજ્ઞ શ્રી પંકજભાઈ મોદી તથા નાયબ માહિતી નિયામક શ્રી સંજય કચોટે રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂની સાથે મુલાકાત કરી હતી.*

સમગ્ર વિશ્વ આજે પરંપરાગત ઊર્જાસ્ત્રોતોની કટોકટીનો સામનો કરી રહ્યું છે, ત્યારે પૃથ્વીના વાતાવરણને શુદ્ધ અને હરિયાળું રાખવા તેમજ UN સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સના અફોર્ડેબલ એન્ડ ક્લિન એનર્જીના લક્ષ્યાંકોને સિદ્ધ કરવા માટે ગુજરાત અગ્રેસર રાજ્યની ભૂમિકા અદા કરી રહ્યું છે. સોલાર






*26 જાન્યુઆરીના રોજ "કર્તવ્યપથ" ઉપર રાષ્ટ્રીય પરેડ અને વિવિધ રાજ્યોની સાંસ્કૃતિક ઝાંખીઓના નિદર્શન પૂર્વે આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીની એક શૃંખલારૂપે તા.25 જાન્યુઆરીના રોજ ગુજરાત રાજ્યની ઝાંખીના સૌ કલાકારોએ વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાને સત્તાવાર મુલાકાત કરી હતી. જ્યાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહ, કેન્દ્રીય આદિજાતિ મંત્રી શ્રી અર્જુન મુંડા, કેન્દ્રીય રક્ષા રાજ્યમંત્રી શ્રી અજય ભટ્ટ, કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી અનુરાગ ઠાકુર તથા અન્ય પદાધિકારીઓએ ગુજરાતના કલાકારોનું મનોબળ વધાર્યું હતું.*

અને વિન્ડ જેવા ક્લિન-ગ્રીન અને પુનઃ પ્રાપ્ય ઊર્જાના સંસાધનોનો ઉપયોગ કરી ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતાની રાહે ગુજરાત આગળ વધી રહ્યું છે.

"ક્લિન-ગ્રીન ઊર્જાયુક્ત ગુજરાત"ના ટેબ્લોના અગ્રભાગમાં ગુજરાતના કચ્છના ખાવડા ખાતે આકાર લઈ રહેલા દુનિયાના સૌથી વિશાળ હાઈબ્રીડ (સોલાર અને વિન્ડ) રિન્યુએબલ એનર્જી પાર્કથી ફેલાતી ખુશહાલી હાઈબ્રીડ રીતે દર્શાવવામાં આવી હતી. જેને કચ્છના ભાતીગળ પહેરવેશ અને બિનપરંપરાગત ઊર્જાથી ચાલતા લેપટોપ લઈને બેસેલા આધુનિક યુવકના માધ્યમથી પ્રસ્તુત કરવામાં આવી હતી.

પૌરાણિક અને વિશ્વ વિખ્યાત ગુજરાતના સૂર્યમંદિરનું સ્થળ મોઢેરા ગામ દેશનું સૌ પ્રથમ 24X7 સોલાર ઊર્જા મેળવતું પ્રથમ ગામ છે. મોઢેરાની BESS (BATTERY ENERGY STORAGE SYSTEM) મારફતે સૌરઊર્જાથી ઉત્પન્ન આત્મનિર્ભરતાની આ સિધ્ધિને ટેબ્લોના પૃષ્ઠભાગમાં દર્શાવવામાં આવી હતી. આ સાથે પીએમ કુસુમ યોજના અંતર્ગત



સોલાર પંપ દ્વારા સિંચાઈ કરતા ખેડૂતો, કેનાલ રૂફટોપથી સૌરઊર્જા ઉત્પાદન અને રોજિંદી જિંદગીમાં સૌરઊર્જાના વપરાશ અને તેના ઉત્પાદનથી આર્થિક ઉપાર્જનથી રાજ્યમાં થયેલી સુખદ ઊર્જાક્રાંતિને પ્રદર્શિત કરવામાં આવી હતી. આ ઉપરાંત, કચ્છના ભાતીગળ પહેરવેશ, ભૂંગા, સફેદ રણ, માટીના કલાત્મક લીંપણ, રણના વાહન ઊંટ તેમજ ગુજરાતની સાંસ્કૃતિક ધરોહર સરીખા રાસ-ગરબાને પણ દર્શાવવામાં આવ્યા હતા.

ટેબ્લોની સમગ્ર કામગીરી અત્યંત સર્જનાત્મક અને કલાત્મક હોય છે, જેને કેન્દ્ર સરકારના રક્ષામંત્રાલયના સીધા માર્ગદર્શન અને નિરીક્ષણ હેઠળ નવી દિલ્હી ખાતે કરવામાં આવે છે. છ મહિના પહેલાં ટેબ્લોની પ્રક્રિયા સંરક્ષણ મંત્રાલય દ્વારા હાથ ધરવામાં આવે છે. તમામ રાજ્યોને પત્ર પાઠવી રાષ્ટ્રીય પરેડમાં તેમના રાજ્યની સંસ્કૃતિક અને સામાજિક વિરાસત સમગ્ર દુનિયા સમક્ષ પ્રસ્તુત કરવાની તક આપવામાં આવે છે. સંરક્ષણ મંત્રાલયના નેજા હેઠળ ૧૨ થી ૧૫ જેટલાં વિવિધ વિષયોના નામાંકિત સભ્યો દ્વારા ડિઝાઈન, મોડેલનું નિરીક્ષણ, સંગીતની પસંદગીની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ અંતે ટેબ્લોના વિષયને માન્ય રાખવામાં આવે છે.

વધુમાં રાષ્ટ્રીય રંગ શાળા કેમ્પ, નવી દિલ્હી ખાતે ટેબ્લોના પુરુષ અને મહિલા કલાકાર વૃંદને રહેવાની સુરક્ષિત વ્યવસ્થા પૂરી પાડવામાં આવે છે. ટેબ્લોના નિર્માણની કામગીરી નવી દિલ્હીમાં રક્ષા મંત્રાલયના વાહન-ટ્રોલી પર કરવામાં આવે છે. વિવિધ કલાકારોની જીવંત પ્રસ્તુતિ અને સંગીત પણ ટેબ્લોનો એક ભાગ હોય છે. કલાકારો ઉચ્ચકક્ષાની સાંસ્કૃતિક કલાની કુશળતા ધરાવતા હોય છે. પ્રજાસત્તાક દિનના પૂર્વે તા. ૧૭ જાન્યુઆરીથી કલાકારોને કર્તવ્ય પથ પર પ્રતિ દિન રિહર્સલ માટે લઈ જવામાં આવે છે. આ રીતે પ્રજાસત્તાકની રાષ્ટ્રીય પરેડમાં ટેબ્લોની સાથે કલાકારો રાજ્યની ઝાંખીને રજૂ કરતાં હોય છે.





કર્તવ્ય પથ પર ઝાંખી રજૂ થયા બાદ નવી દિલ્હી સ્થિત ઝંકાર હોલ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમની સ્પર્ધા યોજાય છે. જેમાં વિવિધ રાજ્યોના કલાકારો રાજ્યની આગવી ઓળખ ધરાવતાં સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરતાં હોય છે. ઉલ્લેખનીય છે કે, આ કલાકારોને પ્રોત્સાહન મળે તે હેતુથી ટ્રોફી પણ એનાયત કરવામાં આવે છે.

આ વર્ષે WWW.**MYGOV**.IN દ્વારા રાષ્ટ્રીય પરેડમાં રજૂ થયેલા ટેબ્લોની શ્રેષ્ઠતા-પસંદગી માટે સમગ્ર દેશના નાગરિકોનો મત જાણવામાં આવ્યો હતો. WWW.**MYGOV**.IN પર દેશની જનતાએ ઓનલાઇન વોટિંગમાં ગુજરાતના ટેબ્લોને સૌથી વધુ મત આપીને "પીપલ્સ ચોઇસ એવોર્ડ" શ્રેણીમાં પ્રથમ ક્રમ ''ક્લિન ગ્રીન ઊર્જાયુક્ત ગુજરાત''ના ટેબ્લોને મળ્યો હતો. આમ, ટેબ્લોની શ્રેષ્ઠતાની પસંદગી પ્રક્રિયામાં દેશના તમામ લોકોની સક્રિય ભાગીદારી રહી હતી.

આ રાષ્ટ્રીય પરેડમાં રજૂ થયેલા વિવિધ રાજ્યોના ટેબ્લો પૈકી ગુજરાતના ટેબ્લોને 'પીપલ્સ ચોઈસ' શ્રેણીમાં પ્રથમ ક્રમ મળ્યો



છે, જે ખૂબ આનંદની વાત છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાતના ટેબ્લોને વિજેતા બનાવવા બદલ સૌ ગુજરાતીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

ગુજરાતને આ સિદ્ધિ મળતા માહિતી પ્રસારણ વિભાગના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ ઔલખે ગુજરાતની જનતાનો આભાર વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે, ગુજરાતને મળેલા એવોર્ડ એ ગુજરાતના પ્રત્યેક નાગરિકની જીત છે. નિરંતર નવું કરી દેશ-દુનિયાને માર્ગ ચીંધતા ગુજરાતે રાજ્યની સાંસ્કૃતિક ધરોહરને પુનઃ પ્રાપ્ય ઊર્જાના વિષય સાથે સાંકળી લઈને આ ઝાંખી દ્વારા સંદેશ આપવાનો પ્રયાસ કર્યો છે.

ગુજરાતના ટેબ્લોને "પીપલ્સ ચોઇસ" એવોર્ડ મળતા માહિતી નિયામક શ્રી આર.કે. મહેતાએ આનંદની લાગણી વ્યક્ત કરતા કહ્યું હતું કે, ગુજરાત એક પ્રગતિશીલ રાજ્યની ઓળખ ધરાવે છે. ગુજરાતની આ સિધ્ધિને કારણે રાષ્ટ્ર અને વૈશ્વિક ફલક પર ગુજરાતનું બહુમાન વધ્યું છે.

ગુજરાતને પ્રથમ ક્રમ પ્રાપ્ત થતાં નવી દિલ્હી ખાતે આયોજિત સમારોહમાં કેન્દ્રીય રક્ષા રાજ્ય મંત્રી શ્રી અજય ભટ્ટે ગુજરાત સરકાર વતી માહિતી પ્રસારણ વિભાગના સચિવ શ્રી અવંતિકા સિંઘ ઔલખ, માહિતી નિયામક શ્રી આર.કે. મહેતા, શ્રી પંકજભાઇ મોદી અને નાયબ માહિતી નિયામક શ્રી સંજય કચોટે આ પ્રતિષ્ઠિત "પીપલ્સ ચોઇસ" એવોર્ડ સ્વીકાર્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ સમગ્ર ટેબ્લોનું નિર્માણ સ્માર્ટ ગ્રાફ આર્ટ એડવર્ટાઇઝીંગ પ્રા.લિ.ના સિદ્ધેશ્વર કાનુગા અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું હતું. ●





# શાંતિ, શૌર્ય અને હરિતના રંગો વચ્ચે પ્રજાસત્તાક પર્વની બોટાદમાં રંગારંગ ઉજવણી..

રાજયમાં રાષ્ટ્રીય પર્વોની ઉજવણી સામાન્ય માનવી સુધી પહોંચાડવા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી ઊજળી પરંપરાની પરિપાટીએ આ વર્ષના ૭૪મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી બોટાદ ખાતે કરવામાં આવી હતી.

દેશની સ્વરાજથી સુરાજ્ય તરફ લઈ જવાની યાત્રાને ૭૩ વર્ષ પૂર્ણ થયાં છે. દેશના અનેક નામી-અનામી શહીદોના રક્તથી સિંચાયેલી ભારતભૂમિ અનેક સારાંનરસાં ઇતિહાસનાં પ્રકરણો પોતાનામાં ધરબીને બેઠી છે. ભારતમાતા અને દેશની મહામૂલી સ્વતંત્રતાનું સ્મરણ કરવાના ૭૪મા ગણતંત્ર દિવસે નાના પણ બેનમૂન એવા બોટાદના પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાષ્ટ્રધ્વજ ફરકાવીને સલામી આપી આ ઉજવણીની શરૂઆત કરાવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે તેમણે પરેડ નિરીક્ષણ કરીને 'મા'ભોમની સ્વતંત્રતા કાજે પોતાનો પ્રાણ ન્યોચ્છાવર કરનાર શહીદોને અંજલિ અર્પી હતી.

ભજન, ભક્તિ અને ભોજનની ત્રિવેણી ધરાવતું બેજોડ બોટાદ સ્વતંત્રતાના આ પાવન અવસરે રાષ્ટ્રભક્તિના રંગે રંગાયું હતું. વતન માટે જીવવા અને મરવા માટેની કટિબદ્ધતા ઉપસ્થિત સૌ ભારતમાતાનાં સંતાનોમાં સહેજે વાંચી શકાય તેવો માહોલ હતો.

રાજ્યના વરિષ્ઠ સનદી અધિકારીઓ સાથે સાથે જાણે સમગ્ર વહીવટી તંત્ર એકાકાર થઈ આ રાષ્ટ્રીય પર્વને માણવા અને ઉજાળવા એકઠું થયું હોય તેવાં હકડેઠઠ માનવમહેરામણ વચ્ચે રાષ્ટ્રભક્તિના રંગો રેલાયેલા હતા. આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિશેષ પહેલ અંતર્ગત મધ્યપ્રદેશની પોલીસ પ્લાટૂને પરેડમાં ભાગ લઈને રાષ્ટ્રીય એકતાના સંદેશને ઉજાગર કર્યો હતો તો ૨૮ વિવિધ પ્લાટૂનના ૯૨૦











## આધ્યાત્મિક ભૂમિ એવું બોટાદ વિકાસની નવી પરિપાટી ઉપર આગળ વધી રહ્યું છે - રાજ્યપાલશ્રી





આ વર્ષે પ્રજાસત્તાક પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી બોટાદ ખાતે કરવામાં આવી. પ્રજાસત્તાક પર્વની પૂર્વસંધ્યાએ બોટાદ ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં ઍટ હોમ કાર્યક્રમ યોજાયો હતો. ઍટ હોમ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યપાલશ્રીએ સૌને ૭૪મા પ્રજાસત્તાક પર્વની શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, રાજ્યની ધરતીના સપૂત અને વિશ્વનેતા એવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે રાષ્ટ્રીય પર્વને જિલ્લામથકોએ યોજવાની નવી પરંપરા સ્થાપી છે, જે પ્રશંસનીય અને અનુકરણીય છે. બોટાદની ધરતી કલા, સાહિત્ય અને સંસ્કૃતિની ધરતી છે. સૌરાષ્ટ્રનો હિસ્સો એવું બોટાદ આજે વિકાસની નવી પરિપાટી ઉપર આગળ વધી રહ્યું છે.

આ કાર્યક્રમમાં પ્રાકૃતિક કૃષિપેદાશોના સ્ટોલ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ સ્ટોલમાં પ્રાકૃતિક ઢબે ઉત્પાદિત કરવામાં આવેલાં શાકભાજી, અનાજ-કઠોળ સહિતની ખેતપેદાશોનું નિદર્શન કરવામાં આવ્યું હતું. પ્રાકૃતિક કૃષિપેદાશોના સ્ટોલનું પ્રદર્શન રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી તેમજ રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત તમામ મહાનુભાવોએ રસપૂર્વક નિહાળ્યું હતું. આ અવસરે બોટાદ જિલ્લાનાં પ્રભારી મંત્રી શ્રી ભાનુબહેન બાબરિયા, સાંસદ શ્રીમતી ભારતીબહેન શિયાળ, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, સનદી અધિકારીઓ, સ્થાનિક ઉદ્યોગપતિઓ, જિલ્લાના અગ્રણી ધાર્મિક-સામાજિક અગ્રણીઓ તેમજ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

જવાનોએ શિસ્તબદ્ધ પરેડ દ્વારા તિરંગાને સલામી આપીને પોતાની શિસ્તબદ્ધતાનાં દર્શન કરાવ્યાં હતાં. ચેતક કમાન્ડોનાં બુલેટપ્રૂફ વાહનોનું નિદર્શન, દિલધડક મોટર સાઇકલ સ્ટંટ શો તેમજ રાજ્યના ગૌરવવંતા શ્વાનદળ તેમજ અશ્વદળના વિવિધ સ્ટંટ્સ સાથેનાં કૌવત અને કૌશલ્યે ઉપસ્થિત સૌનાં મન મોહી લીધાં હતાં.

આ પાવન અવસરે રાજ્ય પોલીસ વિભાગ દ્વારા સંગીતના તાલે લાઠી ડ્રિલ તેમજ મલખમ દ્વારા અદ્વિતીય શૌર્ય અને શક્તિનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ૧૦ કિલોથી વધુ વજન ધરાવતી રાઇફલ્સ સાથે મહિલા પોલીસ કમાન્ડોએ સુંદર કરતબોની પ્રસ્તુતિએ સૌ કોઈને રોમાંચિત કર્યા હતા. મહિલા અને પુરુષ પોલીસ જવાનો દ્વારા ગુજરાત, પંજાબ, રાજસ્થાન સહિતનાં પાંચ રાજ્યોનાં વિવિધ પરંપરાગત નૃત્યની પ્રસ્તુતિ સાથે વીરરસથી ભરપૂર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાયો હતો. ગુજરાત પોલીસ વિભાગ દ્વારા આયોજિત આ સાંસ્કૃતિક કાર્યક્રમે પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં ઉપસ્થિત સૌ કોઈને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

બોટાદ જિલ્લાનું રાણપુર એ રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની કર્મભૂમિ રહી છે. આ ધરતીની ધૂળમાં તેમણે 'ફૂલછાબ'માં કાર્ય કરીને પત્રકારત્વનો પણ અનોખો ઈતિહાસ આલેખ્યો છે. લોકસાહિત્યની રચનાઓ તેમણે આ ધૂળનાં ધાવણ ધાવીને સમાજજીવનને આપી છે. કદાચ આથી જ મહાત્મા ગાંધીજીએ તેમને 'રાષ્ટ્રીય શાયર' તરીકે નવાજ્યા હતા તેવા ઝવેરચંદ મેઘાણીની રચનાઓ રજૂ કરીને શાળાના વિદ્યાર્થીઓએ લોકોની વાહવાહી મેળવી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ બોટાદ જિલ્લા માહિતી કચેરી દ્વારા તૈયાર કરવામાં આવેલી બે પુસ્તિકાનું 'બેજોડ બોટાદ' અને 'બેનમૂન બોટાદ'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

રાજ્યપાલશ્રીના હસ્તે અને મુખ્યમંત્રીશ્રીની વિશેષ ઉપસ્થિતિમાં ઉત્કૃષ્ટ પરેડ કરનાર પ્લાટૂન, મોટરસાઇકલ સ્ટંટ શોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારી એસ.આર.પી. જવાનોની ટીમને તથા ડૉગ શો, અશ્વ શો, પરેડ પ્લાટૂનમાં ઉત્કૃષ્ટ નિદર્શન બદલ પોલીસ જવાનોને સન્માનિત કરાયા હતા.

આ પ્રસંગે વયનિવૃત્ત થઈ રહેલા ગુજરાત પોલીસના અશ્વ - 'શૂન્ય'ને મુખ્યમંત્રી

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે સુંદર આભૂષણ 'ઝૂલ' પહેરાવીને સન્માનપૂર્વક વયનિવૃત્તિ આપવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીએ સહજ અને સરળ ભાવે પરેડમાં સહભાગી થનારા તમામ જવાનો અને વિદ્યાર્થીઓ વચ્ચે જઈને તેમને શુભેચ્છા પાઠવી તેમની સહૃદયતાનો પરિચય કરાવ્યો હતો.

આ પ્રસંગે સાંસદ શ્રી ભારતીબહેન શિયાળ, બોટાદના ધારાસભ્ય શ્રી ઉમેશભાઈ મકવાણા, ગઢડાના ધારાસભ્ય શ્રી શંભુપ્રસાદજી ટૂંડિયા, ધંધૂકાના ધારાસભ્ય શ્રી કાળુભાઈ ડાભી, જંબુસરના ધારાસભ્ય શ્રી ડી. કે. સ્વામી, બોટાદ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ઘનશ્યામભાઈ વીરાણી, રાજ્યના મુખ્ય સચિવશ્રી પંકજકુમાર, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, રાજ્ય પોલીસવડા શ્રી આશિષ ભાટિયા, અધિક મુખ્ય સચિવ શ્રી એ. કે. રાકેશ, યુવા અને સાંસ્કૃતિક વિભાગના અગ્રસચિવ શ્રી અશ્વિનીકુમાર, જિલ્લાના પ્રભારી સચિવ શ્રી સંજીવકુમાર, જિલ્લા કલેક્ટર શ્રી બીજલ શાહ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી પી. ડી. પલસાણા, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી કે. એફ. બળોલિયા સહિત જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના સભ્યો, સરકારના વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીશ્રીઓ, વિવિધ સામાજિક-સ્વૈચ્છિક સંસ્થાના આગેવાનો સહિત મોટી સંખ્યામાં શાળા-કૉલેજોના વિદ્યાર્થીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.





## બોટાદને રૂ. ૨૯૮ કરોડનાં વિકાસકાર્યોની ભેટ આપતાં CM

પ્રજાકલ્યાણને સર્વોપરી ગણીને પ્રજાલક્ષી કાર્યો કરીએ એ જ પ્રજાસત્તાક દિવસની સાર્થક ઉજવણી છે. ગુજરાત વિકાસનાં નિતનવાં શિખરો હાંસલ કરી રહ્યું છે. પ્રજાસત્તાક પર્વના ઉપલક્ષમાં બોટાદ જિલ્લામાં વિવિધ ક્ષેત્રે રૂ. ૨૯૮ કરોડના વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ આ જ વિકાસક્રમનું ઉદાહરણ છે. બોટાદમાં વિકાસકાર્યોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજયમાં શિક્ષણ સ્વાસ્થ્ય અને સુરક્ષા, આ ત્રણેય ક્ષેત્રોનો મજબૂત પાયો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આપણે નાખ્યો છે. વિકાસની આ પરંપરાને વર્તમાન રાજય સરકારે પણ આગળ ધપાવી છે.

૭૪મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે બોટાદ

## બોટાદના શ્રેષ્ઠીઓ-સંસ્થાઓનું સન્માન

બોટાદમાં યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમ દરમિયાન વિવિધ ક્ષેત્રે સરાહનીય કામગીરી કરનારા જિલ્લાના શ્રેષ્ઠીઓ-સામાજિક સંસ્થાઓનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સન્માન કર્યું હતું.



આ સન્માનિત વ્યક્તિ-મહાનુભાવોમાં જિલ્લાના સામાજિક કાર્યકર અને ઉદ્યોગપતિ શ્રી મથુરભાઈ સવાણી, રાણપુરમાં બેરિંગ્સનું ઉત્પાદન કરતાં ઉદ્યોગપતિ શ્રી ભૂપેન્દ્રકુમાર મકવાણા, શ્રી મીતેનકુમાર મકવાણા, હીરાઉદ્યોગ સાથે સંકળાયેલા શ્રી લાલજીભાઈ અણઘણ, સૌરાષ્ટ્રના આરોગ્ય સંત તરીકે ઓળખાતા ડૉ. જી. વી. કળથિયા, જીનિંગ ક્ષેત્રે સંકળાયેલા શ્રી નારણભાઈ કાનેટિયા, શિક્ષણ-સામાજિક ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર શ્રી ઓધવજીભાઈ મોણપરા, ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનનાં મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પિનાકિભાઈ મેઘાણી, પથરી રોગના નિષ્ણાત ડૉ. જિજ્ઞેશ હડિયલ, હીરાઉદ્યોગ અને સમાજસેવા ક્ષેત્રે સંકળાયેલા શ્રી જીવરાજભાઈ ગાબાણી, રાણપુરના ઉદ્યોગપતિ શ્રી કૌશરભાઈ ખલ્યાણી, ગુજરાતના પ્રસિદ્ધ લોકગાયક શ્રી અભેસિંહ રાઠોડ, હીરાઉદ્યોગ તથા પાણી ક્ષેત્રે સંકળાયેલા સમાજસેવી શ્રી નરસિંહભાઈ ગઢિયા, ગઢડા તાલુકામાં સામાજિક, ધાર્મિક અને આરોગ્ય ક્ષેત્રે સેવારત શ્રી પ્રવીણભાઈ કાકડિયા, આરોગ્ય, શિક્ષણ અને સામાજિક ક્ષેત્રે યોગદાન આપનાર શ્રી બાબુભાઈ રાજપરા, બોટાદના ઉદ્યોગપતિ શ્રી વેલજીભાઈ શેટા, સેવાકાર્ય સાથે સંકળાયેલા શ્રી પ્રાગજીભાઈ, જીનિંગ મિલ સાથે સંકળાયેલા તથા ગ્રામીણ ક્ષેત્રે રોજગારીનું સર્જન કરનાર શ્રી અશોકભાઈ જોધાણી, બરવાળાના જીવદયાપ્રેમી અને પર્યાવરણ રક્ષણ માટે કાર્યરત શ્રી હરેશભાઈ સાકરીયાનો સમાવેશ થાય છે.

જિલ્લામાં વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા બાદ જનમેદનીને સંબોધતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, સંતો અને કવિઓની ભૂમિ બોટાદ પણ હવે વિકાસના નકશામાં ઊભરી રહ્યું છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવું સફળ નેતૃત્વ આપણને સાંપડ્યું છે એ આપણું ગૌરવ તો છે જ, પરંતુ તેઓ વૈશ્વિક ઓળખ પણ પામ્યા છે. વિકસિત દેશોમાં રોજગારીની સમસ્યા વકરી રહી છે તેની સામે ભારતમાં રોજગારી વધી રહી છે. બોટાદમાં બનનાર સ્પોર્ટ્સ સંકુલ આવી ઘણી નવી તકોનું સર્જન કરશે, એવો આશાવાદ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે કેન્દ્રીય આયુષ રાજ્ય મંત્રી શ્રી ડૉ. મહેન્દ્રભાઈ મુંજપરાએ જણાવ્યું હતું કે, ધર્મ અને આસ્થાના કેન્દ્રસમાન બોટાદ જિલ્લામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અનેક વિકાસકાર્યોની ભેટ આપીને બોટાદને વિકાસના માર્ગે અગ્રેસર બનાવવાનો પાયો નાખ્યો છે. 'સાંસદ આદર્શ ગ્રામ યોજના' વિશે જણાવતાં તેમણે જણાવ્યું હતું કે, છેવાડાના માનવીને વિકાસની મુખ્ય ધારામાં સહભાગી બનાવીને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના નિર્માણનું માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન છે, જેને સાકાર કરવાના ઉદ્દેશ સાથે અમલમાં મુકાયેલી અનેકવિધ જનકલ્યાણકારી યોજનાઓ પૈકીની એક યોજના 'સાંસદ આદર્શ ગ્રામ યોજના' છે. આ યોજના અંતર્ગત બોટાદ જિલ્લાના બરવાળા તાલુકાનું જૂના નાવડા ગામ 'આદર્શ ગામ'ની પરિભાષા સાકાર કરી રહ્યું છે.

વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળની વિવિધ યોજનાઓ અંતર્ગત જૂના નાવડા ગામમાં રૂ. ૧૦૫ લાખના ખર્ચે કુલ ૪૪ વિકાસકાર્યો મંજૂર કરવામાં આવ્યાં છે. જૂના નાવડા ગામને જિલ્લાનું આદર્શ ગામ બનાવવા અને 'ગ્રામ સમૃદ્ધ, રાષ્ટ્ર સમૃદ્ધ'ના ધ્યેયને સિદ્ધ કરવાના લક્ષ્યાંક સાથે ગામનો 'વિલેજ ડેવલપમેન્ટ પ્લાન' પણ નિર્માણ હેઠળ છે.

આ તકે જિલ્લા કલેક્ટર શ્રી બીજલ શાહે જણાવ્યું હતું કે, વહીવટી તંત્ર બોટાદ જિલ્લાની ૭.૫ લાખની જનતા માટે યોજનાકીય લાભો પહોંચાડવા સતત તત્પર છે. વર્ષ-૨૦૨૨માં ૭૦૦ દિવ્યાંગોને પ્રમાણપત્ર એનાયત કરાયાં હતાં, જ્યારે જાન્યુઆરી માસના ૨૪ દિવસમાં ૩૪૯ દિવ્યાંગોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં છે. આ ઉપરાંત વારસાઈ નોંધોમાં પણ ગયા વર્ષે ૧૬૧૪ નોંધો લેવાઈ હતી ત્યારે જાન્યુઆરી માસના ૨૪ દિવસમાં સુઓમોટો વારસાઈ ઝુંબેશ હેઠળ ૫૮૭ નોંધો પાડવામાં આવી છે.

## બોટાદવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું આધુનિક હથિયારોનું પ્રદર્શન



રાજ્યકક્ષાના પ્રજાસત્તાક પર્વ નિમિત્તે બોટાદ જિલ્લા પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલા આધુનિક હથિયારોના પ્રદર્શનને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ખુલ્લું મૂક્યું હતું. આ પ્રદર્શનમાં ગુજરાત પોલીસના તમામ આધુનિક હથિયારોથી સુસજ્જ એવા ચેતક કમાન્ડો દ્વારા ઉપયોગમાં લેવાતાં વાહનો, બૉમ્બ ડિસ્પોસલ સ્ક્વૉડની બુલેટપ્રૂફ ગાડી, રાઇફલ, ૩૬૦ ડિગ્રી રોટેશન ધરાવતા સીસીટીવી કૅમેરા, બૉડીવોર્ન કૅમેરા, ડ્રૉન કૅમેરા પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આ પ્રદર્શન સ્થાનિક લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

આ અત્યાધુનિક હથિયારોથી સજ્જ પ્રદર્શનમાં ૩૬૦ ડિગ્રી વર્ચ્યુઅલ રિયાલિટી એક્સપિરિયન્સ આપતો ગુજરાતનો સૌપ્રથમ અને નવીનતમ પ્રોજેક્ટ 'વી. આર. સફર' પણ મૂક્યો હતો. આ વી. આર. સફરમાં સામાન્ય લોકોને પ્રદર્શનમાં જ એક સ્થાન પર ઊભા રહીને બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીની અંદર પહોંચી ગયા હોય તેવો જીવંત અનુભવ થશે. આ નવીનતમ પ્રોજેક્ટ થકી સામાન્ય નાગરિકોને પણ પોલીસ અધિક્ષકશ્રીની કચેરીથી વાકેફ કરવાનો ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત, પ્રદર્શનમાં બોટાદ જિલ્લા પોલીસ દ્વારા કાર્યરત સંવેદનશીલ અભિયાનોને પણ પ્રદર્શિત કરવામાં આવ્યા હતાં. બોટાદના નાગરિકોને દાદા-દાદીના દોસ્ત, સંવેદના અભિયાન સહિતના જિલ્લા પોલીસ વિભાગનાં લોકોપયોગી કાર્યોની ઝાંખી રજૂ કરાઈ હતી.



## પ્રજાસત્તાક પર્વ નિમિત્તે બોટાદને મળી વિશેષ ભેટ



૭૪મું પ્રજાસત્તાક પર્વ બોટાદ માટે વિકાસની સોગાત લઈને આવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પર્વની પૂર્વસંધ્યાએ યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં બોટાદ જિલ્લાને વિશેષ ભેટ આપી હતી. રાજ્ય કક્ષાની ઉજવણીના યજમાન બોટાદ જિલ્લાના સર્વગ્રાહી વિકાસ માટે રાજ્ય સરકારે રૂ. ૫ કરોડ આપવાનો નિર્ણય કર્યો છે. રૂ. ૨.૫ જિલ્લાની નગરપાલિકાઓ દ્વારા નગરોનાં વિકાસકામો માટે જિલ્લા કલેક્ટરને ફાળવાશે. ગ્રામપંચાયતો-ગ્રામીણ વિસ્તારોનાં વિકાસકામો માટે અઢી કરોડ રૂપિયા જિલ્લા વિકાસ અધિકારીને ફાળવાશે.

બોટાદ જિલ્લામાં લોકોને આધુનિક આરોગ્ય સારવાર સેવા માટે દૂર સુધી જવું ન પડે તેની પૂરતી ચિંતા સરકારે કરી છે. હાલ અહીં પચાસ બેડની જિલ્લા હૉસ્પિટલ કાર્યરત છે, તેની સાથે નવી હૉસ્પિટલ અને નવી મેડિકલ કૉલેજ સ્થાપવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. અહીં મેડિકલ કૉલેજ શરૂ થવાથી આવનારા દિવસોમાં બોટાદના વિદ્યાર્થીઓને બોટાદમાં જ મેડિકલ એજ્યુકેશન મળશે. આ હૉસ્પિટલ અને મેડિકલ કૉલેજની સ્થાપનાની કામગીરી પણ ટૂંક સમયમાં શરૂ થઈ જશે.

આ ઉપરાંત, મુખ્યમંત્રીશ્રીએ બોટાદ શહેર માટે રિવાઈઝ્ડ ડેવલપમેન્ટ પ્લાનને મંજૂરી આપવાની જાહેરાત કરી હતી. ૨૦૩૧માં બોટાદ નગરની વસ્તી અને વિકાસની સંભાવના તથા અંદાજો ધ્યાનમાં લઈને આ ડી.પી.નું આયોજન કરાયું છે. ૩,૭૪૦ હેક્ટરની આ ડી.પી.માં આવાસો-મકાનો બાંધવા માટે ૨૫૦૦ હેક્ટર જમીન, જાહેર હેતુ માટે ૩૩૦ હેક્ટર જમીન અને ભવિષ્યના ઔદ્યોગિક વિકાસની જરૂરિયાત માટે ૧૨૭ હેક્ટર જમીન નિયત કરી છે.

બોટાદ શહેરમાં ભવિષ્યમાં ટ્રાફિકની સમસ્યા ન ઊભી થાય તે માટે અમદાવાદની જેમ જ ૪૦ મીટરનો રિંગ રોડ બોટાદ શહેર ફરતે સૂચવાયો છે. રિંગ રોડની બન્ને સાઇડ રેસિડેન્સિયલ ઝોન સૂચવ્યો છે, જેથી રોડની હદથી ૨૦૦ મીટર વિકસિત ઝોનમાં ૪ સુધીની FSI મળશે. નાના અને મધ્યમ વર્ગને પોષાય તેવા દરે મકાનો પણ આનાથી ઉપલબ્ધ થશે. ●

## 'ધન્ય ધરા બોટાદ' કાર્યક્રમે નાગરિકોને કર્યાં મંત્રમુગ્ધ

*ધર્મ, આસ્થા અને સાહિત્યના ત્રિવેણી સંગમ એવા બોટાદના આંગણે રાજ્યકક્ષાના ૭૪મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંતર્ગત પ્રજાસત્તાક પર્વની પૂર્વસંધ્યાએ બોટાદના ધાર્મિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક વારસાને ઉજાગર કરતો 'ધન્ય ધરા બોટાદ' સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં ૨૨૫ કલાકારોએ બોટાદના ભવ્ય વારસાને સ્ટેજ પર આબેહૂબ જીવંત કરીને પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યાં હતા.*

*G-20 કાર્યક્રમ અંતર્ગત 'વસુધૈવ કુટુમ્બકમ' સૂત્ર સાથેનું સ્વાગત ગીત, બોટાદની શાન એવા ટાવર ચોક અને ઘડિયાળનાં પાત્રો આધારિત વર્ણન, બોટાદ ગીત, પાંડવ - ભીમનાથ કૃતિ, ખોડિયાર ગરબો, ગઢડા - એભલ ખાચર કૃતિ, કષ્ટભંજન દેવ અને હનુમાનચાલીસા કૃતિઓ, મેઘાણી કોર્ટ એપિસોડ, મીઠે નર ફાટે અને જનનીની જોડ જેવી દૃશ્ય-શ્રાવ્ય કૃતિઓથી ભરેલા આ કાર્યક્રમે બોટાદવાસીઓને બોટાદના ભવ્ય ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ધાર્મિક વારસાથી અવગત કરાવ્યા હતા.* ●



# પ્રજાસત્તાક પર્વની આન, બાન, શાન સાથે ઉજવણી

***સમગ્ર ગુજરાતમાં આન, બાન અને શાન સાથે પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઈ હતી, જેની આછેરી ઝલક અત્રે પ્રસ્તુત છે.***

## ગુજરાત હાઈકોર્ટ



અમદાવાદ સ્થિત ગુજરાત હાઈકોર્ટના પ્રાંગણમાં મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી અરવિંદકુમારે પ્રજાસત્તાક દિન પ્રસંગે રાષ્ટ્રધ્વજ ફરકાવી તિરંગાને સલામી અર્પી હતી. ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિશ્રીઓ, નિવૃત્ત ન્યાયમૂર્તિશ્રીઓ, ઍડવોકેટ જનરલ, ઍડિશનલ ઍડવોકેટ જનરલ, સરકારી વકીલ, ન્યાયિક અધિકારીઓ, વકીલો તેમજ કર્મચારીઓ પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં સામેલ થયા હતા.

## સુરત



સુરતમાં આન, બાન અને શાનથી પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં કરાઈ હતી. મંત્રીશ્રીએ ધ્વજવંદન કરી માર્ચ પાસ્ટનું નિરીક્ષણ કર્યું હતું તેમજ નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું.

આ અવસરે ચોર્યાસીના ધારાસભ્ય શ્રી સંદીપભાઈ દેસાઈ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભાવેશભાઈ પટેલ, સુરત શહેર પોલીસ કમિશનર શ્રી અજયકુમાર તોમર, વિવિધ વિભાગના અધિકારીઓ, કર્મયોગીઓ, પોલીસ જવાનો, સિનિયર સિટિઝન, વિદ્યાર્થીઓ સહિત ક્રિભકો કંપનીના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અમદાવાદ

આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે ૭૪મા પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે અમદાવાદના શાહીબાગ પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં રાષ્ટ્રધ્વજ



લહેરાવી આન-બાન-શાન સાથે સલામી અર્પી હતી. મંત્રીશ્રીએ ૭૪મા પ્રજાસત્તાક પર્વની સૌને શુભકામનાઓ પાઠવતાં શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સબળ, સશક્ત અને દીર્ઘદૃષ્ટિપૂર્ણ નેતૃત્વના પરિણામે વિશ્વભરમાં ભારતનો ડંકો વાગી રહ્યો છે. અનેક કીર્તિમાનો સ્થાપી આપણો દેશ સુરાજ્યની દિશામાં દૃઢતાપૂર્વક આગળ વધી રહ્યો છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા 'સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ' મંત્રને મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળની ટીમે સાચા અર્થમાં ચરિતાર્થ કર્યો છે. ગુજરાતે કૃષિ, ઉદ્યોગ અને સેવા ત્રણેય ક્ષેત્રોમાં દેશભરમાં ઊડીને આંખે વળગે તેવી વિકાસની નૂતન કેડી કંડારી છે. આ પ્રસંગે સાંસદ સભ્યશ્રીઓ, સર્વે ધારાસભ્યોશ્રીઓ, જિલ્લા કલેક્ટર શ્રી ડૉ. ધવલ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ ધામેલિયા, અમદાવાદ પોલીસ કમિશનરશ્રી તથા નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## જૂનાગઢ



જૂનાગઢ જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલની ઉપસ્થિતિમાં વંથલી ખાતે કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ ધ્વજવંદન કરી નાગરિકોને સંબોધતાં જણાવ્યું હતું કે, ગુજરાતના ખૂણેખૂણાના વિકાસ માટે રાજ્ય સરકાર પુરુષાર્થ કરી રહી છે. આ પ્રસંગે ધારાસભ્યશ્રીઓ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બનાસકાંઠા



બનાસકાંઠાના ડીસામાં જિલ્લા કક્ષાના ૭૪મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે ઉદ્યોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર વિભાગના મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વિશ્વની સર્વશ્રેષ્ઠ લોકશાહી ધરાવતા આપણા ભારતદેશમાં ગામના સરપંચથી લઈ વડાપ્રધાનપદ સુધી લોકોના સીધા પ્રતિનિધિઓ બિરાજમાન છે એ આપણી મહાન લોકશાહીની દેણ છે ત્યારે કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના આધુનિક ભારતના નિર્માણમાં બંધારણની સંકલ્પનાને સાકાર કરવા આપણે સૌ કટિબદ્ધ બનીએ.



## ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં ૭૪મા પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી માણસા ખાતે જળસંપત્તિ અને પાણીપુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. ગાંધીનગર તાલુકાના મોટી આદરજ ગામ ખાતે તાજેતરમાં જ રૂ. ૧ કરોડથી વધુના ખર્ચે હેલ્થ ઍન્ડ વેલનેસ સેન્ટરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. કલોલ ખાતે કામદાર વીમા યોજના અંતર્ગત સંચાલિત ૧૫૦ બેડની હૉસ્પિટલનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે.



## જામનગર

રાજ્યના પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વનપર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ વિભાગના મંત્રી શ્રી મૂળુભાઈ બેરાના અધ્યક્ષસ્થાને જામનગર જિલ્લા કક્ષાના ૭૪મા પ્રજાસતાક પર્વની ઉજવણી ધ્રોલના ભૂચરમોરી ખાતે કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આઝાદીની લડતમાં મહામૂલું પ્રદાન કરનારા સ્વાતંત્ર્યસેનાનીઓ, પૂજ્ય મહાત્મા ગાંધી અને સરદાર પટેલ જેવા નેતાઓ અને અનેક લોકોનાં બલિદાનો પછી આપણને આઝાદી પ્રાપ્ત થઈ છે.

જામનગર જિલ્લાના વિકાસ માટે મંત્રીશ્રીના હસ્તે રૂ. ૨૫ લાખનો ચેક કલેક્ટરશ્રીને અર્પણ કરવામાં આવ્યો હતો.

## દાહોદ

દાહોદના ગરબાડામાં ૭૪મા પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની શાનદાર ઉજવણી અવસરે આદિજાતિ વિકાસ અને શિક્ષણમંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરે ગર્વભેર ત્રિરંગાને ફરકાવી સલામી આપી હતી. શિક્ષણમંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું કે, રાજ્ય સરકાર કૃષિ, ઉદ્યોગ અને સેવાનાં ત્રણે ક્ષેત્રોમાં



સમતોલન સાથે વિકાસ કરવામાં સફળ રહી છે. રાજ્યના સમગ્ર વિકાસ માટે આ ત્રણે ક્ષેત્રોનો વિકાસ થાય એ જરૂરી છે. આ વેળા સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોર, ધારાસભ્ય સર્વશ્રી મહેન્દ્રભાઈ ભાભોર, શૈલેશભાઈ ભાભોર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ભાવનગર

ભાવનગરના તળાજામાં જિલ્લા કક્ષાના ૭૪મા પ્રજાસત્તાક દિવસે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરિયાએ રાષ્ટ્રગીતના સમૂહગાન વચ્ચે ત્રિરંગો લહેરાવ્યો હતો. મંત્રીશ્રીએ તળાજા તાલુકાના વિકાસ માટે રૂ. ૨૫ લાખનો ચેક કલેક્ટર શ્રી ડી. કે. પારેખને અર્પણ કર્યો હતો. તેમણે વિવિધ વિભાગોના કર્મયોગીઓનું શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માન કર્યું હતું. પ્રજાસત્તાક પર્વ દરમિયાન શાનદાર પરેડ કરવામાં આવી હતી.





## વડોદરા

વડોદરા જિલ્લાના કરજણ ખાતે શાહ એન. બી. સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે ૭૪મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી બાદ મંત્રીશ્રીએ પરેડનું નિરીક્ષણ કરી સલામી ઝીલી હતી. આ દરમિયાન શ્રી સંઘવીએ હાજર લોકોનું અભિવાદન પણ ઝીલ્યું હતું. પરેડની માર્ચ પાસ્ટ બાદ ૧૦ જેટલા વિવિધ ટેબ્લો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા, જેમાં સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને ગુજરાતના વિકાસની ઝાંખી કરાવાઈ હતી.

## મહેસાણા



મહેસાણા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી અને રાજ્યના સહકારમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં મહેસાણા જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની શ્રૃંખલામાં ઉજવણી કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ પરેડ કમાન્ડરશ્રીના નેતૃત્વમાં પરેડની સલામી ઝીલી વિવિધ પોલીસદળની પરેડનું નિરીક્ષણ કર્યું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં રાષ્ટ્ર આજે ત્રીજી મહાસત્તા તરીકે ઊભરી આવ્યું છે. દૃઢ રાજકીય ઇચ્છાશક્તિ, સાતત્યપૂર્ણ નેતૃત્વ અને જનશક્તિના સાક્ષાત્કારના ત્રિવેણી સંગમથી વિકાસનાં નવતર સોપાનો દેશ સર કરી રહ્યો છે.



## અમરેલી

અમરેલી જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક દિનની ઉજવણી મત્સ્ય અને પશુપાલન રાજ્યમંત્રી શ્રી પરષોત્તમભાઈ સોલંકીના અધ્યક્ષસ્થાને લાઠીમાં કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારતનું નામ વિશ્વભરમાં ગુંજતું કરનાર ગુજરાતના પનોતાપુત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતની વિકાસગાથાને નવા આયામો સુધી પહોંચાડી છે.

## ખેડા



ખેડાના ગળતેશ્વરના થર્મલ પાવર સ્ટેશનમાં જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં પંચાયત અને કૃષિ મંત્રી શ્રી બચુભાઈ ખાબડે રાષ્ટ્રધ્વજ ફરકાવી ભારતની ચારે દિશામાં ઉન્નતિ થાય તેવી પ્રાર્થના કરી શહીદોને શ્રદ્ધાંજલિ આપવા સાથે નાગરિકોને શુભેચ્છા પાઠવી હતી. મંત્રીશ્રીએ G-20 સમિટની વાત કરતાં જણાવ્યું હતું કે, G-20 સમિટ જેવા આયોજન થકી ગુજરાતમાં વિદેશો દ્વારા મૂડીરોકાણ થશે તેમજ આ સમિટ ગુજરાતના વિકાસને વિશ્વ સામે રજૂ કરશે. જિલ્લાનાં વિકાસનાં કામોને વધુ વેગવંતા બનાવવા માટે મંત્રીશ્રી દ્વારા કલેક્ટર શ્રી કે. એલ. બચાણીને ૨૫ લાખનો ચેક આપવામાં આવ્યો હતો.

## વલસાડ

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના નાનાપોંઢા ખાતે રાજ્ય કક્ષાના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણીપુરવઠા રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ દ્વારા જિલ્લા કક્ષાના ૭૪મા પ્રજાસત્તાક પર્વે દેશની આન, બાન અને શાનસમા તિરંગાને સલામી આપી ઉજવણી કરવામાં આવી હતી.



પ્રશંસનીય કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ, સેવાભાવી સંસ્થા, રમતગમતમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ખેલાડીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કપરાડા તાલુકાના વિકાસનાં કામ માટે રૂ. ૨૫ લાખનો ચેક કલેક્ટરને અર્પણ કરવામાં આવ્યો હતો.

## ભુજ

૭૪મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી ભુજના 'સ્મૃતિવન' ખાતે પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ રાજયમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી.

દેશના સ્વાતંત્ર્યવીરો અને શહીદોને આ પર્વે વંદન કરીને મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કચ્છીમાડુઓએ વિષમ પરિસ્થિતિ છતાં હંમેશાં ખમીર દર્શાવીને આખા વિશ્વમાં પોતાનો ડંકો વગાડ્યો છે.





## સાબરકાંઠા

સાબરકાંઠામાં જિલ્લા કક્ષાના ૭૪મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી વડાલીમાં અન્ન અને નાગરિક પુરવઠા, સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્યમંત્રી શ્રી ભીખુસિંહજી પરમારની ઉપસ્થિતિમાં કરાઈ હતી. દેશના સ્વાતંત્રવીરોનાં ચરણોમાં વંદન કરી પ્રજાસત્તાક પર્વની શુભકામનાઓ પાઠવતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આપણો દેશ મહાસત્તા તરીકે ઊભરી રહ્યો છે, જેની પાછળ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સબળ અને દીર્ઘદૃષ્ટિપૂર્ણ નેતૃત્વ છે.



## ભરૂચ

ભરૂચમાં જિલ્લાકક્ષાનું પ્રજાસત્તાક પર્વ 'નૅશન ફર્સ્ટ, ઑલવેઝ ફર્સ્ટ'ની થીમ સાથે આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિની પ્રેરક ઉપસ્થિતિમાં ઊજવાયું હતું.

મંત્રીશ્રીએ ભરૂચ નગરને જન્મદિનની શુભકામનાઓ આપતાં જણાવ્યું હતું કે, યોગાનુયોગ વસંતપંચમીના પર્વ સાથે રાષ્ટ્રીય પર્વ પણ છે. ત્રિવેણી સંગમના આ શુભદિને ભૃગુઋષિએ વસાવેલી ભરૂચની ધરતીના પનોતાપુત્ર સંગીતસમ્રાટ પંડિત ઓમકારનાથ, કનૈયાલાલ મુનશીને યાદ કરી પાવન ધરાને વંદન કર્યા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્યો, પદાધિકારીઓ-અધિકારીઓ, નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

### ગુજરાતના કલા-સંસ્કૃતિ વારસાથી પ્રભાવિત થતાં વિદેશી મહાનુભાવો

# B20 સમિટમાં વિશ્વના નેતાઓ દ્વારા વૈશ્વિક પ્રશ્નોનું ગુજરાતના આંગણે મનોમંથન




ભારત વિશ્વમાં વસ્તીની દૃષ્ટિએ સૌથી વિશાળ અને મજબૂત લોકશાહી ધરાવતો દેશ છે. વિશ્વમાં સૌથી વધુ યુવાધન ભારત પાસે છે. આજે જ્યારે વૈશ્વિક રીતે બુદ્ધિમંત અને વિચારશીલ માનવસંશાધનની જરૂર પડે છે ત્યારે સમગ્ર વિશ્વ ભારત તરફ મીટ માંડી બેઠું છે. ભારત આજે પાંચ ટ્રિલિયન ડૉલરની ઈકોનોમી બનવાની દિશામાં અગ્રેસર બનીને, આર્થિક મહાસત્તા બન્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ વૈશ્વિક નેતૃત્વ લેવા સક્ષમ બન્યો છે અને ભારત સાથે ભાગીદારી અને મધ્યસ્થી કરવા માટે વિશ્વના અગ્રિમ દેશો આગળ આવી રહ્યા છે. વિશ્વના મહત્ત્વના સંગઠન G-20નું પ્રમુખપદ ભારતને એવા સમયે સોંપવામાં આવ્યું છે, જ્યારે વિશ્વ ભૌગોલિક રાજકીય તનાવ, આર્થિક મંદી, વધતી જતી ખાદ્ય અને ઊર્જાના ભાવો અને રોગચાળાની લાંબા ગાળાની ખરાબ અસરોથી ઝઝૂમી રહ્યું છે. આવા સમયે દુનિયા G-20 તરફ આશાની નજરે જોઈ રહી છે.

ભારત ઊભરતી મહાસત્તા તરીકે જ્યારે G-20નું પ્રમુખપદ સંભાળી રહ્યું છે ત્યારે દેશ સમાવિષ્ટ, મહત્ત્વાકાંક્ષી નિર્ણયો લઈને માત્ર G-20નું નહીં, પરંતુ વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં આગેવાની લેવા સક્ષમ છે. ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતની શક્તિનો વિશ્વના દેશો સ્વીકાર કરતા થયા છે તેનો બોલતો પુરાવો છે ભારતની અધ્યક્ષતામાં આયોજિત G-20 સમિટ-2023. તાજેતરમાં ગુજરાતના આંગણે વિશ્વના નેતાઓની ઉપસ્થિતિમાં G-20 અંતર્ગત B-20 સમિટ યોજાઈ હતી, જેમાં વિવિધ વિષયો પર ચર્ચાસત્રો તથા પરિસંવાદો યોજાયાં હતાં. આ ચર્ચાસત્રો-પરિસંવાદમાં ઉપસ્થિત નેતાઓએ વિશ્વમાં પ્રવર્તી રહેલા પ્રશ્નોનું સમાધાન શોધવાનો પ્રયાસ કર્યો હતો. આજે જ્યારે વિશ્વ યુદ્ધગ્રસ્ત સ્થિતિમાં શાંતિ કેવી રીતે સ્થાપી શકાય તેવા મૂલ્યોની શોધમાં છે, ત્યારે ગાંધીનગર આવેલા આ મહાનુભાવોએ દાંડી કુટીરની મુલાકાત લઈને શાંતિદૂત એવા પૂજ્ય ગાંધીજીના જીવન-કવન વિશેની જાણકારી મેળવી હતી.

'વસુધૈવ કુટુંબકમ્ - એક ધરતી, એક પરિવાર - એક ભવિષ્ય'ના વિષયવસ્તુ સાથેની આ G-20 સમિટથી વડાપ્રધાનશ્રીએ વિશ્વસમુદાયને ભારતીય સંસ્કૃતિ અને સદાચારનો પરિચય કરાવ્યો છે. શહેરી ક્ષેત્ર હોય કે ગ્રામીણ, આપણે એક પરિવારભાવથી

> ભારતના વિકાસ માટે ચાર 'I' મહત્ત્વપૂર્ણ છે, જેમાં ઇન્ફ્રાસ્ટ્રકચરમાં ઇન્વેસ્ટમેન્ટ, ઇન્ટિગ્રિટી, ઇન્ક્લુઝિવ ડેવલપમેન્ટ અને ઇન્ટરનૅશનલ આઉટલુકનો સમાવેશ થાય છે.
>
> **- કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલ**

> ભારતે તેની કેટલીક મહત્ત્વની સમસ્યાઓના ઉકેલ માટે ચાર અભિગમો અપનાવ્યા છે, જેમાં આર્થિક વ્યવસ્થાપન, ડિજિટલ અર્થતંત્ર, ડિજિટલ અર્થતંત્રમાં નિયમન અને નવી ટેક્નોલૉજીનો સમાવેશ થાય છે.
>
> **- કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ**

સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રને લઈને વિકાસના રાહે આગળ વધી રહ્યા છીએ તેની પ્રતીતિ સમગ્ર વિશ્વને થશે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભારતની G-20 પ્રેસિડન્સી સત્તાવાર રીતે તા. 1 ડિસેમ્બર, 2022થી શરૂ થઈ છે.

ગુજરાત પણ શ્રેણીબદ્ધ ચર્ચાઓ, વિચાર-વિમર્શ અને બેઠકોનું આયોજન કરીને તેની મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. ગુજરાતમાં યોજાનારી 15 ઈવેન્ટ્સની યાદીમાં પ્રથમ- બિઝનેસ- 20 (B-20) ઈન્સેપ્શન મીટિંગ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાઈ હતી, જેમાં જાણીતા વક્તાઓએ વક્તવ્ય આપ્યુ હતુ.

આ ઈવેન્ટ બાદ B-20 ઈન્ડિયા પ્રાયોરિટીઝ પર સ્પેશિયલ પ્લેનરી યોજાઈ હતી, B-20 ઈન્ડિયાના અધ્યક્ષ તેમજ ટાટા સન્સના ચૅરમૅન શ્રી એન. ચંદ્રશેખરન, G-20 માટે ભારતના શેરપા શ્રી અમિતાભ કાંત, અને ભારત સરકારના પ્રમોશન ઑફ ઇન્ડસ્ટ્રી અને ઈન્ટર્નલ ટ્રેડ વિભાગના સેક્રેટરી શ્રી અનુરાગ જૈન, બજાજ ફાઈનસર્વના ચૅરમૅન અને એમડી શ્રી સંજીવ બજાજ સાથે જ OECD ખાતે બિઝનેસના ચૅરમૅન શ્રી ચાર્લ્સ રિક જ્હોનસ્ટોન, માસ્ટરકાર્ડના વાઈસ ચૅરમૅન અને પ્રેસિડન્ટ શ્રી માઈકલ ફ્રોમન ઉપસ્થિત રહ્યા હતા.

અન્ય વક્તાઓમાં એમેઝોન વેબ સર્વિસીસના વડા સુશ્રી ક્વિન્ટ સિમોન, નૅશનલ યુનિવર્સિટી ઑફ સિંગાપોરના સિનિયર રિસર્ચ ફેલો અને રિસર્ચ લીડ્સ ડો. અમિતેંદુ પલિત, HSBC ગ્રુપ ચૅરમૅનના વરિષ્ઠ સલાહકાર લોર્ડ ઉડની-લિસ્ટર ઑફ વર્ડ્સવર્થ, HCL ટેક્નોલોજીસ લિ.ના ચેરપર્સન સુશ્રી રોશની નાદાર, સેઇડ બિઝનેસ સ્કૂલ, ઓક્સફર્ડ યુનિવર્સિટીના ડીન પ્રોફેસર સૌમિત્ર દત્તા અને અન્યનો સમાવેશ થાય છે.

### વિવિધ ક્ષેત્રો અને વૈશ્વિક પ્રાસંગિકતાના વિષયો પર યોજાયેલાં સત્રો

- **સત્ર-1:** "ક્લાઈમેટ ચેન્જ: હરિયાળા અને ટકાઉ ભવિષ્ય માટે ક્લીન ઝીરો એનર્જી તરફ ગતિ."
- **સત્ર-2:** "સમાવેશી અસરને સંચાલિત કરવા માટે ઈનોવેશન પર પુનર્વિચાર અને પુનરુદ્ધાર."
- **સત્ર-3:** "વૈશ્વિક ડિજિટલ સહકારને પુનઃ વ્યાખ્યાયિત કરવો: કૉલ ફૉર "ઍક્શન."
- **સત્ર-4:** "સ્થિતિસ્થાપક ગ્લોબલ વેલ્યુ ચેઇન્સનું નિર્માણ કરવું: તમામના સમાવેશ અને એકીકરણને આગળ વધારવું."
- **સત્ર-5:** "નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવું અને સોસાયટીઓનું સશક્તિકરણ."




ગુજરાત પાસે પોતાનો અદ્ભુત કલા-સંસ્કૃતિ અને શિલ્પવારસો છે, જેની યુનેસ્કોએ પણ નોંધ લઈને તેને વૈશ્વિક ધરોહર જાહેર કરી છે. G-20 સમિટમાં સહભાગી થવા આવેલા મહાનુભાવો તેમના ત્રી-દિવસીય પ્રવાસ દરમિયાન ગુજરાતના ઐતિહાસિક સ્મારકની - ધરોહરની મુલાકાત લેવાનું ચૂક્યા નહોતા. આ પ્રતિનિધિમંડળે ઐતિહાસિક શિલ્પ-સ્થાપત્યની સાથે આધુનિક સ્થાપત્ય ગિફ્ટ સિટીની પણ મુલાકાત લીધી હતી. આ સાથે, તેઓ ગુજરાતની હસ્તકળાથી પણ પ્રભાવિત થયા હતા.

## 'ગુજરાતના G-20 કનેક્ટ' સત્રમાં ગુજરાત સરકારની પરિવર્તનકારી પહેલો પર ચર્ચા

'ગુજરાતના G-20 કનેક્ટ' પર એક વિશેષ સત્ર આયોજિત કરવામાં આવ્યું હતું. આ સત્રમાં ગુજરાત સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી કેટલીક વિશેષ પરિવર્તનકારી પહેલો પર ચર્ચા કરવામાં આવી હતી. આ સત્ર

> "
> ૨૦૩૦ સુધી ભારતીય ઉદ્યોગોની પ્રાથમિકતા ગ્રીન ડેવલપમેન્ટ અને ક્લાઇમેટ ફાઇનાન્સ, સમાવેશી અને સ્થિતિસ્થાપક વૃદ્ધિ અને ટકાઉ વિકાસ છે.
>
> **- કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી સોમ પ્રકાશ**

> "
> આપણી સમક્ષ ત્રણ મુખ્ય પડકારો છેઃ (1) ડિજિટલ પરિવર્તનની જરૂરિયાત, (2) ક્લાઇમેટ ઍક્શનની જરૂરિયાત, (3) આપણા GVCsને સ્થિતિસ્થાપક બનાવવા માટે ડિકપલિંગ અને ડિ-મૉનોપૉલાઇઝેશનની જરૂરિયાત.
>
> **- G-20 માટે ભારતના શેરપા શ્રી અમિતાભ કાંત**

દરમિયાન, તેમાં ભાગ લેનારા પાર્ટિસિપન્ટ્સને ગુજરાતની જીવંત કલા અને સંસ્કૃતિ તેમજ રાજ્યના સમૃદ્ધ ઈતિહાસ અને રાજ્યે આટલાં વર્ષોમાં કરેલા વિકાસને દર્શાવતી એક ફિલ્મ બતાવવામાં આવી હતી.

ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ કહ્યું હતું કે, "વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભારતે ડિજિટલ પેમેન્ટ્સ, મોબાઈલ આધાર વગેરે જેવી પહેલો દ્વારા પરિવર્તનકારી બદલાવો જોયા છે. ડી.બી.ટી. મારફતે, વચેટિયાઓને બાદ કરીને, ગરીબ ખેડૂતો, મહિલાઓ, વિદ્યાર્થીઓ અને અન્ય સંબંધિત લાભાર્થીઓના ખાતામાં 200 બિલિયન રૂપિયા સીધા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે."

ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, "વડાપ્રધાનશ્રીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, ભારત, મેક ઈન ઈન્ડિયા, પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમ્સ, વોકલ ફૉર લોકલ વગેરે જેવી પહેલો સાથે, વિશ્વનું સૌથી મોટું મેન્યુફેક્ચરિંગ હબ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. ભારત જ્યારે 2026-27 સુધીમાં 5 ટ્રિલિયન યુ.એસ. ડોલરની અર્થવ્યવસ્થાના લક્ષ્યાંકને હાંસલ કરવા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે, ત્યારે ગુજરાત ભારતના ગ્રોથ એન્જિન તરીકે આ લક્ષ્યાંકને હાંસલ કરવા માટે પોતાનું નોંધપાત્ર યોગદાન આપશે. આ માટે, રાજ્ય 2026-27 સુધીમાં 500 બિલિયન યુએસ ડોલર અને 2030-32 સુધીમાં 1 ટ્રિલિયન યુએસ ડોલરની અર્થવ્યવસ્થા બનવાની અપેક્ષા રાખે છે."


> "જ્ઞાન, નવીનતા અને ટકાઉપણું નવા યુગના વિકાસનાં પથદર્શક તરીકે ઊભરી આવ્યાં છે. B-20 તેને અનુકૂળ યોગ્ય સૂચનો કરશે.
>
> **- ભારત સરકારના પ્રમોશન ઑફ ઇન્ડસ્ટ્રી અને ઇન્ટર્નલ ટ્રેડ વિભાગના સેક્રેટરી શ્રી અનુરાગ જૈન**

TDS લિથિયમ-આયર્ન બેટરી ગુજરાત પ્રાઈવેટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી હિસાનોરી તાકાશીબાએ કહ્યું કે, "સુઝુકી ગ્રુપ અને તેના ભાગીદારોએ ગુજરાતમાં રૂ. 23,000 કરોડનાં રોકાણો કર્યાં છે અને 47,000 જેટલી રોજગારીનું સર્જન કર્યું છે. અમે ગુજરાતમાં ઈલેક્ટ્રિક વેહિકલ મૅન્યુફેક્ચરિંગ ફેસિલિટી, ઈલેક્ટ્રિક વેહિકલ માટે બેટરી પ્લાન્ટ અને વેહિકલ રિસાઈકલિંગ પ્લાન્ટ સ્થાપિત કરવા માટે રૂ. 10,000 કરોડનું રોકાણ કરી રહ્યા છીએ. ગુજરાત ભારતની નેટ ઝીરો કાર્બન જર્નીનું નેતૃત્વ કરવા માટે સક્ષમ છે."

ઝાયડસ લાઈફ સાયન્સીસના ચૅરમૅન શ્રી પંકજ પટેલે જણાવ્યું હતું કે, "ભારતની G-20 અધ્યક્ષતા બહુ મહત્ત્વપૂર્ણ સમયે આવી છે અને તમામની સુખાકારી માટે સામૂહિક સહયોગ દ્વારા વૈશ્વિક પ્રાથમિકતાઓ અને પડકારોનો સામનો કરવાની નોંધપાત્ર તક પૂરી પાડે છે. વડાપ્રધાનશ્રીએ હાઈલાઈટ કર્યા મુજબ, આ અધ્યક્ષતા અમૃતકાળની શરૂઆતને ચિહ્નિત કરે છે, જે એક સમાવિષ્ટ, સમૃદ્ધ અને વિકસિત ભારતના ભાવિ તરફ દોરી જાય છે જે માનવ-કેન્દ્રિત અભિગમ સાથેનું એક વિશિષ્ટ ભારત હશે."

અરવિંદ લિમિટેડના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી કુલીન લાલભાઈએ કહ્યું હતું કે, "ગુજરાત હંમેશાંથી ભારતના વિકાસમાં એક લીડિંગ એન્જિન રહ્યું છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની સાહસિક અને દૂરંદેશી નીતિઓ સાથેના ગુજરાતના બિઝનેસ સમુદાયે, આજે આપણે જે લાભો જોઈ રહ્યા છે, તે મેળવવા માટે રાજ્યને સક્ષમ બનાવ્યું છે."

ગુજરાત સરકારે એશિયામાં સૌપ્રથમ એક અલાયદા ક્લાઈમેટ ચેન્જ વિભાગની શરૂઆત



## અડાલજ વાવની મુલાકાત લેતા વિદેશી મહેમાનો

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતને G-20નું યજમાનપદ મળ્યું છે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલી G-20ની સૌપ્રથમ B-20 ઈન્સેપ્શન મીટમાં સહભાગી થવા ગુજરાતના મહેમાન બનેલા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ડેલિગેટ્સે તાજેતરમાં ગાંધીનગરની અડાલજ સ્થિત સુપ્રસિદ્ધ રૂડાબાઈની વાવની મુલાકાત લીધી હતી. મહાનુભાવો અહીંની સ્થાપત્ય કલા કારીગીરીથી પ્રભાવિત થયા હતા. આ B-20 ઈન્સેપ્શન મીટમાં સહભાગી થઈ રહેલા ડેલિગેશન્સના સભ્યોને અડાલજની વાવ ખાતે આર્કિયોલૉજિકલ સર્વે ઑફ ઈન્ડિયાના સુપરિન્ટેન્ડેન્ટ શ્રી એ. એમ. વી. સુબ્રહ્મણિયમે આવકાર્યા હતા. શરણાઈના સૂર સાથે મહાનુભાવોનું પરંપરાગત સ્વાગત પણ કરવામાં આવ્યું હતું. આ અવસરે ગુજરાતની હસ્તકલા-કારીગરીથી પણ મહાનુભાવો માહિતગાર થયા હતા.

કરી હતી. દેશનો સૌપ્રથમ સોલર પાર્ક મોઢેરામાં સ્થાપિત કરવામાં આવ્યો હતો, જે ભારતનું 24X7 સૌર ઊર્જા સંચાલિત ગામ છે. ગ્રીન મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવાની વિશેષ પહેલ ગુજરાતને ગ્લોબલ વેલ્યુ ચેઇન સાથે જોડવામાં મદદ કરશે.

## અર્બન-20ના લોગો-વેબસાઇટ-વેલકમ સોંગનું લોન્ચિંગ

G-20 દેશોનાં શહેરો-મહાનગરોના ક્લાઈમેટ ચેન્જ, સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ, એફોર્ડેબલ હાઉસિંગ અને સર્વગ્રાહી સામાજિક વિકાસના વિવિધ મુદ્દાઓ પર વૈચારિક આદાન-પ્રદાન માટે અર્બન-20 સાઇકલ ગ્લોબલ પ્લૅટફૉર્મ પૂરું પાડશે.

વિઝનરી ગ્લોબલ લીડર અને ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ભારતમાં યોજાનારી G-20 સમિટના ઉપલક્ષ્યમાં અમદાવાદને આંગણે અર્બન-20 સમિટના લોગો તથા વેબસાઇટ અને સોશિયલ મીડિયા હેન્ડલ્સ તથા વેલકમ સોન્ગ લોન્ચિંગ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કર્યું હતું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણના કેન્દ્રીય મંત્રી શ્રી હરદીપસિંહ પુરીજીએ આ પ્રસંગે વીડિયો કોન્ફરન્સથી સંદેશ પાઠવ્યો હતો.

આવનારા સમયમાં શહેરી જનસંખ્યા વધતી જશે અને શહેરીકરણ વ્યાપક ફલક પર વિકસશે તેને ધ્યાનમાં રાખીને શહેરી ભવિષ્ય તથા જનસુખાકારીને વધુ સુવિધાપૂર્ણ-બહેતર બનાવવા આવી અર્બન સમિટની ચર્ચાઓ, બેસ્ટ પ્રેક્ટિસના આપસી આદાન-પ્રદાન અને એક્સપિરિયન્સ શેરિંગ મહત્ત્વપૂર્ણ બની રહેશે.

વર્લ્ડ હેરિટેજ સિટીની પ્રતિષ્ઠા ધરાવતા અમદાવાદ શહેરમાં પ્રાચીન અને અર્વાચીન એમ બંને ક્ષેત્રે શહેરી વિકાસ અને મોડર્ન અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સમન્વય છે તે આ સમિટમાં G-20 દેશોના પ્રતિનિધિઓ સમક્ષ ઉજાગર કરવાની નેમ પણ મુખ્યમંત્રીશ્રીએ દર્શાવી હતી.

ભારતની G-20 પ્રેસિડન્સી હેઠળ, અમદાવાદમાં U-20 સાઇકલનું આયોજન કરાશે. સી-૪૦ (ક્લાઈમેટ ચેન્જ) અને યુનાઈટેડ સિટીઝ ઍન્ડ લોકલ ગવર્નમેન્ટ્સ (UCLG), શહેરી મુદ્દાઓ પરનાં બે આંતરરાષ્ટ્રીય બિન-સરકારી હિમાયત જૂથો સાથે, અમદાવાદમાં ૯-૧૦ ફેબ્રુઆરી, 2023ના રોજ સિટી શેરપાની શરૂઆતની મીટિંગ, વિષયોની ચર્ચાઓ સહિત વિવિધ કાર્યક્રમોનું આયોજન થશે. જુલાઈ-૨૦૨૩માં U-20 મેયર્સ સમિટ પણ યોજાશે.

G-20 દેશો ઉપરાંત, C-40, UCLG સભ્ય શહેરો અને નિરીક્ષક શહેરોના મેયર અને પ્રતિનિધિઓ આ કાર્યક્રમોમાં ભાગ લેશે અને ચર્ચાઓને સમૃદ્ધ બનાવશે. ‘વસુધૈવ કુટુમ્બકમ-વન અર્થ, વન ફેમિલી, વન ફ્યુચર’ની ભારતની G-20 થીમ સાથે સુસંગત

## ગાંધીનગરના પુનિતવનમાં દેશ-વિદેશથી પધારેલા ડેલિગેટ્સે કર્યો યોગાભ્યાસ

ગાંધીનગર ખાતે G-20 અંતર્ગત આયોજિત B-20 ઈન્ડિયા ઈન્સેપ્શન મીટિંગના અંતિમ દિવસે દેશ-વિદેશથી પધારેલા ડેલિગેટ્સ માટે યોગસત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના પુનિતવન ખાતે વહેલી સવારે દેશ-વિદેશના ડેલિગેટ્સે યોગાભ્યાસ કર્યો હતો. ભારતીય યોગપરંપરાને દેશ-વિદેશમાં પહોંચાડવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા અથાગ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે ત્યારે આ પ્રસંગે ઉપસ્થિતિ યોગગુરુએ પણ ડેલિગેટ્સને યોગ, તેના લાભ અને તેના ઈતિહાસ વિશે માહિતગાર કર્યા હતા.



## ડેલિગેટ્સે GIFT Cityની મુલાકાત લીધી

ગાંધીનગર ખાતે G-20 અંતર્ગત આયોજિત B-20 ઈન્ડિયા ઈન્સેપ્શન મીટિંગના અંતિમ દિવસે દેશ-વિદેશથી પધારેલા ડેલિગેટ્સે વૈશ્વિક ફાઈનાન્સિયલ અને આઈ.ટી. સર્વિસ હબ તરીકે વિકસી રહેલા ગુજરાત ઈન્ટરનૅશનલ ફાઈનાન્સિયલ ટેક સિટી-GIFT Cityની મુલાકાત લીધી હતી. સૌપ્રથમ ગિફ્ટ હાઉસ ખાતે ડેલિગેટ્સને ગિફ્ટ સિટીનો કોન્સેપ્ટ શું છે? કેવી રીતે કામ કરે છે? તેની વિશેષતા શું છે? તે અંગે અંગે જનરલ મેનેજર શ્રી નિસર્ગ આચાર્ય દ્વારા વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત ડેલિગેટ્સે ગિફ્ટ સિટી અંગેની એક ફિલ્મનું પણ નિદર્શન કર્યું હતું.

બ્રીફિંગ બાદ ડેલિગેટ્સે ગિફ્ટ સિટીના અદ્યતન અને વર્લ્ડ-ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, જેમ કે ઓટોમેટેડ વેસ્ટ કલેક્શન પ્લાન્ટ, ડિસ્ટ્રિક્ટ કૂલિંગ સિસ્ટમ અને યુટિલિટી ટનલની પણ મુલાકાત લીધી હતી. ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા ગિફ્ટ સિટીમાં સિંગલ વિન્ડો સિસ્ટમથી આપવામાં આવતી બિઝનેસ ફ્રેન્ડલી સેવાઓ અને ગિફ્ટ સિટીના વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી ડેલિગેટ્સ ખૂબ જ પ્રભાવિત થયા હતા અને ખૂબ જ રસ દાખવીને વિવિધ માહિતી પણ મેળવી હતી.

અમદાવાદમાં યોજાનારી U-20 શહેર સ્તરની ક્રિયાઓ એકબીજા સાથે જોડાયેલી અને આપણા સહિયારા ભવિષ્યને રેખાંકિત કરતા કાયમી હકારાત્મક વૈશ્વિક પરિણામો લાવી શકે છે તે બાબત પર કેન્દ્રિત હશે.

આ અર્બન-20 સાઇકલ જટિલ શહેરી મુદ્દાઓના સમાધાન માટે યોગ્ય નીતિનિર્ધારણની દિશામાં રોડમેપ તૈયાર કરશે તથા સમિટમાં સહભાગી શહેરોની આકાંક્ષા પ્રતિબિંબિત કરશે. આ સંદર્ભનો એક દસ્તાવેજ U-20 સમિટના યજમાન શહેર અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા તૈયાર કરાશે. ●

## ગુજરાતની હસ્તકલાથી પ્રભાવિત થયા વિદેશી મહાનુભાવો

ગુજરાતના હસ્તકલા વારસાને વિશ્વફલક પર ઉજાગર કરવાના ઉદ્દેશ સાથે રાજ્ય સરકાર અને આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયા (ઇડીઆઇઆઇ)ના સંયુક્ત પ્રયાસથી રાજ્યની વિવિધ હસ્તકલાનું ગાંધીનગર ખાતે આયોજિત B-20 ઇન્ડિયા ઇન્સેપ્શન મીટિંગના સ્થળ પર પ્રદર્શની સહ વેચાણ કરવામાં આવ્યું હતું.

દેશ-વિદેશથી પધારેલા ડેલિગેટ્સે ગુજરાતની ટાંગલિયા આર્ટ, પીઠોરા પેઇન્ટિંગ, બીડ વર્ક, વારલી પેઇન્ટિંગ, કલમકારી-માતાની પછેડી, બખ્યું વર્ક, સંખેડાનું રાચરચીલું અને બ્લોક પ્રિન્ટિંગ જેવી વિવિધ હસ્તકલાથી આકર્ષિત થઈને પ્રદર્શનીની મુલાકાત લઈ તેની માહિતી મેળવી હતી અને કેટલીક કલાકૃતિઓની ખરીદી પણ કરી હતી.











## 'B-20 ઇન્સેપ્શન' અંતર્ગત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા

B-20 ઇન્સેપ્શનના સહભાગી ડેલિગેટ્સ રાષ્ટ્ર તથા આમંત્રિતો માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મહાત્મા મંદિર ખાતે બહુવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. G-20 હેઠળ ગાંધીનગરમાં આયોજિત'B-20 ઇન્સેપ્શન' મીટિંગમાં સહભાગી થવા ગુજરાતના મહેમાન બનેલા રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય મહાનુભાવો એમ્ફી થિયેટર, મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે વિવિધ કલાકારો દ્વારા રજૂ કરાયેલા ગુજરાતની આગવી ઓળખ એવા ગરબા, રાસ, પરંપરાગત આદિવાસી નૃત્ય સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળીને પ્રભાવિત થયા હતા. આ કાર્યક્રમમાં ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂત, સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર સહિત વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સ્કાઉટ એન્ડ ગાઇડ્સના નિવાસી તાલીમ ભવનનું લોકાર્પણ



કોઈપણ દેશને મહાન બનાવવો હોય તો દેશના નાગરિકોએ મહાન બનવું પડે અને તે માટે નાગરિકોમાં સેવા, સમર્પણ, શિસ્ત અને દેશભાવનાનું સિંચન ખૂબ જ જરૂરી છે. આ ઉદ્દેશને સ્કાઉટ ઍન્ડ ગાઇડ્સ વૈશ્વિક આંદોલનનાં રૂપે પ્રસરાવી રહ્યું છે, જે નાનાં ભૂલકાંઓ, બાળકો, વિદ્યાર્થીઓ અને યુવાનોના જીવનમાં આદર્શો પ્રસ્થાપિત કરવાનું કામ કરે છે. આ આદર્શોને આગળ ધપાવતાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે તાજેતરમાં અમદાવાદ ખાતે સ્કાઉટ ઍન્ડ ગાઇડ્સના નિવાસી તાલીમ ભવનનું લોકાર્પણ કર્યું હતું.

અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં બનેલું આ સ્કાઉટ ઍન્ડ ગાઇડ્સનું નિવાસી તાલીમ ભવન કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીની સંસદસભ્યશ્રી તરીકેની ગ્રાન્ટ સહાયથી બનાવવામાં આવ્યું છે.

આ સંદર્ભે કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગ્રાન્ટ કોઈ સંસદસભ્યની નહીં, પરંતુ દેશની-દેશવાસીઓની હોય છે, સંસદસભ્યશ્રી તેને લાભાર્થી સુધી પહોંચાડવાનું માધ્યમ માત્ર છે. સ્કાઉટ ઍન્ડ ગાઇડ્સની આવી આદર્શ પ્રવૃત્તિઓને અનુમોદન આપવું તે આજના સમયની માગ છે.

કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ કોરોનાકાળમાં સ્કાઉટ ઍન્ડ ગાઇડ્સના યુવાનોએ લોકોની સેવા અને શુશ્રૂષા કરવામાં અગ્રિમ ભૂમિકા ભજવી હતી તેની પ્રશંસા કરી હતી. ભારત સરકારે ડિઝાસ્ટર મેનેજમેન્ટ વખતે સ્કાઉટ ઍન્ડ ગાઇડ્સના સભ્યોને 'આપદા મિત્ર' તરીકે બચાવ અને રાહત કામગીરીમાં જોડાવાની પહેલ કરી છે, જેને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો છે.

આ અવસરે સ્કાઉટ ઍન્ડ ગાઇડ્સ ગુજરાત પ્રદેશના પ્રમુખ અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર, સાંસદ શ્રીમતી શારદાબહેન પટેલ, ધારાસભ્ય સર્વશ્રી બાબુભાઈ પટેલ, અમિતભાઈ ઠાકર, હર્ષદભાઈ પટેલ, મેયર શ્રી કિરીટભાઈ પરમાર, કોર્પોરેશનના પદાધિકારીઓ, ભારત અને ગુજરાત સ્કાઉટ ઍન્ડ ગાઇડ્સ સંઘના હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં સ્કાઉટ્સ અને ગાઈડ્સ ઉપસ્થિત રહ્યા હતા. ●

# ઑલિમ્પિક્સની પ્રારંભિક તૈયારીઓની સમીક્ષા કરતા કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી

આગામી ઑલિમ્પિક્સ-૨૦૩૬ના યજમાન બનવાની ગુજરાતે પ્રારંભિક તૈયારીઓ આરંભી દીધી છે. તેના ઉપલક્ષમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય બેઠક મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા રમત-ગમતમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે યોજવામાં આવી હતી.

કેન્દ્રીય મંત્રીશ્રીએ ઑલિમ્પિક્સ-૨૦૩૬માં જે રમતો સમાવિષ્ટ છે તેના આયોજન માટે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પાસે આકાર લેનારા સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવમાં આંતરરાષ્ટ્રીય સ્તરની જરૂરી માળખાકીય સુવિધાઓ વિકસાવવા માટે માર્ગદર્શન આપ્યું હતું.

તેમણે ગુજરાતમાં ઑલિમ્પિક્સ-૨૦૩૬ની રમતો માટેનાં જે સ્થળો રાજ્ય સરકારે નક્કી કરેલાં છે, ત્યાં જરૂરી સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ખેલાડીઓ-કોચ વગેરેની આવાસ સુવિધાઓ સહિતની વ્યવસ્થાઓ ઑલિમ્પિક્સનાં ધારા-ધોરણો અનુસાર ઊભી થાય તે માટેની સમીક્ષા કરી હતી. તેમણે અગાઉની બેઠકમાં થયેલાં સૂચનો અંગેની પણ જાણકારી મેળવી હતી. આ સાથે કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ નારણપુરા સ્પોર્ટ્સ સંકુલની પણ મુલાકાત લીધી હતી.

શ્રી અમિતભાઈ શાહે રાજ્ય સરકાર દ્વારા જે કાર્ય આયોજનો થાય તેની સમીક્ષા સમયાંતરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને રમત-ગમત મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી કરે તેવું સૂચન પણ કર્યું હતું. આગામી ઑલિમ્પિક્સ ગુજરાતમાં ભવ્ય રીતે આયોજિત થાય તે માટેની વિસ્તૃત વ્યૂહરચનાની પણ આ બેઠકમાં ચર્ચા - વિચારણા કરવામાં આવી હતી.

મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, શહેરી વિકાસ અગ્ર સચિવ શ્રી મુકેશકુમાર, રમત-ગમત સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના અગ્ર સચિવ શ્રી અશ્વિનીકુમાર, ઔડાના સી.ઈ.ઓ શ્રી ડી. પી. દેસાઈ તથા વરિષ્ઠ અધિકારીઓ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. ●



# ગાંધીનગરમાં જનસુવિધાનાં વિકાસકાર્યો જનસમર્પિત



- ગાંધીનગરનાં નવ ગામોમાં રૂ. ૪૮ કરોડથી વધુનાં વિકાસકામોની હેલી
- કેન્દ્રીય મંત્રીશ્રીની લોકોને સિંગલ યુઝ પ્લાસ્ટિકને તિલાંજલિ આપવા અપીલ

દેશના જિલ્લા, નગરો-મહાનગરોનો વિકાસ કેવો હોય તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ગુજરાત પૂરું પાડી રહ્યું છે. ગુજરાતનું વિકાસ મોડેલ અન્ય રાજ્યો માટે ઉદાહરણીય અને અનુકરણીય છે. ગુજરાતમાં સતત વિકાસકાર્યો ચાલુ જ હોય છે. ગુજરાતની આ વિકાસયાત્રાને આગળ ધપાવતા કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે તાજેતરમાં મોટી આદરજમાં ગાંધીનગર જિલ્લાના રૂ. ૪૮ કરોડથી વધુનાં જનસુવિધાનાં ૫૧ વિકાસકાર્યોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું. આ તકે કેન્દ્રીય મંત્રીશ્રીએ ગાર્બેજ કલેક્શન વાનને લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું.

મોટી આદરજમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને હેલ્થ ઍન્ડ વેલનેસ સેન્ટરનું ભૂમિપૂજન કરતાં કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વની સરકારમાં વિકાસકામોમાં કોઈ કચાશ રહે નહીં, સારવારના અભાવે કોઈ વ્યક્તિને સહન કરવું નહીં પડે તેવી વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે.

તેમણે ગાંધીનગર વિસ્તારમાં ૯૨ ટકા લાભાર્થીને આયુષ્માન કાર્ડની સુવિધા ઉપરાંત અંદાજે રૂ. ૧૩ હજાર કરોડના ૧૬,૫૦૦થી વધુ વિકાસકાર્યો પ્રગતિમાં હોવાની વિગત આપી હતી. ગાંધીનગરને પ્લાસ્ટિકમુક્ત કરવામાં લોકોની સહભાગિતા સૌથી મહત્ત્વની બની રહેશે તેમ જણાવતાં કેન્દ્રીય મંત્રીશ્રીએ લોકોને સ્વચ્છતા માટે સહયોગી બનવા અને સિંગલ યુઝ પ્લાસ્ટિકને તિલાંજલિ આપવા અપીલ કરી હતી.

આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં રૂ. ૭૫૦ કરોડના આરોગ્યલક્ષી વિકાસનાં કામો ચાલી રહ્યાં છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલને આધુનિક કક્ષાની બનાવવામાં આવનાર છે. તેની સાથે મોટી આદરજ ગામનું પી.એચ. સી. સેન્ટરનું રૂ. ૧ કરોડથી વધુના ખર્ચે નવીનકરણ કરવામાં આવશે. તેમણે ગામને પ્લાસ્ટિકમુક્ત બનાવવા માટે ગ્રામજનોને પ્લાસ્ટિકવાળો કચરો અલગ રાખવા અનુરોધ કર્યો હતો.

ગાંધીનગર જિલ્લામાં રૂ. ૪૫ કરોડથી વધુનાં ૩૩ કામોનું ખાતમુહૂર્ત અને રૂ. ૩ કરોડથી વધુનાં ૧૮ કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું, જેમાં રૂપાલ ગામે રૂ. ૧૭ કરોડથી વધુના ખર્ચે, સોનીપુર ગામ ખાતે રૂ. ૪ કરોડથી વધુના ખર્ચે, સરઢવ ગામે રૂ. ૧૧.૪૧ કરોડના ખર્ચે અને પીપળજ ગામ ખાતે રૂ. ૧૦ કરોડથી વધુના ખર્ચે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. વાવોલ, સોનીપુર, સરઢવ, પીપળજ, મોટી આદરજ, પીંડારડા, વાસન, જલુંદ અને ઉનાવા ગામ ખાતે બગીચાનું કામ, શેડ, પ્રવાહી કચરાના નિકાલ વ્યવસ્થાપન, સામૂહિક કમ્પોસ્ટ, પ્રોટેક્શન વોલ, પાણીની પાઈપલાઈન, પેવર બ્લોક, ગટરલાઈન અને સી. સી. રોડનાં વિવિધ કામોનું લોકાર્પણ - ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય સર્વશ્રી રીટાબહેન પટેલ, અલ્પેશભાઈ ઠાકોર, બલરાજસિંહ ચૌહાણ, જે. એસ. પટેલ, ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી દિલીપભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી હિતેશભાઈ મકવાણા, જિલ્લા કલેક્ટર શ્રી પ્રવીણા ડી. કે., આગેવાનો તથા નવ ગામના સરપંચશ્રીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ●



## ગુજરાતના ગ્રોથ એન્જિન એવા સુરતમાં રૂ. ૨૪૦૦ કરોડનાં વિકાસકાર્યોનાં ખાતમુહૂર્ત-લોકાર્પણ

# દેશની સૌથી ઊંચી સરકારી ઇમારત સુરતમાં આકાર પામશે



સુરત શહેર સ્વચ્છતા, આંતરમાળખાકીય સુવિધા અને જનસામાન્ય માટેની સુવિધાઓના વિકાસમાં સતત અગ્રેસર રહ્યું છે. સુરત શહેરમાં સાકાર થનારા પ્રોજેક્ટસથી દેશભરનાં શહેરો પ્રેરણા લઈ રહ્યાં છે. તાજેતરમાં સુરત મહાનગરપાલિકા તથા સુડાના રૂ. ૨,૪૧૬ કરોડના ખર્ચે વિવિધ વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગર્વભેર જણાવ્યું હતું કે, 'રાજ્ય સરકારે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોનું 'ઘરના ઘર'નું શમણું સાકાર કરવામાં કોઈ કસર છોડી નથી. દરેકને માથે છતની નેમને અનુસરીને રાજ્ય સરકારે રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૧૦ લાખથી વધુ આવાસોનું નિર્માણ કર્યું છે, જે પૈકી લાભાર્થી પરિવારોને ૭ લાખ આવાસોનું પઝેશન પણ મળી ચૂક્યું છે.' આ વિકાસકાર્યોમાં રૂ.૧,૩૪૪ કરોડના ખર્ચે સુરત મહાનગરપાલિકાના આઇકોનિક મુખ્ય વહીવટી ભવનના રૂપમાં સાકાર થનાર દેશની સૌથી ઊંચી ઑફિસ બિલ્ડિંગ સહિતના રૂ. ૧૫૬૦ કરોડનાં વિકાસકાર્યોનાં ખાતમુહૂર્ત અને રૂ. ૮૦૮.૬૩ કરોડનાં વિકાસકાર્યોના લોકાર્પણનો સમાવેશ થાય છે.

સાંસદ શ્રી સી. આર. પાટીલ, કેન્દ્રીય રેલવે અને ટેક્સટાઈલ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશ, નાણાં, ઊર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, વન અને પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ અને શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાની વિશેષ ઉપસ્થિતિમાં સમારોહ યોજાયો હતો. મુખ્યમંત્રીશ્રીના હસ્તે રૂ. ૪૭ કરોડના ખર્ચે સુડા નિર્મિત PM આવાસ યોજનાનાં ૫૦૩ મકાનોનો કમ્પ્યુટરાઈઝડ ડ્રૉ પણ યોજાયો હતો, જેમાં પ્રતીકરૂપે ૭ લાભાર્થીઓને ચાવીઓ અર્પણ કરવામાં આવી હતી.

સુરત વિશ્વકક્ષાનું શહેર બને એ માટે પાલિકાના નવા આઇકોનિક ભવન સહિત ડુમ્મસ સી ફેઝ પ્રોજેક્ટ અને ઈકો ટુરિઝમ, તાપી શુદ્ધીકરણ, તાપી નદી પર બહુહેતુક કન્વેન્શન બેરેજ, ફ્લડ પ્રોટેક્શન વોલ, નવુ ગાંધીસ્મૃતિ ભવન ઑડિટોરિયમ, શહીદ સ્મારક, સ્મીમેર હૉસ્પિટલ વિસ્તરણનું કાર્ય, સ્કૂલોના રિનોવેશન અને નવી શાળાઓનું બાંધકામ જેવા વિકાસ પ્રકલ્પો પ્રગતિમાં છે, અને પ્રોજેક્ટસ ઝડપભેર પૂર્ણ થાય એ દિશામાં સુનિયોજિત કાર્ય થઈ રહ્યું છે. જનસુવિધા વધારતા પ્રકલ્પો ઝડપભેર પૂર્ણ કરવા માટે સુરત મહાનગરપાલિકાને સહાયરૂપ થવા રાજ્ય સરકાર સદાય તત્પર હોવાનું તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીના અમૃતકાળમાં દેશને આત્મનિર્ભર અને વિકસિત બનાવવાનું સ્વપ્ન સેવ્યું છે ત્યારે ગરીબ, વંચિત, છેવાડાના માનવીની અપેક્ષાઓને પૂર્ણ કરવા વડાપ્રધાનશ્રીના ગુડ ગવર્નન્સ (સુશાસન)ના ચીલે ચાલીને રાજ્ય સરકાર પણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસની સાથે સામાન્યજનની સુખાકારીને પ્રાથમિકતા આપી રહી છે.

આ વેળાએ આવાસ મેળવનાર લાભાર્થીઓને અભિનંદન આપતાં મુખ્યમંત્રીશ્રીએ નવા આવાસો પરિવારની સુખશાંતિ માટે ફળદાયી નીવડે એવી શુભકામનાઓ પણ પાઠવી હતી. મુખ્યમંત્રીશ્રીના હસ્તે ભૂમિપૂજન થયું તે આઇકોનિક બિલ્ડિંગ ભારતનું સૌપ્રથમ સૌથી ઊંચું G+૨૭ માળનું પાલિકાનું નવું ઑફિસ બિલ્ડિંગ સુરતમાં આકાર લેશે. ૧૦૫.૩ મીટર ઊંચી G+૨૭ માળની બે અદ્યતન આઇકોનિક ઇમારતો દેશની સૌથી ઊંચી સરકારી ઇમારત બનવાનું બહુમાન મેળવશે, જેનો રાજ્ય-કેન્દ્ર સરકાર અને મહાનગરપાલિકા સંયુક્ત ઉપયોગ કરશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા લોકાર્પણ અને ખાતમુહૂર્ત થયેલાં વિકાસકાર્યોમાં વિવિધ વિસ્તારોમાં રૂ. ૨૯૨ કરોડના ખર્ચે તૈયાર થયેલા ૩૮૧૮ ઈડબ્લ્યુએસ આવાસો, લાઈબ્રેરી, આંગણવાડી, સ્ટાફ ક્વાર્ટર્સ તેમજ સુડા વિસ્તારમાં રૂ. ૪૭.૧૮ કરોડના ૫૦૩ આવાસોના ડ્રૉનો સમાવેશ થાય છે. જ્યારે સુરતમાં આગામી સમયમાં રૂ. ૧૫૬૦ કરોડના ખર્ચે સાકાર થનારા પ્રોજેક્ટ્સમાં કોયલી ખાડીનાં રિસ્ટ્રક્ચરિંગનું કામ, આરોગ્ય કેન્દ્રોનું નિર્માણ, શાળાના ઓરડાનાં કામ, સોલર પ્લાન્ટ, પાણીપુરવઠાનાં કામ, ઍનિમલ શેલ્ટરનું નિર્માણ જેવાં વિવિધ કાર્યો શહેરના વિવિધ વિસ્તારોમાં કરવામાં આવશે.

આ પ્રસંગે ધારાસભ્ય સર્વશ્રી પૂર્ણેશભાઈ મોદી, વિનોદભાઈ મોરડિયા, સંદીપભાઈ દેસાઈ, સંગીતાબહેન પાટીલ, કાંતિભાઈ બલર, પ્રવીણભાઈ ઘોઘારી, અરવિંદભાઈ રાણા, મનુભાઈ પટેલ, મેયર શ્રીમતી હેમાલીબહેન બોઘાવાલા, મ્યુ. કમિશનર શાલિની અગ્રવાલ સહિત પાલિકાના પદાધિકારી-અધિકારીઓ, અગ્રણીઓ અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## અમદાવાદમાં બહુમાળી સરકારી આવાસનું લોકાર્પણ





ગુજરાત સરકાર સૌનો સાથ, સૌનો વિકાસના મંત્ર સાથે કાર્ય કરી રહી છે. રાજ્યના કર્મયોગીઓ પણ નાગરિકોની સેવામાં સતત ખડેપગે રહે છે. કર્મયોગીઓને સારા, સ્વચ્છ અને સુવિધાયુક્ત આવાસો મળી રહે તે માટે સરકાર કટિબદ્ધ છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદની મેમનગર સરકારી વસાહતમાં રૂ. ૧૩.૧૦ કરોડના ખર્ચે અત્યાધુનિક શૈલીથી નિર્માણ પામેલા કુલ '૫૨' આવાસો ધરાવતા ૧૩ માળના નવનિર્મિત સરકારી આવાસોનું લોકાર્પણ કર્યું હતું.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા નિર્મિત આ હાઈરાઈઝ બિલ્ડિંગની મુલાકાત લઈને મુખ્યમંત્રીશ્રીએ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. માર્ગ અને મકાન સચિવ શ્રી સંદીપ વસાવાએ આ આવાસોની સુવિધાથી મુખ્યમંત્રીશ્રીને વાકેફ કર્યા હતા.

ગાંધીનગર તથા અમદાવાદમાં રૂ. ૨૫૧.૧૫ કરોડની અંદાજિત રકમના B તથા C કક્ષાના નવા ૮૯૨ રહેણાક આવાસોનું બાંધકામ પૂર્ણ કરાયું છે. આ ઉપરાંત ગાંધીનગર તથા અમદાવાદ ખાતે રૂ. ૩૫૦ કરોડની અંદાજિત રકમના વિવિધ કક્ષાના નવા ૧,૪૨૪ રહેણાક આવાસોનું બાંધકામ પ્રગતિમાં છે. વિવિધ કક્ષાના નવા ૧,૭૮૮ રહેણાક આવાસોનું બાંધકામ આવનારા દિવસોમાં શરૂ થશે.

મેમનગર સરકારી વસાહતોના લોકાર્પણ પ્રસંગે રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી શ્રી મૂળુભાઈ બેરા, એલિસબ્રિજના ધારાસભ્ય શ્રી અમિતભાઈ શાહ, શહેરના મેયર શ્રી કિરીટભાઈ પરમાર અને સ્થાનિક કોર્પોરેટરશ્રીઓ, વસાહતીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ખોડલધામ : રાષ્ટ્રહિત અને સમાજહિતનું કેન્દ્ર



રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના કાગવડ સ્થિત ખોડલધામ મંદિરે સામાજિક સમરસતાના આગવા કેન્દ્ર તરીકે નામના મેળવી છે. ખોડલધામ વિશ્વનું એકમાત્ર એવું મંદિર છે, જેના પ્રવેશદ્વાર પર રાષ્ટ્રધ્વજ ફરકે છે. એવા ખોડલધામના સાતમા પાટોત્સવમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. એટલું જ નહીં, રાષ્ટ્રહિત અને સમાજહિતના કેન્દ્ર તરીકે ખોડલધામ વિશ્વને હંમેશાં પ્રેરણા પૂરું પાડતું રહેશે એવો ભાવ વ્યક્ત કર્યો હતો. ખોડલધામ ટ્રસ્ટને સમગ્ર કાર્યક્રમના આયોજન બદલ મુખ્યમંત્રીશ્રીએ અભિનંદન પાઠવ્યાં હતાં અને સમગ્ર પરિસરમાં પથરાયેલી ૬૫૦ મૂર્તિઓ તથા પ્રદક્ષિણા પથ પર રજૂ થયેલી પાટીદારોની ગૌરવગાથા બદલ મુખ્યમંત્રીશ્રીએ ખોડલધામ પ્રાંગણની સરાહના કરી હતી. ખોડલધામ ટ્રસ્ટના ચૅરમૅન શ્રી નરેશભાઈ પટેલે ઉપસ્થિત તમામ મહાનુભાવોને આવકારી ૨૦૨૭માં ભવ્યાતિભવ્ય દશાબ્દી મહોત્સવ ઊજવવાની જાહેરાત કરી હતી.

આ પ્રસંગે કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા, પ્રવાસન મંત્રી શ્રી મૂળુભાઈ બેરા, મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રી ભાનુબહેન બાબરિયા, શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્યો તેમજ સમાજના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.●

## મુખ્યમંત્રીશ્રીના હસ્તે બે પુસ્તકોનું લોકાર્પણ

વડાપ્રધાનશ્રીના મુખ્ય સચિવ ડૉ. પી. કે. મિશ્રા અને નાણાં પંચના પૂર્વ ચૅરમૅન ડૉ. એન. કે. સિંહ લિખિત 'રિકેલિબ્રેટઃ ચેન્જિંગ પૅરેડાઈમ્સ' તથા ડૉ. કિરીટ શેલત, ડૉ. ઓડેમેરી મ્બુયા અને ડૉ. સુરેશ આચાર્ય દ્વારા લિખિત 'એનર્જી સિક્યુરિટીઃ આત્મનિર્ભર ભારત રોડ મેપ - 2022-2047' પુસ્તકનું અમદાવાદ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નીતિ આયોગના વાઈસ ચૅરમૅન ડૉ. સુમન બેરીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પુસ્તક લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની વિકાસની ઈમારત પંચશક્તિના પાયા પર રચેલી છે અને આજે દેશને એ દિશામાં જ આગળ વધારી રહ્યા છે. જળશક્તિ, ઊર્જાશક્તિ, જ્ઞાનશક્તિ, રક્ષાશક્તિ અને જનશક્તિ થકી જ આત્મનિર્ભર ગુજરાત અને આત્મનિર્ભર ભારતની યાત્રા સફળ બનાવી શકાશે. વડાપ્રધાનશ્રીના સ્વરાજથી સુરાજ્ય-ગુડ ગવર્નન્સના વિચારનું પ્રતિબિંબ આ પુસ્તકોમાં ઝિલાયું છે. ●

# ગ્રામીણ અર્થતંત્રને સક્ષમ બનાવવામાં નાબાર્ડની ભૂમિકા મહત્ત્વપૂર્ણ




ભારતને આર્થિક રીતે મજબૂત બનાવવા માટે ગ્રામીણ ક્ષેત્રને આર્થિક રીતે પગભર બનાવવું જરૂરી છે. ભારતને પાંચમી મોટી અર્થવ્યવસ્થા બનાવવા માટે કૃષિ અને તેને સંલગ્ન પ્રવૃત્તિઓને વધુને વધુ પ્રોત્સાહિત કરવી પડશે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નૅશનલ બૅન્ક ફૉર ઍગ્રિકલ્ચર અને રૂરલ ડેવલપમેન્ટ (NABARD) દ્વારા ૨૦૨૩-૨૪ના વર્ષ માટેની એકંદર વાર્ષિક ધિરાણ સંભવિતતા દર્શાવતા સ્ટેટ ફોકસ પેપરનું લોકાર્પણ ગાંધીનગરમાં આયોજિત સ્ટેટ ક્રેડિટ સેમિનારમાં કર્યું હતું. નાબાર્ડ દ્વારા રાજ્યના ૩૩ જિલ્લાઓ માટે મૂલ્યાંકન કરાયેલા એકંદર વાર્ષિક ધિરાણ સંભવિતતાનું આ ફોકસ પેપર તૈયાર કરવામાં રાજ્ય સરકારના સંબંધિત વિભાગો, બૅન્ક્સ અને અન્ય હિસ્સેદારો સાથે પરામર્શ કરવામાં આવ્યો હતો.

નાબાર્ડ દ્વારા અગ્રિમ ક્ષેત્રે વર્ષ ૨૦૨૩-૨૪ માટે રાજ્યની ધિરાણ સંભવિતતા જે રૂ. ૨.૯૮ લાખ કરોડ દર્શાવવામાં આવી છે તેમાં કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં રૂ. ૧.૨૮ લાખ કરોડ, MSME સેક્ટર માટે રૂ. ૧.૪૨ લાખ કરોડનો હિસ્સો ધરાવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ ફોકસ પેપરનું લોકાર્પણ કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાનામાં નાના ગ્રામીણ-છેવાડાના માનવીઓ, પશુપાલકો, માછીમારોને ધિરાણ યોજનાઓનો વ્યાપક લાભ આપી મુખ્ય પ્રવાહમાં લાવવાની નેમ રાખી છે. આ સંદર્ભમાં નાબાર્ડ જેવી કૃષિ-ગ્રામીણ વિકાસ ક્ષેત્રે અગ્રેસર બૅન્કો સહિતની બૅન્કો તેમને વધુ ધિરાણ આપવા પર ફોકસ કરે તે આવશ્યક છે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નાબાર્ડના આ ફોકસ પેપરમાં કૃષિ ક્ષેત્રે રાજ્યના સમગ્ર પ્રાયોરિટી સેક્ટરના ૪૩ ટકા અને MSME ક્ષેત્રે ૪૭ ટકાના ધિરાણ સંભવિતતા અંદાજની સરાહના કરી હતી. આ સ્ટેટ ક્રેડિટ સેમિનારમાં નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, કૃષિ રાજ્ય મંત્રી શ્રી બચુભાઈ ખાબડ, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, ગૃહ અને ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, કૃષિના અધિક મુખ્ય સચિવ શ્રી મુકેશ પુરી,નાબાર્ડના ચીફ જનરલ મૅનેજર શ્રી ડૉ. જ્ઞાનેન્દ્ર મણિ, તેમજ સંબંધિત વિભાગોના અગ્ર સચિવશ્રીઓ-સચિવશ્રીઓ અને વિવિધ બૅન્ક્સના હિતધારકો ઉપસ્થિત રહ્યા હતા. ●

# 'સ્પર્શ મહોત્સવ'માં મહારાજસાહેબના 400મા પુસ્તકનું લોકાર્પણ

પદ્મભૂષણ આચાર્યશ્રી વિજયરત્ન સુંદર સૂરીશ્વરજી મહારાજના ૪૦૦મા પુસ્તકના લોકાર્પણ પ્રસંગે અમદાવાદમાં આયોજિત 'સ્પર્શ મહોત્સવ'માં ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઊજવી રહ્યો છે ત્યારે ખરા અર્થમાં આ સમય અમૃતકાળ બને તે માટે મહારાજસાહેબનાં પુસ્તકો ઉપયોગી બનશે. સદ્‌વાંચનનું મહત્ત્વ સમજાવતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આપણે સૌ ભૌતિકતા તરફ આગળ વધી રહ્યા છીએ ત્યારે ભૌતિકતાનો સદુપયોગ કેવી રીતે થાય તે માટે આચાર્ય શ્રી વિજયરત્ન સુંદર સૂરીશ્વર મહારાજસાહેબનાં પુસ્તકો ખૂબ ઉપયોગી બનશે.

આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય માર્ગ અને પરિવહનમંત્રી શ્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે, આવા મહોત્સવમાં પ્રાચીન પરંપરા અને આધુનિક ટેક્નોલૉજીના સમન્વયથી સમાજને સંસ્કારિત કરવાનું કામ થઈ રહ્યું છે. સ્પર્શ મહોત્સવમાં ભારતીય ઉત્સવ પરંપરાનો મહિમા જણાવતાં શ્રી નીતિન ગડકરીએ કહ્યું હતું કે, સમાજને જીવન જીવવાની નવી દૃષ્ટિ પ્રદાન કરવાના હેતુ સાથે ભારતમાં પ્રાચીનકાળથી ઉત્સવોની પરંપરા છે. સંસ્કૃત ઉક્તિનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું હતું કે, તમે કોઈને આંખોનું દાન કરી શકો, પણ દૃષ્ટિ (વિઝન) ન આપી શકાય. સમાજનિર્માણની દીર્ઘદૃષ્ટિ અધ્યાત્મ દ્વારા જ મળે છે. આ સમારોહમાં એલિસબ્રિજ વિસ્તારના ધારાસભ્ય શ્રી અમિતભાઈ શાહ અને અન્ય આમંત્રિત મહેમાનો તેમજ જૈન અનુયાયીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# ‘એક્ઝામ વૉરિયર્સ’ પુસ્તકના ગુજરાતી સંસ્કરણનું લોકાર્પણ



શૈક્ષણિક પરીક્ષા હોય કે જીવનની પરીક્ષા હોય, જે યોદ્ધા હોય તે જ પાસ કરી શકે છે. વિદ્યાર્થી અવસ્થાથી જ બાળકોમાં પરીક્ષાનો ડર દૂર થઈ જાય તો ભવિષ્યમાં તમામ જંગ જીતવા સક્ષમ બને છે. આથી જ ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રાષ્ટ્રના ભાવિ એવા વિદ્યાર્થીઓને સક્ષમ બનાવવા અને વાલીઓને માર્ગદર્શન મળી રહે તે માટે “એક્ઝામ વૉરિયર્સ” પુસ્તક લખવામાં આવ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાનશ્રી દ્વારા લખાયેલા આ પુસ્તકનું અદ્યતન ગુજરાતી સંસ્કરણ ગાંધીનગરમાં રાજ્યના વિદ્યાર્થીઓ અને તેમનાં માતા-પિતા, વાલીઓને સમર્પિત કર્યું હતું.

આ ઉપરાંત રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પણ 'એક્ઝામ વૉરિયર્સ'ની નવી અને સંવર્ધિત ગુજરાતી આવૃત્તિનું રાજભવનમાં લોકાર્પણ કર્યું હતું. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, આ પુસ્તક હવે માત્ર પુસ્તક ન રહેતાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો; સૌ કોઈ માટે ભણતરની પરીક્ષા અને ભાવિના પડકારો સામે એક મિત્ર અને માર્ગદર્શક બન્યું છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી ૧૪મી માર્ચથી શરૂ થનારી ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨ (તમામ પ્રવાહ)ના વિદ્યાર્થીઓ માટે તથા તમામ રાજ્યોની શાળાઓના વિદ્યાર્થીઓ, શિક્ષક-અધ્યાપકો અને તેમના વાલીઓને અત્યંત ઉપયોગી તેમજ પ્રકરણવાર ૧થી ૩૪ નવા મંત્રો સાથેનું ‘એક્ઝામ વૉરિયર્સ’ પુસ્તક વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રસપ્રદ શૈલીમાં રચાયું છે.

‘એક્ઝામ વૉરિયર્સ’ પુસ્તકના ૧થી ૨૮ મંત્રો મુખ્યત્વે વિદ્યાર્થીઓ માટે છે. પરીક્ષાખંડમાં મહત્ત્વની નાની બાબતોથી લઈને વર્ગખંડની બહાર જવા સુધી, પોતે પોતાની જ સાથે સ્પર્ધા કરવાથી લઈને પોતાને શોધવા સુધી, સમય વ્યવસ્થાથી લઈને ટેક્નોલૉજી સુધી, કૃતજ્ઞતાથી લઈને લક્ષ્ય નિર્ધારણ સુધી આ પુસ્તક વિવિધ વિષયોને સ્પર્શે છે, જે યુવાનોને ખૂબ જ રસપ્રદ લાગશે.

આ પુસ્તકના ૨૯ થી ૩૪ મંત્રો માતા-પિતા માટે મહત્ત્વના છે. પરિણામોમાં ટેક્નોલૉજીની ભૂમિકા, બાળકોને પ્રોત્સાહનનું મહત્ત્વ, બાળકોને પૂર્વગ્રહ વિના પરીક્ષા માટે તૈયાર કરવા, માનસિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ કેળવવી, સકારાત્મક વાતાવરણ સ્થાપિત કરવામાં માતા-પિતાની નિર્ણાયક ભૂમિકા વગેરે વિષયો આ પુસ્તકમાં આવરી લેવામાં આવ્યા છે.

આ પ્રસંગે પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ વિભાગના મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર, રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી એસ. જે. હૈદર અને વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિતિ રહ્યા હતા. ●

# અમદાવાદમાં 'નાઇટ હાફ મૅરેથોન' યોજાઈ

યુવાનો ડ્રગ્સના વ્યસનની ચુંગાલમાંથી બહાર આવે તે માટે 'Youth against Drugs'ના સ્લોગન સાથે અમદાવાદ સિટી પોલીસ દ્વારા અમદાવાદ રિવરફ્રન્ટ પર નાઇટ હાફ મૅરેથૉનનું આયોજન કરાયું હતું, જેમાં ૨૧, ૧૦ અને ૫ કિ.મી.ની કૅટેગરીમાં ૭૫,૦૦૦થી વધુ નાગરિકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું.



અમદાવાદ પોલીસ દ્વારા યોજાયેલી નાઇટ હાફ મૅરેથૉનને પ્રસ્થાન કરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, પોલીસ વિભાગ દ્વારા 'SAY NO TO DRUGS, YES TO LIFE' જે થીમ પસંદ કરાઈ છે તે ખરા અર્થમાં યુવાનો અને તેમના દ્વારા સમગ્ર સમાજમાં જાગૃતતા પ્રસરશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પ અનુસાર વિકસિત ગુજરાત અને વિકસિત ભારત બનાવવા માટેનો આ પ્રશંસનીય પ્રયાસ છે.

ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ આહ્વાન કર્યું હતું કે, આપણે ડ્રગ્સ નહીં, પણ સ્પોર્ટ્સનું વલણ અપનાવીએ. ડ્રગ્સ સામેની લડાઈમાં આપણે એક થઈને લડવાનું છે. હાફ મૅરેથૉનના ભવ્ય આયોજન બદલ તેમણે અમદાવાદ પોલીસને અભિનંદન પાઠવ્યાં હતાં. ●

# દાંડીથી દિલ્હી સુધીની એન.સી.સી. મોટરસાઇકલ રેલી યોજાઈ



આઝાદીની લડાઈમાં દાંડીયાત્રાનું અદકેરું સ્થાન છે. ભારત જ્યારે આઝાદીનો અમૃત મહોત્સવ ઊજવી રહ્યો છે ત્યારે ભારતના આઝાદીનાં સુવર્ણ પ્રકરણો પૈકીના એક એવા દાંડીયાત્રાની સ્મૃતિને ચિરંજીવ બનાવવા માટે યોજાયેલી દાંડીથી દિલ્હી સુધીની એન.સી.સી.ની મોટરસાઇકલ રેલીને તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રસ્થાન કરાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ 'આત્મનિર્ભર ભારત'ના ઉપક્રમે 'સૉલ્ટ થી સૉફ્ટવેર' સુધીની યાત્રાના પ્રતીકરૂપે 'દાંડીથી દિલ્હી' સુધીની ૧,૩૦૦ કિલોમીટરની જાવા-યેઝદી મોટરસાઇકલ રૅલીમાં ભાગ લઈ રહેલા એન.સી.સી. કૅડેટ્સને 'ગાંધીનગર થી દિલ્હી' જવા પ્રસ્થાન કરાવ્યું હતું.

એન.સી.સી ની સ્થાપનાના ૭૫મા વર્ષની ઉજવણીના ભાગરૂપે ગુજરાત, દાદરા-નગર હવેલી, દમણ અને દીવના એન.સી.સી. નિર્દેશાલય દ્વારા સાબરમતી આશ્રમથી દાંડી સુધીની સાઇકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. સાઇકલ રૅલીના એન.સી.સી. કૅડેટ્સ દાંડી પહોંચ્યા હતા, જ્યાં 'દાંડીથી દિલ્હી' સુધીની મોટરસાઇકલ રૅલીના કૅડેટ્સ જોડાયા હતા. ગુજરાતના ભાસ્કરાચાર્ય નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સ્પેસ ઍપ્લિકેશન ઍન્ડ જીઓ ઇન્ફૅર્મેટિક્સ (બાયસેગ) દ્વારા એન.સી.સી.નું સૉફ્ટવેર તૈયાર કરવામાં આવ્યું છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ અગાઉ ગાંધીનગરમાં રાજભવન ખાતે યોજાયેલા એક સમારોહમાં મીઠું અને સૉફ્ટવેર એન.સી.સી. કૅડેટ્સને અર્પણ કર્યાં હતાં.

આ પ્રસંગે શિક્ષણ અગ્ર સચિવ શ્રી એસ.જે. હૈદર, એન.સી.સી. ગુજરાતના ઍડિશનલ ડાયરેક્ટર જનરલ શ્રી અરવિંદ કપૂર અને અન્ય ઉચ્ચ અધિકારીઓ તથા એન.સી.સી. છાત્રો ઉપસ્થિત રહ્યા હતા. ●

# ગુજરાતના નૅશનલ હાઈ-વે પ્રોજેક્ટ્સની ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક

ગુજરાત પ્રવાસે આવેલા કેન્દ્રીય વાહનવ્યવહાર મંત્રી શ્રી નીતિન ગડકરીની અધ્યક્ષતામાં ગુજરાતના નૅશનલ હાઈવે પ્રોજેક્ટ્સની સમીક્ષા માટે ઉચ્ચ સ્તરીય બેઠક આયોજિત કરવામાં આવી હતી. આ બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નવસારીના સાંસદ શ્રી સી. આર. પાટીલ ઉપસ્થિત રહ્યા હતા.

નૅશનલ હાઈવેના વિકાસ અને સુધારણા માટેનાં ૮૧ કામો માટે ગુજરાતમાં છેલ્લાં આઠ વર્ષમાં વિવિધ હાઈવે પ્રોજેક્ટ માટે રૂ. ૫૨,૭૭૫ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે, જ્યારે રૂ. ૩૦,૯૦૮ કરોડનાં ૧૩૬૬ કિ.મી.નાં ૨૨ કામો આયોજનના તબક્કામાં છે. આમ, ગુજરાતમાં નૅશનલ હાઈ-વેના બાંધકામ અને સુધારણા માટે કુલ રૂ. ૧,૦૮,૬૯૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

રાજ્યમાં કાર્યરત મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ, જેમાં અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ વે, દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે, અમૃતસર-જામનગર એક્સપ્રેસ વે અને થરાદ- અમદાવાદ એક્સપ્રેસ વે, અમદાવાદ-શામળાજી સિક્સ લેન, ભાવનગર-સોમનાથ ફોર લેન, પાલનપુર-સામખિયાળી, મોરબી-સામખિયાળી ફોર લેન, ધરોઈ-અંબાજી ફોર લેનના કાર્યની પ્રગતિ વિશે ચર્ચા કરવામાં આવી હતી.



આ ઉચ્ચસ્તરીય બેઠકમાં કેન્દ્રના સડક પરિવહન મંત્રાલયના અધિકારીઓ, નૅશનલ હાઈવે ઑથોરિટીના સભ્યશ્રી તેમજ મુખ્યમંત્રીશ્રીના સલાહકાર શ્રી એસ. એસ. રાઠોર તથા રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. ●

## રાજ્યની નગરપાલિકાઓના પદાધિકારીઓ સાથે મુખ્યમંત્રીશ્રીની બેઠક

# રાજ્યની તમામ નગરપાલિકા માટે એક ટાઉન પ્લાનિંગ સ્કીમ બનાવાશે

આગામી સમયમાં રાજ્યની નગરપાલિકાઓનો સુનિયોજિત વિકાસ કરવા માટે નગરપાલિકાદીઠ એક ટાઉન પ્લાનિંગ સ્કીમ બનાવવામાં આવશે, તેવી મહત્ત્વપૂર્ણ જાહેરાત તાજેતરમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્વારા આયોજિત સિટી લીડર્સ કૉન્ક્લેવમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કરી હતી.

આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યની નાની-મોટી નગરપાલિકાઓ પોતાનાં નગરોનાં વિકાસકામો માટે વધારાનાં નાણાં આયોજિત કરવા સાથે નગર સુખાકારી અને જનસુવિધા વૃદ્ધિનાં કામો હાથ ધરી શકે તે માટે આ નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

રાજ્યની બ, ક અને ડ વર્ગની નગરપાલિકાઓના પ્રમુખો, સ્ટૅન્ડિંગ કમિટી અધ્યક્ષો અને ચીફ ઑફિસર્સની આ કૉન્ક્લેવમાં નગરોમાં સ્વચ્છતા-સફાઈ, પાણી-વીજળી-ગટર અને સૉલિડ વેસ્ટ મૅનેજમેન્ટ તેમજ અફોર્ડેબલ હાઉસિંગ ક્ષેત્રે થયેલી કામગીરી અને બેસ્ટ પ્રૅક્ટિસિસનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આ કૉન્ક્લેવમાં પ્રેરણાદાયી માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની રાજનીતિથી જનતા જનાર્દનનો વિશ્વાસ સંપાદિત કર્યો છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ એવી નગરપાલિકાઓ પણ વિકાસકામોની તેજ રફતારથી એ



ભરોસા-વિશ્વાસને વધુ આગળ ધપાવે તેવું આહ્વાન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ નગરપાલિકાઓમાં સ્વચ્છતા અભિયાન અને અમૃત મિશન અન્વયે હાથ ધરાયેલી કામગીરીની છણાવટ કરતાં ઉમેર્યું હતું કે, હવે સ્વચ્છતા છેક છેવાડાના સ્તર સુધી સૌનો સહજ સ્વભાવ બની ગઈ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશીથી સ્વચ્છતા હવે જનઆંદોલન બની છે, ત્યારે નગરપાલિકાઓએ પણ સૉલિડ વેસ્ટ મૅનેજમેન્ટ, સફાઈ માટે ખાસ ધ્યાન રાખવાની જરૂર છે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, નગરપાલિકાઓનાં વિકાસકામો નાણાંના અભાવે અટકે નહીં તેવું સુદૃઢ નાણા-વ્યવસ્થાપન અને નવી વ્યવસ્થાઓ વિકસાવવામાં રાજ્ય સરકાર નગરપાલિકાઓ સાથે છે. તેમણે નગરોમાં રોજબરોજના પ્રશ્નોનું નગરપાલિકા અને રાજ્ય સરકાર સાથે મળીને ત્વરાએ નિરાકરણ લાવવાની પણ આ કૉન્ક્લેવમાં હિમાયત કરી હતી.

શહેરી વિકાસ અને શહેરી ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સચિવ શ્રી રાકેશ શંકરે વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત થયેલી કામગીરીની વિગત આપતાં કહ્યું હતું કે વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ૧.૫૭ લાખ આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત વર્ષ-૨૦૨૨-૨૩માં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને ૭ એવૉર્ડ એનાયત કરવામાં આવ્યા છે.

આ પરિસંવાદમાં પ્રાદેશિક નગરપાલિકા કમિશનરશ્રીઓ દ્વારા વિવિધ નગરપાલિકાઓમાં પ્લાસ્ટિક રિસાઇકલિંગ, વેસ્ટ પ્લાસ્ટિક મૅનેજમેન્ટ, વેસ્ટ ટુ એનર્જી, વીજળી બચત, વેસ્ટ વૉટર મૅનેજમેન્ટ તથા સ્પોર્ટ્સ સંકુલ જેવી થયેલી વિકાસલક્ષી કામગીરી તથા નગરપાલિકાઓ સમક્ષ ઉપલબ્ધ તક અને પડકારો પણ રજૂ કરવામાં આવ્યાં હતાં.

આ બેઠકમાં શહેરી વિકાસ અને શહેરી ગ્રામ ગૃહનિર્માણ વિભાગના અગ્ર સચિવ શ્રી મુકેશકુમાર, મ્યુનિસિપાલિટી ઍડમિનિસ્ટ્રેશનના કમિશનર શ્રી રાજકુમાર બેનિવાલ, સ્વચ્છ ભારત મિશન (અર્બન) ડાયરેક્ટર શ્રી એસ. કે. પ્રજાપતિ સહિત નગરપાલિકાઓના પદાધિકારીઓ અને ચીફ ઑફિસર્સ હાજર રહ્યા હતા. ●




# પવિત્ર યાત્રાધામ પાવાગઢનાં વિકાસકાર્યોની સમીક્ષા કરતાં CM



દેશ-વિદેશના પ્રવાસીઓ માટે ગુજરાત બેસ્ટ ચૉઇસ ઑફ ટુરિઝમ ડેસ્ટિનેશન બન્યું છે. રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પ્રવાસનધામોના વિકાસ માટે સીધી દેખરેખ રાખી રહ્યા છે, જેના કારણે રાજ્યમાં પ્રવાસનધામોનાં વિકાસકાર્યોની ગતિ અવિરત ચાલી રહી છે. તાજેતરમાં ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એકાવન શક્તિપીઠ પૈકીની એક શક્તિપીઠ પાવાગઢ તીર્થક્ષેત્રમાં યાત્રી સુવિધા અને પ્રવાસન વિકાસ સહિતની નવનિર્માણ કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. રાજ્ય સરકાર પાવાગઢમાં માંચી ચોક ખાતે રૂ. ૧૩ કરોડ રૂપિયાનાં વિકાસ કામો તેમજ પંચમહોત્સવ ઊજવાય છે તે સ્થળ વડા તળાવ બ્યુટિફિકેશન સહિતની સુવિધા માટે રૂ. ૮૦ કરોડનાં વિકાસકામો હાથ ધરાશે. એટલું જ નહીં, ચાંપાનેરમાં હેરિટેજ સાઇટના વિકાસ માટે રૂ. ૩૩ કરોડના પ્રોજેક્ટ્સ પણ શરૂ થવાના છે. આમ, સમગ્રતયા પાવાગઢ તીર્થક્ષેત્રના વિકાસના ફેઝ-૩ અને ફેઝ-૪નો કુલ મળીને રૂ. ૧૮૩.૩૫ કરોડનો ખર્ચ આવનારા દિવસોમાં ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ આ પ્રોજેક્ટ્સના અમલીકરણ દ્વારા કરવાનું છે.

પાવાગઢ ખાતે આવનારા નવયુવાઓ અને રમતપ્રેમી નાગરિકોના મનોરંજન માટે ઍડવેન્ચર ઍક્ટિવિટીઝ પણ હાથ ધરવામાં આવી રહી છે. મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલી આ સમીક્ષા બેઠકમાં મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, શહેરી વિકાસ અગ્ર સચિવ શ્રી મુકેશકુમાર, પ્રવાસન અગ્ર સચિવ શ્રી હારિત શુકલા, પંચમહાલ જિલ્લા કલેક્ટરશ્રી, યાત્રાધામ વિકાસ બોર્ડના વરિષ્ઠ અધિકારીઓ, પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ્સ સહભાગી થયા હતા. ●

# ગાંધીનગરમાં વિવિધ ચાર પ્રકલ્પોનાં લોકાર્પણ



વિવિધ દસ્તાવેજોની નોંધણી કરાવવા આવતા રાજ્યના લાખો નાગરિકોને વધુ ઝડપી-પારદર્શક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે રાજ્યભરની નોંધણી કચેરીઓ વધુ આધુનિક અને ડિજિટલ બનાવાશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલા ડિજિટલ ભારત અભિયાન થકી આજે ભારતમાં 40%થી વધુ વ્યવહાર ડિજિટલના માધ્યમથી થઈ રહ્યા છે, જે ડિજિટલ ઇન્ડિયાની સફળતા દર્શાવે છે. અમેરિકામાં નોકરીઓ જઈ રહી છે, જ્યારે ભારતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં યુવાનોને નોકરીઓ મળી રહી છે. આ બદલાવ યોગ્ય અને સક્ષમ નેતૃત્વના પરિણામે આપણે અનુભવી રહ્યા છીએ તેમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગર ખાતે જણાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ગાંધીનગર ખાતે નોંધણી સર નિરીક્ષક અને સુપરિન્ટેન્ડેન્ટ ઑફ સ્ટૅમ્પ અંતર્ગત સ્ટૅમ્પ અને નોંધણી કચેરીનો લોગો, ન્યૂ પેમેન્ટ ગેટ વે- GARVI 2.0નું ICICI BANK પેમેન્ટ ગેટ વે સાથે ઇન્ટિગ્રેશન, પેપરલેસ કચેરી તરફનું પગલું- દસ્તાવેજોનું ડિજિટલ સ્વરૂપે સંગ્રહ અને બૅકઅપ ઇન્ટરનેટ કનેક્ટિવિટીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ ચાર નવીન પ્રકલ્પોના લોકાર્પણથી રાજ્યભરની રજિસ્ટ્રાર-સ્ટૅમ્પ કચેરીઓમાં દસ્તાવેજ નોંધણીમાં વધુ ઝડપ - સરળતા, અવિરત ઇન્ટરનેટની સુવિધા, પારદર્શકતા તેમજ પેમેન્ટ રિફંડ કરવામાં પણ વધુ ઝડપ આવશે. આ સંદર્ભે વધુને વધુ પરિણામલક્ષી કામ થાય તે માટે આપણે સૌએ વધુ હકારાત્મક અભિગમ રાખીને લોકોની સેવા કરવી પડશે તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ આ નવીન સેવાઓ શરૂ કરવા બદલ સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. આ સાથે, મુખ્યમંત્રીશ્રીએ 'ડિજિટલ ગુજરાત' પુસ્તકનું લોકાર્પણ તેમજ શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મયોગીઓનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે મહેસૂલ વિભાગના ઉચ્ચ અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●









# પૂર્ણાની પુણ્યભૂમિ "નવસારી"

નવસારી જિલ્લાને નવરંગી કહેવું કે રત્નગર્ભા ધરતી. આ જિલ્લાએ ભારતને અમૂલ્ય માનવરત્નો આપ્યાં છે તો તેની સાથે મીઠાના સત્યાગ્રહરૂપે ઇતિહાસમાં અમર થઈ પૂર્ણાની પુણ્યભૂમિ સિદ્ધ થઈ છે. નવસારી એટલે માત્ર સનાતની જ નહીં, પારસી, જૈનોની પણ જન્મ-કર્મભૂમિ. નવરંગી નવસારીને નવના આંક સાથે અજબ નાતો છે. નવસારીનો અર્થ સંસ્કૃતમાંથી પણ મળે છે. સંસ્કૃતમાં નવ એટલે આંક ૯ અને સર એટલે તળાવ. નવસારી શહેરની ઓળખ સમાન નવ તળાવ છે. શહેરમાં દૂધિયું, શરબત્યું, ગાંગડ્યું (વાગળ્યું) નાગતળાવડી, કાલ્યાવાડીવાળું, ભેસાત ખાડવાળું, માલીવાડીવાળું, માણે એમ નવ તળાવ છે. વળી, નવસારીની બહાર જવાનાં પણ નવ નાકાં છે, તો નવ બજાર પણ છે. જ્યારે નવસારીમાં જ આશાપુરી માતાજી સંકુલમાં નવ ડાળીવાળો વડ છે, જેનાં નવ થડ છે. આ વડમંડળ પણ જોવાલાયક છે.

ઉત્તરમાં સુરત જિલ્લો, પૂર્વમાં ડાંગ જિલ્લો અને પશ્ચિમમાં અરબી સમુદ્રની નજીક નવસારી શહેર આવ્યું છે, જેનો ઇતિહાસ ખૂબ જ સમૃદ્ધ છે. નવસારી, મુંબઈ અને અમદાવાદ વચ્ચે બ્રોડગેજ રેલવેલાઈનનું મહત્ત્વનું સ્ટેશન છે. અમદાવાદ-મુંબઈ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. 8 દ્વારા, પરિવહન બસ સેવા મારફત નવસારી ગુજરાતનાં મોટાં શહેરો સાથે જોડાયેલું છે. સ્વતંત્રતા પહેલાં નવસારી જૂના વડોદરા ગાયકવાડી રાજ્યનું મુખ્ય શહેર હતું. 1 લી મે, 1949થી નવસારીને સુરત જિલ્લામાં સમાવવામાં આવ્યો હતો. ત્યારબાદ 1964ના જૂન મહિનામાં સુરત જિલ્લામાં સુધારા કરવામાં આવ્યો અને વલસાડ જિલ્લામાં નવસારી જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ 2 ઓક્ટોબર, 1997ના રોજ નવસારી જિલ્લો અસ્તિત્વમાં આવ્યો.

નવસારીના ઇતિહાસ તરફ નજર દોડાવીએ તો જૂના હસ્તલેખ મુજબ તે 7મી સદીમાં પ્રખ્યાત હતું. 671 એ.ડી.માં "સામના નવ સારિકા" તરીકે ઓળખાતા આ પ્રદેશ પર ચાલુક્ય રાજવંશનું શાસન હતું. આ વંશમાં "અવનીજશાહ પુલકેશી રાજા" શાસન કરતો હતો, જેણે "નવ સારિકા"ના પલ્લકેશી રાજા (રાજા) પર જીત હાંસલ કરી, જેણે અરેબિયન આર્મીને હરાવી હતી. આ ચાલુક્ય શાસન ઈ. સ. 740 સુધી ચાલુ રહ્યું હોવાનું જાણવા મળે છે. "નવસારી" પહેલાં "નાગમંડળ" તરીકે જાણીતું હતું. "નવસારી" નામ પહેલાં શહેર વિવિધ નામે જેમ કે, નાગવર્ધન, નાગશાહી, નાગશરાલા, નવસારેહ, નાગમંડળ અને પારસીપુરી જેવાં નામે જાણીતું હતું એવા હસ્તલેખ ઉપલબ્ધ છે. તે સમયનું નવસારીનું હવામાન ખૂબ સારું હોવાને કારણે પારસી લોકો સૌથી પહેલાં નવસારીમાં આવ્યા હતા અને તેના લીધે જ નવસારીને "પારસીપુરી" તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ બધામાં ખાસ જાણવા મળે છે કે, ૧૮મી સદીના બીજા દસકામાં સોનગઢથી નવસારી જુનાથણા મરાઠાઓનું શાસન સ્થાપવામાં આવ્યું હતું. ઈ. સ.૧૮૯૮માં નવસારી જેલ, પોલીસ સ્ટેશન, સયાજીબાગ, ટાઉનહોલ, લાઈબ્રેરી, હોસ્પિટલ્સ, શાકભાજી અને માછલીબજાર, વહીવટી ઑફિસો અને ઐતિહાસિક ઇમારતો અસ્તિત્વમાં આવી.

સિટી ટાવરની પૂર્વમાં મુધુ-મિત્મા પાર્શ્વનાથનું દેરાસર આવેલું છે, જે દર્શાવે છે કે નવમી સદીમાં નવસારી જૈન ધર્મનું મુખ્ય (મોટું) કેન્દ્ર હોઈ શકે છે. પટવા શેરીમાં "બ્રહ્માજી"ની એક સુંદર મૂર્તિ છે. નવસારીની વિવિધ ટેકરીઓની હરોળ બનાવડ, કામુષ મહોલ્લો, મુસલમાન મહોલ્લો, પટવાશેરી, ડુંગડવાડ, મોટા મહોલ્લો, દમદા મહોલ્લો, વહોરવાડ ત્યાં છે, જ્યારે ધૃતવાડ, દેસાઈવાડ, સૌગાવાડ, કાન્ગાવાડ, બાજારવાડ, ગોલવાડ વગેરે નીચાણવાળા વિસ્તાર છે. નવસારીના તરોટા બજારમાં પારસી લોકો વસે છે. પારસી વસતિની વચ્ચે આતશ બેહરામની સ્થાપના કરવામાં આવી હતી અને પારસી લોકોની વધેલી વસતિના પરિણામે હાલના વિરાવળ વિસ્તારમાં પારસી લોકો જોવા મળે છે.

પ્રાચીન સમયમાં નવસારી તેના વેપાર અને ઉદ્યોગો માટે જાણીતું હતુ. ઈ. સ. પહેલાં, ગ્રીકના મતે, નવસારીનો ભારતના પશ્ચિમી તટના એક પ્રસિદ્ધ બંદર તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. નવસારીના

વણાટકાર્યની પ્રશંસા કરવામાં આવી હતી અને “બાસ્તા” એટલે “જગ”વિખ્યાત વણાટના કામને જાણવા માટે વિદેશી વેપારીઓ નવસારીની મુલાકાત લેતા હતા. નવસારી “જરદોત્થી” કાર્ય (જરી ભરતકામ) માટે પણ પ્રસિદ્ધ બન્યું છે. નવસારીમાં શેઠ જમશેદજી જીજાબાઈનું નામ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

શહેરમાં “જ્યુબિલી” બગીચો અને “મફતલાલ” પાર્ક છે. દાંડી સત્યાગ્રહ દરમિયાન (ઈ. સ. 1930) પૂજ્ય મહાત્મા ગાંધીજીએ અહીં રાત્રિરોકાણ કર્યું હતું તથા જે માર્ગથી તે પસાર થયા હતા તેને “મહાત્મા ગાંધી રોડ” તરીકે ઓળખવામાં આવે છે.

## જિલ્લાના વ્યકિતવિશેષ

**દાદાભાઈ નવરોજી :** હિંદના દાદા તરીકે વિખ્યાત મહાન રાષ્ટ્રભક્ત દાદાભાઈ નવરોજીની જન્મભૂમિ નવસારી છે. ‘રાસ્ત ગોફતાર’ના તંત્રી વડોદરા રાજ્યના દીવાન, મુંબઈ કોર્પોરેશનના સભ્ય, બ્રિટનની પાર્લામેન્ટના પ્રથમ ભારતીય સભ્ય આમ વિવિધ હોદ્દાઓ શોભાવી ચૂકેલા દાદાભાઈ ભારતનું ગૌરવ છે.

**જમશેદજી નસરવાનજી ટાટા :** જમશેદજી ટાટાના નામથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. વિશ્વમાં ભારતને ઔદ્યોગિક નામના અપાવનાર આ મહાન ઉદ્યોગપતિ માત્ર વીસ વર્ષની ઉમરે વેપાર-ધંધામાં જોડાયા હતા. સાહસિક વૃત્તિના હોઈ નાગપુર ખાતે સૌપ્રથમ ૧૮૭૪માં એમ્પ્રેસ મિલ અને ત્યાર બાદ ૧૯૦૦માં કુલ ચાર મિલોની સ્થાપના કરી હતી. ૧૮૮૭માં તેઓએ ટાટા સન્સ નામની કંપની સ્થાપી, પણ અંગ્રેજ સરકારે તેમાં રસ ન લીધો. આખરે મહેનત કરી બિહારમાં લોખંડની ખાણ શોધી, ત્યાં ટાટા સ્ટીલની સ્થાપના કરી, વિશ્વમાં પોતાની નામના વધારી.



**જે.આર.ડી.ટાટા :** ભારતને આધુનિક યુગમાં લઈ જનાર શ્રી જમશેદજી ટાટાના વંશજ શ્રી જે.આર.ડી. ટાટાને પણ ભારતીય ઉદ્યોગના પિતામહ કહી શકાય. ભારતરત્નથી વિભૂષિત શ્રી જે.આર.ડી. ટાટાએ જમશેદજી ટાટાની જન્મભૂમિ નવસારીને ટાટા મેટલ અને સ્ટ્રિપ લિ.ની ભેટ ધરી હતી. ઉપરાંત નવસારીમાં એમણે અનેક ઉદાર સખાવતો કરી છે.



**શ્રી મોરારજી દેસાઈ :** ભારતના વડાપ્રધાન જેવું મહત્ત્વનું પદ ખૂબ જ કાબેલિયત અને પ્રશંસનીય રીતે શોભાવી ચૂકેલા શ્રી મોરારજી દેસાઈએ વર્ષો સુધી લોકસભામાં સુરત-નવસારી વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. કૃષિ-કોલેજ જેવી ઘણી બધી સંસ્થાઓ શ્રી મોરારજી દેસાઈને આભારી છે.

**પહેલા દસ્તુર મહેરજી રાણા :** પારસીઓના હાઈપ્રીસ્ટ ગણાતા મહેરજી રાણાનો જન્મ ૧૫૩૬માં નવસારી ખાતે થયો હતો. સન ૧૫૭૮માં મોગલ સમ્રાટ અકબરે પારસી ધર્મ વિશે જાણકારી મેળવવા મહેરજી રાણા દસ્તુરને દિલ્હી બોલાવેલા અને એમની પાસેથી પારસી ધર્મની ફિલસૂફી મેળવીને અકબર પ્રભાવિત થયા હતા. દસ્તુર મહેરજી રાણાના માનમાં સંગીતસમ્રાટ તાનસેને સારંગ ગાયન પણ રચ્યું હતું.

**સર જમશેદજી જીજીભાઈ :** ૧૮મી સદીમાં જન્મેલા જમશેદજીએ તે સમયે રૂ. ૫૦ લાખની સખાવત કરી હતી. ૧૭ વર્ષની નાની ઉમરે દેશ-વિદેશમાં જઈ વેપાર ધંધામાં લાખો રૂપિયા કમાયા, જે કમાણીમાંથી તેમણે મુંબઈ, નવસારી, સુરત જેવાં સ્થળોએ શાળાઓ ખોલી હતી. હોસ્પિટલ્સ, ઢોરનાં દવાખાનાં તથા ગામેગામ પીવાના પાણી માટે કૂવા ખોદાવ્યા હતા. આવાં ઉમદા કાર્યો કરવા બદલ સખાવતના શહેનશાહ જમશેદજીને અંગ્રેજી સરકારે ‘સર’નો ખિતાબ એનાયત કર્યો હતો.

**રાજરત્ન દિનશા રતનજી દાબુ :** ૧૯૧૮થી ૧૯૨૫ સુધી વડોદરાની લેજિસ્લેટિવ કાઉન્સિલના ચૂંટાયેલા સભ્ય હતા. ૧૯૨૩ની સાલમાં ચૂંટાયેલી પ્રથમ શહેર સુધરાઈના પ્રથમ પ્રમુખ બન્યા હતા. શ્રી દાબુએ પારસી જનરલ હોસ્પિટલ, દાબુ હોસ્ટેલ, દીનબાઈ દાબુ કન્યા વિદ્યાલય જેવી અગ્રગણ્ય સેવાસંસ્થામાં તેઓએ













દાન આપ્યાં હતાં. એમના દાનમાંથી જ દાબુ લૉ કોલેજ અસ્તિત્વમાં આવી હતી. ગાયકવાડ સરકારે તેમને રાજરત્ન એવૉર્ડથી નવાજ્યા હતા.

**રાજરત્ન ફરામરોજ રતનજી દાબુ :** રતનજી દાબુના તેઓ પુત્ર હતા. બી.એ. અને બી.એસસી.ની ડિગ્રીઓ ધરાવતા હતા. તેઓ ખેતીવાડી વિજ્ઞાનના વિદ્વાન હતા. નવસારી શહેર સુધરાઈના પ્રમુખ હતા. વડોદરાની ધારાસભામાં સભ્ય તરીકે પણ ચૂંટાયા હતા. ગાયકવાડ સરકારે તેમને રાજરત્ન એવૉર્ડ આપી સન્માન કર્યુ હતું.

## નવસારીની વિકાસયાત્રા

**કુપોષણમુક્ત નવસારી :** પ્રધાનમંત્રી પોષણ અભિયાનની પ્રેરણા લઈ નવસારી જિલ્લાનાં કુપોષિત અને અતિકુપોષિત બાળકોને પોષણ મળે તે હેતુથી કુપોષણમુક્ત નવસારી પ્રોજેક્ટનો પ્રારંભ કરાયો. જાન્યુઆરી-૨૦૨૨ અતિકુપોષિત અને કુપોષિત કુલ-૧,૩૦૬ બાળકોને વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓને દત્તક આપવામાં આવ્યાં હતાં. અધિકારીઓએ સપ્તાહમાં બે વાર મુલાકાત લઈ સ્વખર્ચે પોષણયુક્ત આહાર આપવાની કાળજી લીધી. ચાઇલ્ડ સ્પેશિયાલિસ્ટ દ્વારા દર ૧૫ દિવસે બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવી. કુપોષણમુક્ત નવસારી પ્રોજેકટના ત્રણ મહિનાના અંતે ૧,૩૦૬ કુપોષિત બાળકોમાંથી ૫૩૭ બાળકોની પોષણસ્તરની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો અને જાન્યુઆરી-૨૦૨૨ કુપોષણ દર ૨.૧% થી ઘટીને મે-૨૦૨૨ ૧% થયો છે. કુપોષણમુક્ત નવસારી અભિયાન હેઠળ જિલ્લાને ગ્રીન ઝોનમાં લાવવામાં સફળતા સાંપડી છે.

**મેડિકલ કોલેજ નવસારી :** નવસારી જિલ્લામાં રૂ. ૫૪૨ કરોડના ખર્ચે અદ્યતન સુવિધાઓવાળી મેડિકલ કોલેજ અને મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલનું આગામી દિવસોમાં નિર્માણ થશે. વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૦૦ વિદ્યાર્થીના પ્રતિવર્ષ પ્રવેશ સાથે મેડિકલ કૉલેજ શરૂ થવા જઈ રહી છે. આ કોલેજ કેમ્પસમાં મેડિકલ કૉલેજ હોસ્ટેલ, સ્ટાફ ક્વાટર્સ, સ્પોર્ટ્સ ફેસિલિટી અને અન્ય સુવિધાઓ ઊભી કરવામાં આવશે.

**પાણીપુરવઠા :** નલ સે જલ યોજના હેઠળ નવસારી જિલ્લામાં ૧૦૦% કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

નવસારી જિલ્લામાં સાંદલપોર, ખેરગામ અને રૂમલા જૂથ પાણીપુરવઠા યોજનાની કુલ અંદાજિત કિંમત રૂ. ૨૪૧.૬૮ કરોડ છે અને તેમાં ૯૪ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં કુલ ૩,૮૮,૪૭૬ વસ્તીને આ જૂથ યોજનાનો લાભ મળશે. અંદાજિત કિંમત રૂ. ૬.૬૭ કરોડના ખર્ચે તૈયાર થયેલી જૂથ પાણી પુરવઠા યોજનાનું લોકાર્પણ કરવામાં આવ્યું છે, જેમાં ૧૬ ગામનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેનાથી ૧,૦૯,૦૮૫ વસ્તીને આ જૂથ યોજનાનો લાભ મળશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ગત એપ્રિલ માસમાં વાઘરેચ ટાઇડલ રેગ્યુલેટર પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. મીઠા પાણીની ગંભીર સમસ્યા નિવારવા રૂ. ૨૫૦ કરોડના ખર્ચે તૈયાર થનાર આ વ્યૂહાત્મક પ્રોજેક્ટથી પીવા માટે અને સિંચાઈ માટે મીઠું પાણી ઉપલબ્ધ થશે.

કાવેરી નદીમાં - ૧૩ કિ.મી અને ખરેરા નદીમાં - ૫ કિ.મી. લંબાઈમાં મીઠા પાણીનો સંગ્રહ થશે, ભૂગર્ભ જળની ગુણવત્તામાં સુધારો તથા ભૂગર્ભ જળની સપાટીમાં વધારો થશે અને ૩,૪૫૮ એકર જમીનને સિંચાઈનો સીધો તથા આડકતરો ફાયદો થશે.

પીવાના પાણી માટે કાકરાપાર બલ્કલાઇન આધારિત યોજનામાં ૧૭૯ ગામોને આવરી લેવાયાં છે, જેનો અંદાજિત ખર્ચ રૂ. ૨૫૧ કરોડ છે. દમણગંગા બલ્કલાઇન આધારિત ૨૧૫ ગામોને આવરી લેવાયાં છે, જેનો અંદાજિત ખર્ચ રૂ. ૬૫૯ કરોડ થનાર છે, જે કામો હાલ પ્રગતિ હેઠળ છે.

**શિક્ષણ વિભાગ :** નવસારી જિલ્લામાં પાયાનું શિક્ષણ આપતી ૮૮૧ પ્રાથમિક શાળા, ૨૪૮ માધ્યમિક શાળા છે. ઉચ્ચ શિક્ષણ માટે ૨૯ કોલેજ છે. જિલ્લાનો સાક્ષરતા દર ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ૮૪.૭૮ % છે. શાળા છોડી જનાર દર (ડ્રોપ-આઉટ રેશિયો) વર્ષ-૨૦૨૨માં ૧.૭૮ છે. કન્યાકેળવણી રથયાત્રા, વિદ્યાલક્ષ્મી યોજના વિદ્યાદીપ યોજનાનો સુપેરે અમલ કરવામાં આવ્યો છે.

**જન-જન સુધી યોજનાકીય સુવિધા :** પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત નવસારી જિલ્લામાં કુલ ૫,૧૦,૬૪૬ કાર્ડ ઇશ્યુ કરવામાં આવ્યાં છે. નવસારી જિલ્લામાં કુલ ૧૨,૬૨,૦૪૪ રેશનકાર્ડ

ધારણકર્તાઓ છે, જે પૈકી ૯,૧૮,૩૭૩ લોકોને એન.એફ.એસ.એ. યોજના હેઠળ તથા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ વિનામૂલ્યે અનાજ પૂરું પાડવામાં આવે છે તથા તહેવારના દિવસો દરમિયાન વધારાની ખાંડ, તેલ તથા તુવેરદાળનું વિતરણ પણ કરવામાં આવે છે. નવસારી જિલ્લામાં વન અધિકાર અધિનિયમ -૨૦૦૬ અન્વયે કુલ-૩,૭૩૯ અધિકાર પત્રો તથા માપણીશીટનું વિતરણ કરવામાં આવ્યું છે.

**નવસારીના દ્વારે વિકાસની દસ્તક :** નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના ખૂંધ ખાતે રૂ. ૫૦ કરોડના ખર્ચે વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર બનાવવામાં આવ્યુ છે. નવસારી જિલ્લાના માછીવાડ-દીવાદાંડી ખાતે દરિયાકાંઠાનું ધોવાણ અટકાવવા માટે રૂ. ૧,૩૧૮ લાખના ખર્ચે બે પ્રોટેક્શન વોલનું કામ પ્રગતિમાં છે.

પી. એમ. કિસાન યોજના અંતર્ગત નવસારી જિલ્લામાં કુલ ૧,૨૯,૭૩૭ ખેડૂતોને વાર્ષિક રૂ. ૭૭ કરોડની સહાય મળી છે, જેમાં અત્યાર સુધીમાં કુલ ૨૧૮ કરોડથી વધુની રકમ સહાયરૂપે ખેડૂતો પોતાના ખાતામાં મેળવી રહ્યા છે. ખેડૂત અકસ્માત વીમા યોજના અંતર્ગત નવસારી જિલ્લાના અત્યાર સુધીમાં ૬૫૪ લાભાર્થીને અત્યાર સુધીમાં કુલ રૂ. ૫. ૭૨ કરોડની સહાય ચૂકવણી કરવામાં આવી છે.

નવસારી જિલ્લા આયોજન કચેરી દ્વારા ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં નવસારી જિલ્લાને મળવાપાત્ર રકમ રૂ. ૨૬૫૦ લાખ સામે વિવેકાધિન યોજના હેઠળ અલગ અલગ યોજના હેઠળ કુલ રૂ. ૨૨૧૯ લાખનાં (૮૩.૭૩ ટકા) કુલ ૯૮૫ વિકાસનાં કામો મંજૂર કરવામાં આવ્યાં છે, જે પૈકી ૧૧૨ કામો પૂર્ણ થયેલાં છે અને ૩૬૩ કામો પ્રગતિ હેઠળ છે.




## પ્રવાસન સ્થળો

**દાંડી :** નવસારી તાલુકામથકથી ૧૯ કિ.મી.ના અંતરે સમુદ્રતટે વસેલું આ ગામ મહાત્મા ગાંધીજીના મીઠાના ઐતિહાસિક સત્યાગ્રહ માટે જાણીતું છે. આ ઐતિહાસિક દાંડી ખાતે સાગર નજીક ગાંધી સ્મારક કીર્તિસ્તંભ સ્થાપવામાં આવ્યો છે. સ્મારકની સામે "સૈફવિલા" છે, જ્યાં રાત્રિ દરમિયાન ગાંધીજીએ નિવાસ કર્યો હતો. હાલ તેમાં ગાંધી સંગ્રહાલય અને પુસ્તકાલય છે.



**દાંડી સોલ્ટ સત્યાગ્રહ સ્મારક :** વિશ્વના પર્યટકો માટે તીર્થક્ષેત્ર સમાન સ્મારક એવું ૧૫ એકરમાં રૂ. ૧૧૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા ઐતિહાસિક દાંડી સોલ્ટ સત્યાગ્રહ સ્મારકને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૩૦ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ રાષ્ટ્રાર્પણ કરવામાં આવ્યું, જેમાં સોલ્ટના પ્રતીક સમા ક્રિસ્ટલ ટાવર, ઊર્જા બચત માટે ૪૧ સૌર વૃક્ષો, પ્રવાસીઓ માટે સોલ્ટ મેકિંગ પેન્સનો સમાવેશ થાય છે. સ્મારક સાથે પરિસરમાં વિશાળ તળાવ, ઓડિટોરિયમ, લાઇબ્રેરી સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે, જેની દેશ-વિદેશના પ્રવાસીઓ રોજ-બરોજ મોટી સંખ્યામાં મુલાકાત લઈ રહ્યા છે. તદુપરાંત દર વર્ષે રાષ્ટ્રીય પર્વો દરમિયાન તથા ગાંધી જયંતીના રોજ દેશભક્તિને ઉજાગર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવે છે .

**ઉનાઈ માતા મંદિર :** નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં આવેલું પ્રસિદ્ધ યાત્રાધામ ઉનાઈ મંદિર ખાતે દર વર્ષે રાજ્ય સરકાર દ્વારા 'ઉનાઈ મહોત્સવ'નું આયોજન કરવામાં આવે છે. ઉનાઈ માતા મંદિરે ગુજરાતના શ્રદ્ધાળુઓમાં પ્રવાસન સ્થળ તરીકે નવી ઓળખ ઊભી કરી છે. બીલીમોરા-વઘઈ રેલવે માર્ગ પર આવેલુ આ ગામ ઉનાઈ પાણીના કુંડો માટે જાણીતું છે. ગરમ પાણીના આ કુંડોનો ઇતિહાસ રામાયણકાળ સાથે સંબંધ ધરાવે છે. આ મંદિરે લોકો દર્શનાર્થે આવે છે. ●

**સંકલન : યજ્ઞેશ ગોસાઇ, રાજ જેઠવા, ભાવિન પાટીલ**





# મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં TP-DPની મંજૂરીની સંખ્યા શતકને પાર



રાજ્યમાં આયોજનબદ્ધ શહેરી વિકાસની દિશાને વધુ વેગ આપવાની નેમ સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નવી ૭ ટાઉન પ્લાનિંગ સ્કીમને મંજૂરી આપી છે.

આ ટાઉન પ્લાનિંગ સ્કીમમાં અમદાવાદની ૪ પ્રીલિમિનરી સ્કીમ અને અલંગની ૩ ડ્રાફ્ટ ટી. પી. સ્કીમનો સમાવેશ થાય છે. અલંગ વિસ્તાર વિકાસ સત્તામંડળની રચના કર્યા બાદ પ્રથમ વાર આ ૩ ડ્રાફ્ટ ટી. પી. મુખ્યમંત્રીશ્રી દ્વારા મંજૂર કરવામાં આવી છે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અલંગની જે ૩ ડ્રાફ્ટ ટી. પી. મંજૂર કરી છે તેમાં ડ્રાફ્ટ ટી. પી. સ્કીમ નં. ૧ ત્રાપજ, સ્કીમ નં. ૨ મહાદેવપર-કઠવા અને સ્કીમ નં-૩ અલંગ-મણાર-કઠવાની સ્કીમ સમાવિષ્ટ છે. આ ડ્રાફ્ટ ટી. પી. સ્કીમને મુખ્યમંત્રીશ્રીની મંજૂરી મળતાં હવે સંબંધિત વિસ્તારોમાં રસ્તાઓનું ઝડપી અમલીકરણ થશે. એટલું જ નહીં, આંતરમાળખાકીય સવલતો પ્રાપ્ત થવાથી નાગરિકોના ઈઝ ઑફ લિવિંગમાં પણ વૃદ્ધિ થશે.

અલંગ વિસ્તાર વિકાસ સત્તામંડળની આ ત્રણેય ડ્રાફ્ટ ટી. પી.માં કુલ ૨૧.૧૪ હેક્ટર્સ જમીન આર્થિક રીતે નબળા વર્ગના (EWS) લોકોના આવાસો માટે સંપ્રાપ્ત થવાની છે અને કુલ ૧૮,૯૦૦ EWS આવાસો અહીં નિર્માણ થઈ શકશે.



અમદાવાદ મહાનગરપાલિકાની જે ૪ પ્રીલિમિનરી ટી. પી. મંજૂર કરવામાં આવી છે, તેમાં ટી. પી. સ્કીમ નં. ૭૪ (ચાંદખેડા-ઝુંડાલ), ટી. પી. સ્કીમ નં.૧૨૩/એ (નરોડા), ટી. પી. સ્કીમ નં. ૯૦ (વિંઝોલ-૨) તથા ટી. પી. સ્કીમ નં. ૯૬/એ (હાંસોલ-અસારવા)નો સમાવેશ થાય છે. આ ચાર ટી. પી. સ્કીમ દ્વારા ૨.૮૩ હેક્ટર્સ જમીન વિસ્તારમાં કુલ ૪૩૫૦ EWS આવાસો બનશે.

મુખ્યમંત્રીશ્રીએ આપેલી મંજૂરીને પરિણામે અલંગ અને અમદાવાદની આ સ્કીમમાં બાગ-બગીચા, રમત-ગમતના મેદાન તથા ખુલ્લી જગ્યા માટે ૨૯.૩૧ હેક્ટર્સ જમીન અને જાહેર સુવિધાઓ માટે કુલ ૨૫.૫૬ હેક્ટર્સ જમીન પ્રાપ્ત થવાની છે.

આંતરમાળખાકીય સુવિધાઓના ખર્ચને પહોંચી વળવાના હેતુસર વેચાણ માટે કુલ ૬૫.૬૮ હેક્ટર્સ જમીન આ ટાઉન પ્લાનિંગ સ્કીમ મંજૂર થવાથી મળશે.

મુખ્યમંત્રીશ્રીએ શહેરી વિસ્તારોના વિકાસને ઝડપી બનાવી લોકોને વધુ સુવિધાઓ આપવાની નેમ સાથે અત્યાર સુધીમાં ૧૦૦ જેટલી ટાઉન પ્લાનિંગ સ્કીમ મંજૂર કરી છે. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બીજી વાર મુખ્યમંત્રી તરીકે રાજ્યશાસનનું દાયિત્વ અને શહેરી વિકાસ વિભાગનો હવાલો સંભાળ્યા બાદ વધુ ૭ ટાઉન પ્લાનિંગ સ્કીમને તાજેતરમાં મંજૂરી આપી છે. ●

# રાજ્યભરમાં નવા ૨૧ હજાર વર્ગખંડોનું નિર્માણ થશે

'સૌ ભણે અને સૌ આગળ વધે'ની વિભાવનાને સાર્થક કરતા રાજ્યભરમાં શૈક્ષણિક વ્યવસ્થાઓ સુદૃઢ કરવામાં આવી રહી છે. સૌને શિક્ષણ સુલભ બને અને ઘરઆંગણે જ મળે તે માટે સમયાનુકૂલ આધુનિક શૈક્ષણિક વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી રહી છે, જેને વધુ બળવત્તર બનાવતાં રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં નવા ૨૧ હજાર વર્ગખંડો બનાવવાનો નિર્ણય લીધો છે.



આ અંગેની વિગતો આપતાં પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં નવા ૨૧ હજાર વર્ગખંડો બાંધવા માટે કાર્યવાહી યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે. શાળામાં અભ્યાસ કરતાં બાળકોને યોગ્ય ગુણવત્તાલક્ષી માળખાકીય સવલતો ઉપલબ્ધ બને તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. માર્ચ-૨૦૨૦થી સપ્ટેમ્બર-૨૦૨૧ સુધીના કોરોનાકાળ દરમિયાન કોઈ જ બાંધકામ પ્રવૃત્તિ ન થવાના કારણે રાજ્યમાં વર્ગખંડોની ઘટ વધી હતી. તા. ૩૦-૦૪-૨૦૨૨ સુધીમાં રાજ્યમાં લગભગ ૨૧ હજાર વર્ગખંડોની ઘટ ઊભી થઈ હતી. આ ઘટ દૂર કરવા માટે નવા ૨૧ હજાર વર્ગખંડો બાંધવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, જેના ભાગરૂપે અત્યાર સુધીમાં અંદાજે ૧૦ હજાર નવા વર્ગખંડો બાંધવા તથા ૨૧ હજાર વર્ગખંડો રિપેર કરવા માટે વર્ક ઑર્ડર ઈશ્યુ કરવામાં આવ્યા છે અને બાંધકામની કામગીરી પણ હાલ શરૂ કરી દેવામાં આવી છે, એટલું જ નહીં, વર્ષ - ૨૦૨૨ દરમિયાન નવા ૧,૯૬૮ વર્ગખંડોનું બાંધકામ તથા ૩,૯૯૦ વર્ગખંડોનું રિપેરિંગ કામ પૂર્ણ કરવામાં આવ્યું છે.

શૈક્ષણિકના માળખાકીય વિકાસમાં રાજ્ય સરકારે જ્યારે અને જે જોઈએ તે પૂરું પાડવાનો ઉદાત્ત અભિગમ રાખ્યો છે, જેને લઈને આ નવા વર્ગખંડોનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ વર્ગખંડોના નિર્માણથી વિદ્યાર્થીઓના સરળ અને સુગમ શિક્ષણનાં નવા દ્વાર ખૂલશે. ●

# માતૃભાષામાં અભ્યાસ સામગ્રી તૈયાર કરવા નિષ્ણાત સમિતિની રચના

એ સર્વવિદિત છે કે, બાળક જે ભાષામાં વિચારે છે, જે ભાષા તેની આસપાસ બોલાય છે, જે ભાષાને તે ઝડપથી ગ્રહણ કરી શકે છે, તે ભાષામાં તે સારી રીતે અભ્યાસ કરી શકે છે. માતૃભાષામાં લેવાયેલું શિક્ષણ લાંબા ગાળા સુધી સરળતાથી યાદ રહે છે. માતૃભાષાની આ ઉપયોગિતા પારખીને રાજ્ય સરકાર દ્વારા રાજ્યના વિવિધ તક્નીકી, તબીબી અને અન્ય વ્યાવસાયિક અભ્યાસક્રમો માટે માતૃભાષામાં અભ્યાસ સામગ્રી તૈયાર કરવા માટે નિષ્ણાત સમિતિની રચના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે, જે અંતર્ગત વિવિધ યુનિવર્સિટીઓને જે-તે વિષયના ભાષાંતરની કામગીરી સોંપવામાં આવી છે.

પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે આ અંગે જણાવ્યું હતું કે, NEP-2020માં દર્શાવેલાં ધ્યેયો અને ઉદ્દેશ્યો અનુસાર કાર્ય કરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા 'ગુજરાત NEP સેલ' હેઠળ વિવિધ ટાસ્ક ફોર્સ સમિતિઓની રચના કરીને તેઓને કામગીરી સોંપવામાં આવી છે.

રાજ્યની ૪૫ જેટલી યુનિવર્સિટીઓએ નૅશનલ એકૅડેમિક ડિપોઝિટરી (NAD) પોર્ટલ પર એકૅડેમિક બૅન્ક ઑફ ક્રેડિટ માટે નોંધણીની પ્રક્રિયા પૂર્ણ કરી છે. ‘Digi Locker’ પર રાજ્યની યુનિવર્સિટીઓ દ્વારા વિદ્યાર્થીઓની માર્કશીટ અપલોડ કરવામાં આવી છે.

રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓએ Multiple Entry-Exitને સમર્થન આપવા માટે તેમના અભ્યાસક્રમમાં વિવિધ વૈકલ્પિક વિષય ઉમેરવામાં આવ્યા છે અને આ વૈકલ્પિક વિષયની ક્રેડિટનો વિદ્યાર્થીઓના ઓવરઑલ ગુણાંકમાં સમાવેશ કરવામાં આવનાર છે.

આમ, એક બાજુ શિક્ષણના ભૌતિક માળખાને વિકસિત કરવામાં આવી રહ્યું છે તો બીજી તરફ વિદ્યાર્થીઓના હિતમાં નવી પહેલ કરવામાં આવી રહી છે, તો તે સાથે આધુનિક પ્રવાહો સાથે કદમ મિલાવતા ડિજિટલ ટેક્નોલૉજીને પણ સામેલ કરવામાં આવી રહી છે.

ટૂંકમાં, સર્વગ્રાહી શિક્ષણ વ્યવસ્થામાં સુધારો કરવામાં આવી રહ્યો છે. નવી શિક્ષણનીતિને સાનુકૂળ પગલાં લઈને રાજ્યનું બાળક વૈશ્વિક સ્પર્ધાનો સામનો કરવા માટે સક્ષમ બને તે માટે આ બધા સમયાનુકૂલ પગલાં લેવામાં આવી રહ્યાં છે. ●

# સરકારી ઠરાવો/ પરિપત્રોમાં એકરૂપતા લાવવા તેને સંકલિત કરાશે

સામાન્ય રીતે રાજ્ય સરકાર દ્વારા તેના કોઈ પણ નિર્ણયો અને સૂચનાઓ વિવિધ લક્ષ્યાંકિત સમૂહ સુધી પહોંચાડવા માટે ઠરાવ અને પરિપત્રોનો ઉપયોગ થતો હોય છે. રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા સમયે-સમયે આ માટે અલગ-અલગ ઠરાવો અને પરિપત્રો કરવામાં આવતા હોય છે.

રાજ્ય સરકારના આટલા મોટા તંત્રમાં એક જ વિષય પર અલગ-અલગ વિભાગો દ્વારા આવા ઠરાવો અને પરિપત્રોને કારણે એક જ જગ્યાએ તેને શોધવા મુશ્કેલ બને છે, જેને કારણે રાજ્ય સરકારના વહીવટી માળખામાં પણ બિનજરૂરી કાર્યવાહી વધે છે. આ સમસ્યાને પારખીને એક જ વિષયને લઈને વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલા ઠરાવો અને પરિપત્રોમાં એકરૂપતા લાવી સંકલિત કરવાનો રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને તાજેતરમાં મળેલી કૅબિનેટની બેઠકમાં લેવાયેલા અગત્યના નિર્ણયો અંગેની વિગતો આપતા પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના તમામ વિભાગો દ્વારા એક જ વિષયને લગતા જુદા-જુદા સમયમાં અમલી બનાવેલા સરકારી ઠરાવો / પરિપત્રોને ઝુંબેશ સ્વરૂપે આગામી તા. ૩૧મી માર્ચ,૨૦૨૩ સુધીમાં સંકલિત કરીને જાહેર કરવામાં આવશે.

હવે પછી જાહેર થનારા ઠરાવો/પરિપત્રોમાં “સનસેટ ક્લોઝ” દાખલ કરીને એક ચોક્કસ સમય પછી તેની સમીક્ષા અને તે તારીખ પછી સુધારા-વધારા અને અન્ય વહીવટી સૂચનાઓના સમાવેશ સાથે પુન: નવા સંકલિત ઠરાવો/ પરિપત્રો બહાર પાડવા અંગેની અગત્યની જોગવાઈ દાખલ કરવામાં આવશે, જેના થકી જે તે સમયના બદલાયેલા સંજોગોથી સરકારી ઠરાવો અથવા પરિપત્રો સુસંગત રહેશે.

‘સનસેટ ક્લોઝ’ ઉમેરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય એક જ પરિપત્ર વર્ષો સુધી ચાલે નહીં અને તેના પર રિવ્યુ કરીને નવી જોગવાઈ ઉમેરી શકાય, હાથ ધરી શકાય અથવા એ જ ઠરાવ નવી તારીખથી લાગુ પાડી શકાય તે છે.

તદુપરાંત વિવિધ સરકારી યોજનાઓના નવા ઠરાવો બહાર પાડતા સમયે તે ઠરાવોની જોગવાઈઓની સમજૂતી તેના સંભવિત લાભાર્થીઓના દૃષ્ટિકોણથી વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQ-Frequently Ask Question) પ્રશ્નોતરી સ્વરૂપે વેબસાઇટ ઉપર મૂકવામાં રહેશે, જેના થકી ઠરાવો બહાર પાડનાર વહીવટી વિભાગ/ક્ષેત્રીય કચેરીઓ અને લાભાર્થીઓમાં જે-તે ઠરાવોની સમજૂતી અંગેની મૂંઝવણ દૂર થશે.

આમ, આવા પરિપત્રોના સંકલનથી તેના અર્થઘટનના પ્રશ્નો દૂર થશે અને જે- તે પરિપત્રોને સમયાનુકૂલ બનાવી શકાશે. આથી, આધુનિક પ્રવાહો સાથેનું તાદાત્મ્ય અને સાનુકૂલન વધશે. ●

## આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના

રાજ્યની તમામ વર્ગની નગરપાલિકાઓ પૂરતા નાણાભંડોળ અને નાણાકીય વ્યવસ્થાપન દ્વારા આત્મનિર્ભર બને અને નગરોના કરદાતાઓને પણ કર ભરવામાં પ્રોત્સાહન મળે તેવા હેતુથી "આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના" જાહેર કરી છે. નાગરિકોને નગરપાલિકાઓના તમામ પ્રકારના બાકી વેરા ભરપાઈ કરવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાહત આપતા બે મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યા છે.

જે અંતર્ગત પહેલાંનાં માગણા બિલના તમામ પ્રકારના વેરાની બાકી રકમ તા. ૩૧મી માર્ચ-૨૦૨૩ સુધીમાં ભરપાઈ કરે તેમને નોટિસ ફી, વ્યાજ પેનલ્ટી અને વૉરંટ ફીની રકમ ૧૦૦ ટકા માફ કરી દેવાશે. તેમજ તા. ૩૦ જૂન-૨૦૨૩ સુધીમાં ઍડવાન્સ ભરનારા કરદાતાઓને 'આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના' અંતર્ગત ૧૦ ટકા રિબેટ આપવામાં આવશે. આવી વેરાની ઍડવાન્સ રકમ તા. ૩૦ જૂન-૨૦૨૩ સુધીમાં મોબાઇલ ઍપ્લિકેશન કે ઈ-નગર ઑનલાઈન પૉર્ટલ દ્વારા ભરપાઈ કરે તેવા કરદાતાઓને વધારાનું પાંચ ટકા વળતર આપવામાં આવશે.

એટલે કે, ઑનલાઈન ઍડવાન્સ ટૅક્સ ભરનારા નાગરિકોને કુલ મળીને ૧૫ ટકા રિબેટ વર્ષ ૨૦૨૩-૨૪ના ભરવાપાત્ર વેરાની રકમ તા. ૩૦ જૂન-૨૦૨૩ સુધીમાં ઍડવાન્સ ચૂકવવા ઉપર મળશે.

મુખ્યમંત્રીશ્રીના આ જનહિતકારી નિર્ણયને પરિણામે રાજ્યના નગરજનોને ટૅક્સ ભરપાઈ કરવાનું તેમજ આગામી વર્ષનો ઍડવાન્સ ટૅક્સ ભરવાનું પ્રોત્સાહન અને પ્રેરણા મળતાં થશે. એટલું જ નહીં, ઑનલાઈન ટૅક્સ ટ્રાન્ઝેક્શન્સને પણ પ્રેરક બળ મળશે. ●

## નગરપાલિકાઓના વિકાસમાં ગતિ લાવવા CMનો મહત્ત્વપૂર્ણ નિર્ણય



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના નગરો-મહાનગરોમાં ૧૫માં નાણાપંચની ગ્રાન્ટમાંથી કરવાના વિકાસ કામોની તાંત્રિક અને વહીવટી મંજૂરી માટે નગરપાલિકા કક્ષાએ સમિતિની રચના કરવાનો અને તેને ફાયનાન્સિયલ પાવર્સ ડેલિગેટ કરવાનો (નાણાંકીય સત્તા સોપવાનો) નિર્ણય કર્યો છે. રાજ્યના નગરો-મહાનગરોમાં થતાં વિકાસ કામોમાં ગતિ લાવવા મુખ્યમંત્રીશ્રીએ કુનેહપૂર્ણ અભિગમ દાખવી આ આગવો નિર્ણય કર્યો છે.

વિકાસકામો માટે નગરપાલિકાને ફાળવાતી ૧૫મા નાણાપંચની ગ્રાન્ટમાં પ્રાદેશિક કમિશનરની અધ્યક્ષતાની સમિતિ પાસે ફાયનાન્સિયલ પાવર હોવાથી ક્યારેક સ્થાનિક સ્તરે વિકાસકામો માટે નાણાં ફાળવણીમાં વિલંબ પણ થતો હોવાની રજૂઆતો મુખ્યમંત્રી સમક્ષ આવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રશ્નના સમાધાન માટે, સત્તાના વિકેન્દ્રીકરણ દ્વારા સ્થાનિક સ્તરે ઝડપી અને પારદર્શી વહીવટની નેમ સાથે, દરેક નગરપાલિકામાં ચીફ-ઓફિસરની અધ્યક્ષતામાં સમિતિ રચવાનો અને તેને ફાયનાન્સિયલ પાવર્સ ડેલિગેટ કરવાનો (નાણાંકીય સત્તા સોપવાનો) નિર્ણય કર્યો છે.

તેમના આ નિર્ણય મુજબ, 'અ' વર્ગની નગરપાલિકાની સમિતિને રૂ. ૫૦ લાખ, 'બ' વર્ગની નગરપાલિકાની સમિતિને રૂ.૪૦ લાખ, 'ક' વર્ગની નગરપાલિકાની સમિતિને રૂ.૩૦ લાખ અને 'ડ' વર્ગની નગરપાલિકાની સમિતિને રૂ.૨૦ લાખ સુધીના પાવર્સ ડેલીગેટ કરવાનો નિર્ણય કર્યો છે. ●

## રાજ્યના મુખ્ય સચિવપદે શ્રી રાજકુમારની વરણી



ગુજરાત રાજ્યના નવા મુખ્ય સચિવ તરીકે શ્રી રાજકુમારની વરણી કરવામાં આવી છે. શ્રી પંકજકુમારના સ્થાને શ્રી રાજકુમાર તા. 1 ફેબ્રુઆરી 2023થી રાજ્યના વહીવટી તંત્રનું સુકાન સંભાળશે.

શ્રી રાજકુમાર મૂળ ઉત્તર પ્રદેશના બદાયૂંના વતની છે. તેઓ 1987ની બૅચના ગુજરાતના સનદી અધિકારી છે. શ્રી રાજકુમારે આઇ.આઇ.ટી.-કાનપુરથી ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરેલો છે. આ સાથે, તેમણે જાપાનના ટોક્યો ખાતેથી પબ્લિક પૉલિસીમાં માસ્ટર ડિગ્રી મેળવી છે.

શ્રી રાજકુમાર આગામી બે વર્ષ સુધી રાજ્ય વહીવટી તંત્રના વડા તરીકેની ફરજ બજાવશે. શ્રી રાજકુમાર અગાઉ રાજ્યના વિવિધ જિલ્લાઓ અને વિભાગોની જવાબદારી સંભાળી ચૂક્યા છે. આ સાથે, દિલ્હી સ્થિત કેન્દ્ર સરકારમાં ડિફેન્સ પ્રોડકશનમાં સચિવ, કર્મચારી રાજ્ય વીમા નિગમમાં ડાયરેક્ટર જનરલ અને નાણાં મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગના સંયુક્ત સચિવ તરીકે પણ ફરજો બજાવી છે. મુખ્ય સચિવ તરીકેની નિમણૂક થયા પહેલાં તેઓ ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ તરીકે કાર્યરત હતા. ●

# 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમમાં સહભાગી થતાં રાજ્યપાલશ્રી






વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રતિ વર્ષ બોર્ડની પરીક્ષાઓ અગાઉ એક શિક્ષક અને મનોવૈજ્ઞાનિક જેટલી નિપુણતાથી ભારત અને વિદેશના લાખ્ખો છાત્રો, શિક્ષકો અને વાલીઓ સાથે સંવાદાત્મક 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમ કરતા આવ્યા છે. આ શ્રેણીમાં ચાલુ વર્ષે યોજાયેલા આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજભવનમાં ગાંધીનગરની શાળાઓના બાળકો સાથે બેસીને માણ્યું હતું. તો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ વડોદરાના આત્મીય વિદ્યાલયના ધોરણ-૧૦ અને ૧૨ ના એક હજાર છાત્રો સાથે આ સંવાદ-માર્ગદર્શનમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રીશ્રીના હસ્તે 'એક્ઝામ વોરિયર' અંતર્ગત યોજાયેલા ચિત્ર સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામોનું વિતરણ કરવા સાથે વડાપ્રધાનશ્રી લિખિત 'એક્ઝામ વોરિયર' પુસ્તક અર્પણ કરવામાં આવ્યું હતું. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ કાર્યક્રમમાં ભાગ લેવા દિલ્હી જવા માટે પસંદગી પામેલા ગુજરાતના બે છાત્રો; યુગ્મા લલિતભાઈ લબાના (ધોરણ-૧૦, દાહોદ) અને દક્ષ ભદ્રેશભાઈ પટેલ (ધોરણ-૯, અમદાવાદ) તેમજ શિક્ષક પ્રાર્થનાબેન મહેતાને આ અવસરે અભિનંદન પાઠવ્યા હતા.

નવી દિલ્હીના તાલ કટોરા ઈન્ડોર સ્ટેડિયમથી વડાપ્રધાનશ્રીએ દેશના રાજ્યોના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરીને બોર્ડની પરીક્ષાનો ડર દૂર કરવા મનનીય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'પરીક્ષા પે ચર્ચા' ના સમાપન પછી વિદ્યાર્થીઓને સંબોધતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સૌ બાળકોને વડાપ્રધાનશ્રીએ આપેલા માર્ગદર્શનનું પાલન કરવા અને પ્રમાણિકતાપૂર્વક એકાગ્રતાથી મહેનત કરવા અનુરોધ કર્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને પરીક્ષાઓમાં સારા માર્કે ઉત્તિર્ણ થવા માટે શુભકામનાઓ પાઠવી હતી. આવા અદભૂત કાર્યક્રમ માટે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર માન્યો હતો. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવ શ્રી રાજેશ માંજુ અને શિક્ષણ વિભાગના સચિવ શ્રી ડૉ. વિનોદ રાવે પણ રાજ્યપાલશ્રી સાથે કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. ●

# રાષ્ટ્રીય રક્ષા વિશ્વવિદ્યાલય BSF જવાનોને તાલીમ આપશે



ગાંધીનગર સ્થિત RRU કેમ્પસમાં રાષ્ટ્રીય રક્ષા વિશ્વવિદ્યાલય અને બોર્ડર સિક્યુરિટી ફોર્સ વચ્ચે એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર થયા હતા. આ એમ.ઓ.યુ. હેઠળ રાષ્ટ્રીય રક્ષા વિશ્વવિદ્યાલય સુરક્ષાનાં પાસાંઓને ધ્યાનમાં રાખીને શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે બી.એસ.એફ.ના જવાનોને તાલીમ આપશે.

જૉઈન્ટ સર્ટિફિકેશન મિકેનિઝમ BSF જવાનોનાં કૌશલ્ય, જ્ઞાન અને મુખ્ય ક્ષમતાઓને પહોંચી વળવામાં મદદ કરશે. સમગ્ર અભ્યાસક્રમ દરમિયાન BSF જવાનોને આપવામાં આવતી તાલીમની ગુણવત્તા જાળવવા માટે યુનિવર્સિટી એક સિસ્ટમ તૈયાર કરશે, જે તેમને આપવામાં આવતી તાલીમ પર સતત દેખરેખ રાખવામાં મદદ કરશે. યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડૉ. બિમલ પટેલે માહિતી આપી હતી કે, આ એમ.ઓ.યુ. માત્ર કોર ઑર્ગેનાઇઝેશનને જ નહીં, પરંતુ બી.એસ.એફ. વાઇવ્સ વેલ્ફેર ઍસોસિયેશન જેવા નોન-કોર સેક્ટરને પણ મદદ કરશે. નવી દિલ્હી સ્થિત BSF મુખ્યાલયના પોલીસ મહાનિરીક્ષક શ્રી રાજા બાબુ સિંઘની આગેવાની હેઠળ બોર્ડર સિક્યુરિટી ફોર્સના પ્રતિનિધિમંડળે ત્રણ BSF અધિકારીઓ સાથે એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કરવા માટે RRUની મુલાકાત લીધી જેમાં યુનિવર્સિટીના કુલપતિ અને અધિકારીઓ સામેલ હતા. ●

# ગુજરાત પુનઃપ્રાપ્ય ઊર્જામાં પથદર્શક



✎ નીરવ રાવલ

સમગ્ર વિશ્વમાં અનિશ્ચિત આબોહવા પરિવર્તનથી જીવસૃષ્ટિને ગંભીર અસર પડી રહી છે. સમગ્ર વિશ્વનું તાપમાન વધવાનાં કારણો અને તેનાં મારણોની શોધ કરવા સાથે વિવિધ દેશો એડીચોટીનું જોર લગાવી રહ્યાં છે. આબોહવા પરિવર્તનનાં અનેક કારણો પૈકી એક કારણ ઊર્જાનો દુર્વ્યય - પરંપરાગત ઉત્પાદન પદ્ધતિ પણ છે, પરંપરાગત કોલસા અને ક્રુડ ઑઇલ આધારિત ઊર્જા ઉત્પાદનને કારણે આર્થિક, પર્યાવરણ અને ઊર્જાસંરક્ષણ સંબંધિત સમસ્યાઓ ઉદ્ભવી છે. પરિણામે ક્લીન અને ગ્રીન હોય તેવા વૈકલ્પિક ઊર્જા ઉત્પાદનના માર્ગો શોધવા અનિવાર્ય બન્યા છે. સમગ્ર વિશ્વમાં ઠેકઠેકાણે જ્યારે આવી પરિસ્થિતિ હોય ત્યારે પુનઃ પ્રાપ્ય ઊર્જા (રિન્યૂઅબલ એનર્જી)ના સ્રોતો વિકસાવવા એ વર્તમાન સમયની સૌથી પ્રબળ માગ બની ગઈ છે.

રિન્યૂઅબલ એનર્જીને પ્રોત્સાહન આપતી વિવિધ યોજનાઓ ગુજરાત સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવી છે. રિન્યૂઅબલ એનર્જી REમાં સતત વધારો કરવામાં ગુજરાત હંમેશાં અગ્રેસર રહ્યું છે. આ હેતુને સર કરવા માટે સોલર પૉલિસી, વિન્ડ પૉલિસી, સ્મૉલ હાઇડ્રો પૉલિસી તેમજ વિન્ડ સોલર હાઇબ્રીડ પૉલિસી જેવી વિવિધ નીતિઓ છેલ્લાં વીસ વર્ષમાં બનાવવામાં આવી છે. સરકારની વિવિધ પૉલિસી અને પ્રોત્સાહનની ફલશ્રુતિ એ છે કે, બિન-પરંપરાગત ક્ષમતાનો કુલ સ્થાપિત વીજક્ષમતામાં ૪૩%થી પણ વધારે ફાળો થયો છે. 'RE ક્ષેત્રે' તા. ૩૦.૧૧.૨૦૨૨ની સ્થિતિએ ગુજરાત રાજ્યની કુલ સ્થાપિત ક્ષમતા ૪૧,૨૭૫ મેગાવૉટ છે, જે પૈકી બિન-પરંપરાગત સ્રોતની ક્ષમતા ૧૮,૪૩૦ મેગાવૉટ (જે પૈકી કુલ સ્થાપિત ક્ષમતાનો ૪૩% ફાળો) છે. ફક્ત 'સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયા' (COMPETITIVE BIDDING) દ્વારા પવન અને સૌર ઊર્જા ખરીદવાના કેન્દ્ર સરકારના નિર્દેશોને અનુસરી, ૨૦૧૭થી સ્પર્ધાત્મક બિડિંગનો સક્રિયપણે લાભ ઉઠાવીને ગુજરાત (GUVNL) દ્વારા ૬૦૫૦ મેગાવૉટ રિન્યૂઅબલ ઊર્જા માટેના ૨૫ વર્ષના લાંબા ગાળાના વીજકરાર (PPA) કરાયા છે.



ગુજરાત સતત નવતર પ્રયોગો અને પ્રયાસો કરીને રાષ્ટ્રને નવી દિશા આપવાનું કાર્ય કરે છે. પ્રજાસત્તાક પર્વે 'કર્તવ્યપથ' પર રાષ્ટ્રીય પરેડમાં 'ક્લીન-ગ્રીન ઊર્જાયુક્ત ગુજરાત' વિષયને આવરી લેતી ઝાંખી રજૂ કરી ગુજરાતે દેશ અને દુનિયાને પુનઃ પ્રાપ્ય ઊર્જાસ્ત્રોતોના પ્રયોગથી હરિત અને શુદ્ધ ઊર્જાનું નિર્માણ કરીને આત્મનિર્ભર બનવાનો સંદેશ આપ્યો હતો, જેની સમગ્ર વિશ્વમાં નોંધ લેવામાં આવી છે.

યુ.એન.ના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલના અફૉર્ડેબલ ક્લીન-ગ્રીન એનર્જીના લક્ષ્યાંકોને સિદ્ધ કરવા સાથે પુનઃ પ્રાપ્ય અને બિનપરંપરાગત ઊર્જાનાં સંસાધનોનો ઉપયોગ કરવા ગુજરાતે બીડું ઝડપ્યું છે. ગુજરાતે વર્ષ-2009માં 'ક્લાઇમેટ ચેન્જ'નો એક અલાયદો વિભાગ બનાવીને બિનપરંપરાગત ઊર્જાસ્રોત: પવન ઊર્જા, સૌર ઊર્જા, જૈવિક ઊર્જા, હાઇડ્રો પાવર દ્વારા સંચાલિત વિવિધ પ્રોજેક્ટ્સ શરૂ કર્યા છે. આજે દેશમાં ગુજરાત બિનપરંપરાગત ઊર્જાના ઉત્પાદનમાં અગ્રેસર છે.

### વિશ્વનો સૌથી વિશાળ હાઈબ્રીડ રિન્યૂઅબલ એનર્જી પાર્ક:

ગુજરાતના કચ્છના ખાવડા ખાતે આકાર લઈ રહેલા વિશ્વના સૌથી વિશાળ હાઈબ્રીડ (સોલર અને વિન્ડ) રિન્યૂઅબલ એનર્જી પાર્ક રાજ્યની હરિત ઊર્જા ઉત્પાદનની પ્રતિબદ્ધતા દર્શાવે છે. ગુજરાત સરકાર દ્વારા કચ્છ જિલ્લાના ખાવડા ખાતે આંતરરાષ્ટ્રીય સરહદ નજીક ૩૦ ગીગાવૉટનો વિન્ડ સોલર હાઈબ્રીડ પાર્ક સ્થાપવા ૭૨,૪૦૦ હેક્ટર જમીનની ફાળવણી કરવામાં આવી છે, જે પૈકી ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં ૫૦ ટકા અને બાકી રહેલા ૫૦ ટકા ક્ષમતા ડિસેમ્બર-૨૦૨૬ સુધીમાં સ્થાપિત કરવાનો લક્ષ્યાંક છે, જેનું કાર્ય પ્રગતિ હેઠળ છે. તદુપરાંત ગુજરાતે સૌપ્રથમ બૅટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ આધારિત ૩૫ મેગાવૉટ સૌર ઊર્જામથકની કામગીરી કચ્છ લિગ્નાઈટ આધારિત વીજમથક ખાતે શરૂ કરી છે.

ગુજરાતનો ૧,૬૦૦ કિ.મિ. લાંબો દરિયાકિનારો પવનશક્તિનો ઉપયોગ કરી વીજ ઉત્પાદન કરવા માટે આશીર્વાદ સમાન છે. ગુજરાતનો મોટા મેદાનો ધરાવતો ભૂપ્રદેશ પવન ઊર્જા દ્વારા વીજ ઉત્પાદન કરવા સાનુકૂળ છે.

વર્ષ 2021-22ના બજેટમાં રાજ્ય સરકારે રજૂ કરેલા આંકડા મુજબ ગુજરાતમાં કુલ 20.70 મેગાવોટ ક્ષમતાની પવન ઊર્જાની યોજનાઓ કાર્યરત છે. ગુજરાત પાવર કોર્પોરેશન દ્વારા 6 મેગાવોટ પવન ઊર્જા પ્રોજેક્ટ શિકારપુર ખાતે તેમજ જમનવાડા ખાતે 10.5 મેગાવોટ વિન્ડ મીલ પ્રોજેક્ટ તથા 4.2 મેગાવોટ પવન ઊર્જા પ્રોજેક્ટ ચારણકા ખાતે કાર્યાન્વિત કરી દેવામાં આવ્યાં છે. આ તમામ પવન ઊર્જાનાં પ્રોજેક્ટ્સ વર્ષ 2011-12થી સફળતાપૂર્વક કાર્યાન્વિત સ્થિતિમાં છે.

સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારોમાં અત્યાર સુધીમાં પવન ઊર્જાના મોટા પ્રોજેક્ટો સ્થાપવા માટે ૫૬ સંભવિત સ્થળોની ઓળખ કરાઈ છે. રાજ્યના આંતરીક વિસ્તારોમાં પણ, પવન ગતિની સંભાવનાનો અભ્યાસ કરતાં પવન ઊર્જા પ્રોજેક્ટના સ્થાપન માટે ખૂબ સારા પરિણામો પ્રાપ્ત થયા છે.

MNRE, New Delhi દ્વારા જાહેર કરેલી માપણી મુજબ ગુજરાતમાં પવન ઊર્જા દ્વારા વીજ ઉત્પાદન માટે આશરે કુલ ૧૪૨.૫૬ ગી.વો. (૧,૪૨,૫૬૦ મેવો.) ના પ્રોજેક્ટોની શક્યતાઓ છે, જે દેશમાં સૌથી વધુ છે.

સમગ્ર ભારતમાં ૩૧ ડિસેમ્બર - ૨૦૨૧ ની સ્થિતિએ ૪૦,૦૮૨.૭૦ મે. વો. ક્ષમતાના પવન ઊર્જા પ્રોજેક્ટો સ્થાપવામાં આવ્યા છે. જે પૈકી 9860 મેગાવોટની ક્ષમતા સાથે ગુજરાતનું યોગદાન બીજા સ્થાને છે. જે આશરે ૨૨% જેટલુ થાય છે.

### હાઇડ્રો અને બાયોમાસ ઊર્જામાં પણ ગુજરાતનો પાવર

હાઈડ્રો પાવર પ્રોજેક્ટ્સ સ્થાપી ગ્રીન એનર્જીના ઉત્પાદનમાં ગુજરાતે ઘણી પ્રગતિ કરી છે. ઉકાઈ હાઈડ્રો પાવર પ્રોજેક્ટની સ્થાપિત ક્ષમતા 305 મેગાવોટ, કડાણાની 240 મેગાવોટ તથા પાનમ હાઈડ્રો પાવર પ્રોજેક્ટની સ્થાપિત ક્ષમતા 2 મેગાવોટ છે. જ્યારે સરદાર સરોવર નર્મદા નિગમના હાઈડ્રો પાવર પ્લાન્ટની સ્થાપિત ક્ષમતા 1,450 મેગાવોટ છે. જ્યારે બાયોમાસ એનર્જી પ્રોજેક્ટમાં પણ ગુજરાતની કુલ સ્થાપિત ક્ષમતા 109 મેગાવોટ છે.

### સૌરઊર્જાથી ઝળહળતું મોઢેરા

ગુજરાતનું જાણીતું સૂર્યમંદિર જ્યાં આવેલું છે; તે મોઢેરા ગામ BESS (Battery Energy Storage System) મારફતે દેશનું સૌપ્રથમ 24X7 સોલર ઊર્જા મેળવતું ગામ બન્યું છે. તાજેતરમાં જ યુનાઈટેડ નૅશન્સ(UN)ના સેક્રેટરી-જનરલ ઍન્ટોનિયો ગુટરસે (Antonio Guterres) સૌરઊર્જાથી આત્મનિર્ભર બનેલા મોઢેરાની મુલાકાત લઈને ગુજરાતના આ કાર્યની ખૂબ પ્રશંસા કરી હતી. મોઢેરા સૂર્યમંદિર અને નગર ખાતે રૂ. ૮૧ કરોડના ખર્ચે મોઢેરાનું સૂર્યમંદિર તેમજ મોઢેરા નગર સ્વચ્છ અને પ્રદૂષણમુક્ત રહે એવું સૌર ઊર્જા પ્રાપ્ત કરતું આદર્શનગર બન્યું છે. તેના થકી વર્ષે અંદાજે ૪,૩૦૦ ટન કાર્બન ડાયોક્સાઈડનું પ્રદૂષણ ઘટશે.

### PM-KUSUM યોજના થકી ખેડૂતોની ખુશહાલી

આ સાથે PM KUSUM (Pradhan Mantri Kisan Urja Suraksha evam Utthan Mahabhiyan) યોજના મારફત સોલર રૂફટૉપથી ખેતીમાં સિંચાઈ, કેનલ રૂફટોપથી ઊર્જા ઉત્પાદન, અન્ય અસ્ક્યામતો ઉપર પવન-સૂર્ય ઊર્જાથી ક્લીન-ગ્રીન ઊર્જા ઉત્પાદન કરીને આ ક્ષેત્રે આત્મનિર્ભરતા તેમજ આર્થિક ઉપાર્જનથી રાજ્યમાં થયેલી સુખદ ઊર્જાક્રાંતિને પ્રદર્શિત કરવામાં આવી છે.

બિનપરંપરાગત ઊર્જાસ્ત્રોતોથી ઉજ્જવળ અને આર્થિક રીતે અગ્રેસર



ગુજરાતે Net Zero Emission તથા Affordable and Clean Energyના ઉપયોગ વડે વિશ્વનું માર્ગદર્શક બની રહ્યું છે.

### 'સૂર્ય ગુજરાત'

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯થી રહેણાક શ્રેણીના વીજગ્રાહકો માટેની સોલર રૂપટૉપ સબસિડી યોજના 'સૂર્ય ગુજરાત' નામથી જાહેર કરવામાં આવી છે. 'સૂર્ય ગુજરાત' સોલર રૂફટૉપ યોજના હેઠળ નવેમ્બર-૨૦૨૨ સુધીમાં કુલ ૧૩૦૦ મેગાવૉટની સોલર રૂફટૉપ સિસ્ટમ સ્થપાઈ ચૂકી છે, જે પૈકી વર્ષ ૨૦૨૨-૨૩માં નવેમ્બર -૨૨ અંત સુધીમાં ૪૬,૩૯૪ રહેણાક ઉપર સોલર રૂફટૉપ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે, જેની કુલ એકત્રિત સ્થાપિત ક્ષમતા ૧૮૭.૪૧ મેગાવૉટ છે.



હાલ સોલર રૂફટૉપ સિસ્ટમ સ્થાપનમાં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે. આ તો થઈ રહેણાક શ્રેણીના વીજગ્રાહકોની વાત હવે વાત, કરીએ ખેડૂતોની. ખેડૂતોની આવકમાં વધારો કરવાના ધ્યેયને પૂર્ણ કરવા માટે સરકાર દ્વારા તેમને આપવામાં આવતી સુવિધાઓને વધુ સારી બનાવવામાં આવી છે.

### કિસાન સૂર્યોદય યોજના

ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવા માટે ગુજરાત સરકાર દ્વારા કિસાન સૂર્યોદય યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ ખેડૂતોને ખેતીવાડી ફીડર ઉપર દિવસ દરમિયાન વીજપુરવઠો આપવાની શરૂઆત કરવામાં આવી છે.

### સોલર પાર્કસ્

ગુજરાતમાં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં દેશનો પહેલો સોલર પાર્ક પાટણ જિલ્લાના ચારણકા ખાતે શરૂ કર્યો હતો. મેગા પ્રોજેક્ટ્સની વાત કરીએ તો ચારણકા પાર્કની સફળતાથી પ્રેરાઈને અમદાવાદ જિલ્લાના ધોલેરા ખાતે ૩૦૦ મેગાવોટ સોલર પાવર પ્રોજેક્ટ કાર્યાન્વિત કરી દેવાયો છે. બનાસકાંઠા જિલ્લાના રાધાનેસડા ખાતે કુલ ૧૦૦ મેગાવૉટ પણ કાર્યાન્વિત થઈ ચૂક્યો છે. વધુમાં, ગુજરાત ૨૮ ગીગાવૉટની ક્ષમતા ધરાવતું વિશ્વનું સૌથી મોટું રિન્યૂઅબલ ઊર્જા પાર્ક વિકસાવી રહ્યું છે. આ પાર્કમાં સૌર ઊર્જા, પવન ઊર્જા તેમજ વિન્ડ સોલર-હાઇબ્રીડ પ્રોજેક્ટ્સ વિકસાવવામાં આવનાર છે.

### સૌર ઊર્જા સંચાલિત પમ્પ સેટ

રાજ્ય સરકાર દ્વારા પરંપરાગત ઊર્જા સંચાલિત પમ્પ સેટના વિકલ્પમાં સૌર ઊર્જા સંચાલિત પમ્પ સેટના ઉપયોગ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે, જેનો હેતુ કૃષિ વીજવપરાશમાં બચત કરવાનો, ખેડૂતોમાં સૌર ઊર્જાના વપરાશ પરત્વે જાગૃતિ કેળવવાનો તેમજ રાજ્ય સરકાર પરનું સબસિડીનું ભારણ હળવું કરવાનો છે. પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા ઉત્થાન મહાઅભિયાન (PM-KUSUM) (કૉમ્પોનન્ફટ B) હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩માં નવેમ્બર-૨૦૨૨ અંતર્ગત ૯.૫૨ કરોડના ખર્ચે ૩૬૫ સોલર પમ્પ સ્થાપિત કરવામાં આવ્યા છે.

### સોલર હોમલાઇટ યોજના

આ ઉપરાંત ટાપુ, વનવિસ્તાર કે દૂરસુદૂર વિસ્તારોમાં રહેતા એવા લોકો કે જેમને નિયમિત રીતે વીજળી આપી શકાય તેમ ન હોય તેવા લાભાર્થીઓને વીજ સુવિધા પૂરી પાડવાના હેતુથી સોલર હોમલાઇટ યોજના અમલમાં મૂકવામાં આવી હતી. આ યોજના હેઠળ રાજ્યની ચાર વીજવિતરણ કંપની હસ્તક વીજળીથી વંચિત વિસ્તારમાં બિનપરંપરાગત વીજળીકરણ માટે ઑફ ગ્રીડ સૌર ઊર્જા આધારિત સોલર ફોટો વોલેટિક હોમ લાઇટ સિસ્ટમ પૂરી પાડવામાં આવી છે.

સમગ્ર વાતનું હાર્દ એ છે કે પેટ્રોલિયમ આધારિત ઊર્જાપ્રણાલીને તિલાંજલિ આપી પુનઃપ્રાપ્ય ઊર્જા, જેવી કે સૌરઊર્જા, પવનઊર્જા, જળઊર્જા સ્રોતોને અપનાવી અશ્મીકૃત ઈંધણ પરનો આધાર ઘટાડી શકાય તથા પર્યાવરણમાં આવતાં માઠાં પરિવર્તનોને રોકી વાતાવરણને પુનઃ હરિયાળું બનાવી શકાય, જેને સુપેરે જાણી ચૂકેલા ભારતે પુનઃ પ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ પ્રગતિ સાધી છે. ●

## ગુજરાતે પુનઃ પ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે પ્રાપ્ત કર્યા ૬ એવૉર્ડ

ગુજરાતે ક્લાઇમેટ ચેન્જ અને પુનઃ પ્રાપ્ય ઊર્જા સંદર્ભે અનેકવિધ નવતર આયામો હાથ ધરીને નવી નીતિઓ પણ બનાવી છે. રાજ્ય સરકારના હકારાત્મક અભિગમને પરિણામે ગુજરાત પુનઃ પ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત થયું છે. પુનઃ પ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિઓ માટે ગુજરાતને ૬ એવૉર્ડ પ્રાપ્ત થયા છે. આ એવૉર્ડ ઑગસ્ટ 2022માં કેરળના કોચીનમાં કેન્દ્રીય નવીન અને પુનઃ પ્રાપ્ય ઊર્જા રાજ્યમંત્રી શ્રી ભગવંત ખુબાના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. ગત વર્ષે જ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ઊર્જા વિભાગે કરેલી પરિણામલક્ષી કામગીરીના ફળસ્વરૂપે આ એવૉર્ડ ગુજરાતને પ્રાપ્ત થયા હતા. તેમાં (૧) ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીને વર્ષ ૨૦૨૧-૨૨ માટે દ્વિતીય ક્રમની સૌથી વધારે પુનઃ પ્રાપ્ય ઊર્જાની 'સ્થાપિત ક્ષમતા' માટે (૨) ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીને વર્ષ ૨૦૨૧-૨૨ માટે દ્વિતીય ક્રમની સૌથી વધારે પુનઃપ્રાપ્ય પવન ઊર્જા સ્થાપિત ક્ષમતા માટે (૩) ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીને વર્ષ ૨૦૨૧-૨૨ માટે દ્વિતીય ક્રમની સૌથી વધારે પુનઃપ્રાપ્ય ઊર્જા ઉત્પાદન માટે (૪) ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીને વર્ષ ૨૦૨૧-૨૨ માટે દ્વિતીય ક્રમની સૌથી વધારે પુનઃ પ્રાપ્ય ઊર્જા કેપેસિટી ઍડિશન (ક્ષમતાવધારા) માટે (૫) ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીને વર્ષ ૨૦૨૧-૨૨ માટે દ્વિતીય ક્રમની સૌથી વધારે સૌર ઊર્જા ક્ષમતા વધારવા માટે (૬) ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીને વર્ષ ૨૦૨૧-૨૨ માટે પ્રથમ ક્રમની સૌથી વધારે પવન ઊર્જા વધારાની ક્ષમતા માટે ગુજરાતની પસંદગી કરવામાં આવી હતી. ●

## રાજકોટમાં ગૌ-કૃષિ યુનિવર્સિટીનો પ્રારંભ




રાજકોટ સ્થિત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૫૭મા પદવીદાન સમારોહમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ગૌ-કૃષિ યુનિવર્સિટીનો પ્રારંભ કરાવ્યો હતો. રાજ્યપાલશ્રી આણંદ કૃષિ યુનિવર્સિટીના ૧૯મા દીક્ષાંત સમારોહમાં પણ વર્ચ્યુઅલી ઉપસ્થિત રહ્યા હતા.

ગૌ-કૃષિ યુનિવર્સિટીનો વર્ચ્યુઅલી પ્રારંભ કરાવતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, કૃષિ અને પશુપાલનનો સંયુક્ત અભ્યાસક્રમ ધરાવતી આ પ્રકારની ગુજરાતની સૌપ્રથમ યુનિવર્સિટી છે, જે ગુજરાતની નવી પહેલ છે. કૃષિ અને પશુપાલનના પદ્ધતિસરના અભ્યાસથી આવનારા સમયમાં આ ક્ષેત્રોમાં રોજગારીની વિપુલ સંભાવનાઓ સર્જાશે. તેમણે સુવર્ણચંદ્રક અને ડિગ્રી મેળવનાર સૌ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યાં હતાં. આ તકે શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ અને શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા ઉપસ્થિત રહ્યા હતા. આ તકે મહાનુભાવોના હસ્તે ૧૩ વિદ્યાશાખાના ૧૨૬ વિદ્યાર્થીઓને ૧૪૭ ગોલ્ડ મેડલ અર્પણ કરાયા હતા.

રાજ્યપાલશ્રીએ આણંદ કૃષિ યુનિવર્સિટીના ૧૯ મા દીક્ષાંત સમારોહમાં વર્ચ્યુઅલી ઉપસ્થિત રહી છાત્રોને આદર્શ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ માટે પહેલ કરવા અને તેના વિકાસ માટે ટેક્નૉલોજીના ઉપયોગથી સંશોધનો કરવા હાકલ કરી હતી. આ પ્રસંગે કૃષિ અને પશુપાલન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે વિદ્યાર્થીઓને શુભેચ્છા આપી હતી. આ સમારોહમાં યુનિવર્સિટીના ૬૨૯ વિદ્યાર્થીઓને પદવી તથા ૩૧ તેજસ્વી વિદ્યાર્થીઓને ચંદ્રક એનાયત કરાયા હતા.

## રાજ્યવ્યાપી ખસીકરણ ઝુંબેશનો મોરબીથી પ્રારંભ



રાજ્ય સરકાર દ્વારા રખડતાં ઢોરોના ત્રાસમાંથી લોકોને મુક્તિ અપાવવા માટે આખલાઓનું ખસીકરણ કરવા અગત્યનો નિર્ણય લેવામાં આવ્યો છે, જે અંતર્ગત કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન અને મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે આખલાઓના ખસીકરણની રાજ્યવ્યાપી ઝુંબેશનો મોરબી યદુનંદન ગૌશાળા ખાતેથી શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રસ્તે રખડતાં પશુઓનું સંવર્ધન થાય અને આ ઢોરના કારણે થતા અકસ્માતો, માનવમૃત્યુ કે ઈજા અને ટ્રાફિકની સમસ્યા નિવારી શકાય તે માટે ખસીકરણનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ખસીકરણ ઝુંબેશને એટલી વ્યાપક અને સફળ બનાવવામાં આવે કે, સમગ્ર રાજ્ય માટે નમૂનારૂપ બની રહે.

## જળસંચય અભિયાનથી જળસંગ્રહની ક્ષમતામાં વધારો થશે

વરસાદી પાણીનો સંગ્રહ થાય, જળસ્તર ઊંચા આવે અને ખેડૂતોને સિંચાઈ માટે પૂરતી સવલત મળી રહે તે માટે દર વર્ષે માર્ચ-એપ્રિલ માસમાં સુજલામ્ - સુફલામ્ જળસંચય અભિયાન યોજવામાં આવે છે. આ અભિયાનની સફળતાને પગલે ચાલુ વર્ષે રાજ્ય સરકારે ફેબ્રુઆરી - ૨૦૨૩થી જ જળસંચય અભિયાનનો પ્રારંભ કરીને રાજ્યના ખેડૂતોને મહત્તમ લાભ પહોંચાડવાનો નિર્ધાર કર્યો છે, જેના ભાગરૂપે ૧લી ફેબ્રુઆરી-૨૦૨૩થી સુજલામ્ સુફલામ્ જળસંચય અભિયાનનો પ્રારંભ થશે.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે આ અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં મે-૨૦૧૮થી શરૂ થયેલા સુજલામ્-સુફલામ્ જળ અભિયાનના અત્યાર સુધીમાં પાંચ તબક્કા સફળતાપૂર્વક પૂર્ણ થયા છે.

જનભાગીદારી થકી યોજાયેલા આ અભિયાનમાં છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યભરમાં જળસંગ્રહ માટેનાં ૭૪,૫૧૦ કામો પૂર્ણ થયાં છે, જેનાથી જળસંગ્રહ ક્ષમતામાં ૮૬,૧૯૯ લાખ ઘનફૂટ વધારો થયો અને રાજ્યના ૩૩ જિલ્લાઓમાં ૨૬,૯૮૧ તળાવો ઊંડાં કરવામાં આવ્યાં છે. ગત વર્ષ ૨૦૨૨માં સુજલામ્ - સુફલામ્ જળઅભિયાન દ્વારા અત્યાર સુધીમાં સૌથી વધુ ૧૭,૮૧૨ કામો પૂર્ણ થયાં હતાં, જેમાં ૨૦.૮૧ લાખ માનવદિનની રોજગારી શ્રમિકોને મળી હતી, જ્યારે ૨૪,૪૧૮ લાખ ઘન ફૂટ જળસંગ્રહ ક્ષમતામાં વધારો થયો હતો.

# વિઝન પોરબંદર@2047: વિકાસનો આલેખ



મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ એવા પોરબંદરના વર્ષ ૨૦૪૭ સુધીમાં વિવિધ ક્ષેત્રોમાં વિકાસની પ્રતિબદ્ધતાના વિકાસ આલેખરૂપે એક પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે, જેનું જળસંપત્તિ અને પાણીપુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પુસ્તિકા સંદર્ભે પોરબંદરના સુનિયોજિત વિકાસની નેમ વ્યક્ત કરી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શુભેચ્છા પાઠવી સફળતાની કામના વ્યક્ત કરી હતી.

ગત વર્ષે ડિસેમ્બર ૨૦૨૨ના અંતિમ દિવસોમાં પોરબંદર જિલ્લાના કાર્યકુશળ વહીવટકર્તાઓએ સામૂહિક ચિંતન કર્યું. પોરબંદરના વિકાસની રૂપરેખા ઘડવાના મક્કમ નિર્ધાર સાથે તેનું અમલીકરણ કરવાનું નક્કી થયું. ભારતના અમૃતકાળ વર્ષ ૨૦૨૨ થી ૨૦૪૭ સુધીના સમયમાં મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ એવા પોરબંદરને વિકાસની ઊંચાઈઓ સુધી લઈ જવા વિઝન પોરબંદર@2047 તૈયાર કરવામાં આવ્યું. ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઑફ ઍડમિનિસ્ટ્રેટિવ રિફૉર્મ્સ ઍન્ડ પબ્લિક ગ્રિવેન્સીઝ (DARPG)ની વર્કિંગ કમિટી સમક્ષ તેનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

વિઝન પોરબંદર મૂળભૂત રીતે સમગ્ર વિકાસનો સૂચિત રાજમાર્ગ છે, જેને બુકલેટરૂપે તૈયાર કરવામાં આવ્યો છે. આ પુસ્તિકામાં જિલ્લાના વિકાસ માટે સપ્તામૃતનો સંકલ્પ, જનભાગીદારીના માધ્યમથી સ્વચ્છ, સ્વસ્થ, સુપોષિત, સુશિક્ષિત, સુસંસ્કૃત, સમૃદ્ધ અને સુરક્ષિત પોરબંદરની સાથે - સાથે નગરને હેરિટેજ અને પ્રવાસનધામ બનાવવાની કામગીરીને વાસ્તવિક રૂપ આપવામાં આવશે.

## ગાંધીનગરના સરકારી કુમાર છાત્રાલયની સમીક્ષા



અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ જ્યારે શહેરમાં અભ્યાસ અર્થે જતા હોય ત્યારે ત્યાં તેમને અગવડ ન પડે તેવા ઉમદા હેતુથી ગાંધીનગરમાં રાજ્ય સરકાર દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર સરકારી કુમાર છાત્રાલય ચલાવવામાં આવે છે. સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરિયા અચાનક જ ગાંધીનગરના સેક્ટર-૧૫માં આવેલા ડૉ. બાબાસાહેબ આંબેડકર સરકારી કુમાર છાત્રાલયની ઓચિંતી મુલાકાતે પહોંચ્યાં હતાં. મંત્રીશ્રીએ કુમાર છાત્રાલયમાં વિદ્યાર્થીઓને યોગ્ય પોષણયુક્ત ભોજન, તેમના રહેવાની વ્યવસ્થા, પૂરતો અનાજનો જથ્થો જેવી તમામ બાબતોનું નિરીક્ષણ કર્યું હતું. મંત્રીશ્રીએ છાત્રાલયમાં પડતી મુશ્કેલીઓ અંગે વિદ્યાર્થીઓ સાથે પરામર્શ કર્યો હતો. આ ઉપરાંત છાત્રાલયમાં પીરસાતા ભોજનની ગુણવત્તાની ચકાસણી કરી પોષણક્ષમ આહાર પૂરો પડાય તેવી સૂચના પણ આપી હતી.

## ખીજડિયા રેસ્ક્યુ સેન્ટરમાં પક્ષીઓને મળ્યું નવજીવન

વન અને પર્યાવરણને જાળવવામાં તેમજ તેને દર્શનીય બનાવવામાં પક્ષીઓનો પણ અમૂલ્ય ફાળો છે, જેથી સરકાર પણ પક્ષીઓના સંરક્ષણને પ્રાધાન્ય આપી રહી છે. તાજેતરમાં કરુણા અભિયાન અંતર્ગત વન અને પર્યાવરણમંત્રી શ્રી મૂળુભાઈ બેરાએ ખીજડિયા પક્ષી અભયારણ્યની મુલાકાત લીધી હતી. મંત્રીશ્રીએ ખીજડિયા પક્ષી અભયારણ્ય કેમ્પના બર્ડ રેસ્ક્યુ સેન્ટરની મુલાકાત લઈ પક્ષીઓની સારવાર અને બચાવની કામગીરી નિહાળી હતી અને જરૂરી સમીક્ષા કરી હતી તેમજ તેઓએ પ્રાકૃતિક શિક્ષણ શિબિર કેમ્પ સાઇટનું પણ નિરીક્ષણ કર્યું હતું. કરુણા અભિયાન - ૨૦૨૩ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા જામનગરમાં કુલ ૩૨ કલેક્શન સેન્ટરોમાં ૨૫ ડૉક્ટર તથા ૧૫૦થી વધારે સ્વયંસેવકોએ પોતાની સેવા આપી હતી. મકરસંક્રાંતિ દરમિયાન જામનગરમાં ૫૧ પક્ષીઓને સારવાર થકી નવજીવન અપાયું હતું.



## G-20 પૂર્વે USTDAની ગુજરાત સરકાર સાથે બેઠક



G-20 સમિટ પૂર્વે USTDAના પ્રતિનિધિમંડળે ઉદ્યોગમંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત અને ક્લાઈમેટ ચેન્જ મંત્રી શ્રી મૂળુભાઈ બેરા સાથે બેઠક યોજી હતી. ઉદ્યોગ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારત G-20ની યજમાની કરી રહ્યું છે અને દેશભરમાં તેની લગભગ ૨૦૦ બેઠકો યોજાવાની છે તે પૈકી ગુજરાતમાં ૧૫ બેઠકોનું આયોજન કરાશે. આ મુલાકાત દરમિયાન યુ.એસ. ટ્રેડ ઍન્ડ ડેવલપમેન્ટ એજન્સી (USTDA)નાં ડાયરેક્ટર સુશ્રી એનોહ ઈબોંગે સ્વચ્છ ઊર્જા, ક્લાઈમેટ ચેન્જ અને સ્વચ્છ પરિવહન ક્ષેત્રમાં USTDAની પ્રવૃત્તિઓથી મંત્રીશ્રીઓને માહિતગાર કર્યા હતા.

## સુરતની ૯૩૮ પ્રાથમિક શાળાનો સફાઈનો સંકલ્પ




સરસ્વતીદેવીના મંદિર એવી શાળાઓમાં સ્વચ્છતા હોય તો અભ્યાસ માટે પ્રેરક વાતાવરણનું નિર્માણ થાય છે. તાજેતરમાં રાજ્યના પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાનો સ્વચ્છતા પ્રત્યેનો ઉમદા અભિગમ ઉજાગર થયો હતો, જેમાંથી પ્રેરણા લઈ સુરતની ૯૩૮ પ્રાથમિક શાળાએ સફાઈનો સંકલ્પ કર્યો છે.

શિક્ષણ મંત્રીશ્રીએ સુરતના ડુંગરા ગામની પ્રાથમિક શાળાની મુલાકાત દરમિયાન શૌચાલયની સ્થિતિ અસ્વચ્છ જોઈ હતી, જેથી તેમણે જાતે જ સાફ-સફાઈ શરૂ કરી દીધી હતી. તેમણે સ્વયં સફાઈ આદરી સરકારી, ખાનગી શાળાઓ માટે અનોખો સંદેશ પ્રસ્તુત કર્યો હતો.

### 'વાર્ષિક સ્ટાર્ટઅપ સમિટ-૨૦૨૩ એમ્પ્રેસેરિયો'

## સ્ટાર્ટઅપ્સ માટે સાનુકૂળ ઇકોસિસ્ટમ બનાવવા સરકાર કટિબદ્ધ



સ્ટાર્ટઅપ દિવસ નિમિત્તે ભાટ સ્થિત આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયા (EDII) ખાતે નૅશનલ 'વાર્ષિક સ્ટાર્ટઅપ સમિટ-૨૦૨૩ એમ્પ્રેસેરિયો'નું ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ ઉદ્‌ઘાટન કર્યું હતું. ઉદ્યોગ રાજ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, સ્ટાર્ટઅપ્સ માટે સાનુકૂળ ઇકોસિસ્ટમનું નિર્માણ કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આવનારા દિવસોમાં ગુજરાત 'સ્ટાર્ટઅપ' ક્ષેત્રે વિશ્વના સ્ટાર્ટઅપ ઇનોવેટર્સની પ્રથમ પસંદગી બનશે.

રાજ્ય સરકારની સચોટ નીતિઓ, મજબૂત સંસ્થાકીય વ્યવસ્થાપન અને ખાનગી ક્ષેત્રની ગતિશીલ ભાગીદારીને પરિણામે આજે ગુજરાત દેશનાં સૌથી પ્રગતિશીલ સ્ટાર્ટઅપ સ્થળોમાંનું એક છે. 'સ્ટૅન્ડ અપ ઇન્ડિયા' અને 'સ્ટાર્ટઅપ ઇન્ડિયા' યોજનાઓ વર્ષ - ૨૦૧૬માં શરૂ કરવામાં આવી હતી અને ત્યારથી આજ સુધી ૮૦ હજારથી વધુ સ્ટાર્ટઅપ્સ નોંધાયાં છે અને ૧૦૦થી વધુ યુનિકોર્ન તૈયાર થયા છે. આ સ્ટાર્ટઅપમાં ૪૮%થી વધુ મહિલાઓ જોડાયેલી છે તે ગૌરવપૂર્ણ વાત છે.

EDIIના ડાયરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લાએ સ્ટાર્ટઅપ્સની સફળતામાં ટેક્નોલૉજી અને ઇનોવેશનની ભૂમિકા પર ભાર મૂકતાં કહ્યું કે, EDIIનું ટેક્નોલૉજી બિઝનેસ ઇન્ક્યુબેટર-સેન્ટર ફૉર ઍડવાન્સિંગ ઍન્ડ લૉન્ચિંગ એન્ટરપ્રાઇઝિસ (ક્રેડલ)એ અત્યાર સુધી ૧૦૬ સ્ટાર્ટઅપનું ઇન્ક્યુબેશન કર્યું છે, જેના થકી રૂ. 30 કરોડથી વધુનું નાણાકીય ભંડોળનું સર્જન થયું છે. આ કાર્યક્રમમાં ૨૮ નોમિનેશનમાંથી ચાર સ્ટાર્ટઅપ્સને 'ધ સ્ટાર્ટઅપ એવૉર્ડ ૨૦૨૩' એનાયત કરવામાં આવ્યા હતા.

# પરોપકાર અને કલ્યાણને વરેલી 'ગુડ સમૅરિટન યોજના'

✎ સુનિલ પટેલ

ભારતદેશમાં વિકાસની સાથે વાહનોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. સતત વધી રહેલાં વાહનોના કારણે અકસ્માતોમાં પણ વધારો થઈ રહ્યો છે. કેન્દ્ર તથા રાજ્ય સરકાર માર્ગ અકસ્માત નિવારવા માટે વિવિધ પગલાંઓ લઈ રહી છે ત્યારે અકસ્માત દરમિયાન ઈજાગ્રસ્ત લોકોને સમયસર હૉસ્પિટલ/ટ્રોમા કૅર સેન્ટરમાં પહોંચાડી શકાય અને અમૂલ્ય માનવ જિંદગી બચાવી શકાય તે માટે શરૂઆતનો એક કલાક એટલે 'ગોલ્ડન અવર' મૂલ્યવાન છે. માર્ગ અકસ્માતના કિસ્સામાં દર્દીઓને હૉસ્પિટલ સુધી સમયસર પહોંચાડી શકાય અને ત્વરિત સારવાર કરવા માટે નાગરિકો પ્રોત્સાહિત થાય તે માટે કેન્દ્ર સરકારે 'ગુડ સમૅરિટન યોજના' શરૂ કરી છે.

કેન્દ્ર અને રાજ્યની ડબલ એન્જિન સરકાર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશા-દર્શનમાં રોડ સેફ્ટી વધારવા માટે અનેક નવતર પ્રયાસો કરી રહી છે. લૉન્ચ થયેલી વેબસાઈટ અને રિ-લૉન્ચ થયેલી 'ગુડ સમૅરિટન એવૉર્ડ' યોજના એ દિશામાં ગુજરાતનું એક મહત્ત્વનું પગલું છે. ગુજરાતમાં સેવાભાવી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ રાજ્યની અમૂલ્ય જિંદગી રોડ પર જ ન વીખરાઈ જાય તે માટે કટિબદ્ધ છે.

### ગુડ સમૅરિટન એવૉર્ડ યોજના શું છે?

માર્ગ અકસ્માતના પીડિતોને મદદરૂપ થવા માટે લોકો વિના સંકોચે આગળ આવતા થાય તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં 'ગુડ સમૅરિટન એવૉર્ડ યોજના' તા. ૦૩-૧૦-૨૦૨૧ના રોજ અમલી બનાવી છે. જીવલેણ માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલી વ્યક્તિઓને પ્રથમ કલાક એટલે કે 'ગોલ્ડન અવર'માં હૉસ્પિટલમાં પહોંચાડવામાં મદદરૂપ થનાર વ્યક્તિને આ યોજનામાં રૂ. ૫ હજારનો રોકડ પુરસ્કાર અને પ્રશંસાપત્ર એનાયત કરવામાં આવે છે. લાભાર્થીઓને ગુજરાત રોડ સેફ્ટી ઑથોરિટી દ્વારા રૂ.૫,૦૦૦ના રોકડ પુરસ્કાર તેમના બૅન્ક ખાતામાં સીધા જમા કરવામાં આવે છે.




રાજ્યના આવા જ કેટલાક 'ગુડ સમૅરિટનની વાત કરીએ કે, જેઓએ તેમના પ્રયત્નો દ્વારા ટ્રાફિક અંગે જાગૃતિ ફેલાવી છે અને અકસ્માત બચાવ માટે મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું છે. આ લોકોનું તેમના સારા કાર્ય માટે કલેક્ટરશ્રીના હસ્તે તાજેતરમાં સન્માન કરવામાં આવ્યું હતું.

### ટ્રાફિકને સાચી દિશામાં વાળતા ભાવનગરના ડૉ. અજયસિંહ જાડેજા:

ભાવનગર જિલ્લાના આવા એક સમૅરિટન ડૉ.અજયસિંહ જાડેજા છે. તેઓ છેલ્લાં ઘણાં વર્ષોથી અકસ્માત ઘટાડવાના વિવિધ ઉપાયો દ્વારા તેની જાગૃતિ લાવવાનું કાર્ય કરી રહ્યા છે.

શ્રી જાડેજા ટ્રાફિક અંગેની જાગૃતિ લાવવા માટે તેમની કાર પર વિવિધ જાગૃતિ લાવતાં પોસ્ટરો લગાવીને ફરે છે, જેથી તેમની કાર પણ એક જીવંત જનજાગૃતિનું માધ્યમ બની છે.

આજની દોડધામભરી જિંદગીમાં લોકો ઝડપના મોહમાં અને બિનજરૂરી રીતે ટ્રાફિકના નિયમોનું પાલન ન કરીને અકસ્માતને આમંત્રણ આપે છે. તેઓ તો તેનું નુકસાન ભોગવે જ છે, પરંતુ તેમની ગફલતને કારણે અન્ય લોકોને પણ નુકસાન કરે છે. તેવા સમયે શ્રી જાડેજાનું ટ્રાફિક અંગેની જાગૃતિ લાવવાનું કાર્ય બિરદાવવા પાત્ર છે. રાજ્ય સરકારે તેમને રૂ. ૧ લાખના પુરસ્કાર સાથે ગુજરાત સ્ટેટ રોડ સેફ્ટી એવૉર્ડ-૨૦૨૨ એનાયત કરી બહુમાન કરેલું છે.

શ્રી જાડેજા છેલ્લાં ૧૪ વર્ષથી ટ્રાફિક ક્ષેત્રે અલગ-અલગ પ્રદર્શનો, ટ્રાફિક રથ, પુસ્તકો અને ટ્રાફિક નિદર્શન યોજે છે. તેઓના આ કાર્યને બિરદાવતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ તેમને પત્ર લખીને તેમની કામગીરીને બિરદાવેલી છે. વર્ષ-૨૦૧૩માં શ્રી અજય જાડેજાએ અકસ્માતના ૩૦૦ જેટલા ફોટા પાડીને તે અકસ્માત કેમ થયો? કયા કારણથી થયો? વગેરેનું વિગતવાર વિવરણ કરેલું હતું. તેને ધ્યાનમાં રાખીને તેમનું નામ 'લિમ્કા બુક ઑફ રેકૉર્ડ્સ'માં નોંધવામાં આવ્યું હતું.

### અકસ્માતના બદસૂરત પ્રતિબિંબ વચ્ચે સાચી સૂરત બનતા સુરતવાસી



સુરતના આવા જ એક ગુડ સમૅરિટન ટ્રાફિક પોલીસ એ. એસ. આઈ. શ્રી મહેન્દ્રભાઈ બાબુરાવે વરેલી ગાર્ડન શાંતિનગરમાં રહેતા અને અકસ્માતમાં ઘાયલ થયેલા ઓમકાર ભવાનીસિંગનો જીવ બચાવવામાં નિમિત્ત બન્યા હતા. ભવાનીસિંગ પોતાની સાઈકલ ઉપર વરેલી હરિપુરા પાટિયા પાસેથી પસાર થતા હતા, તે દરમિયાન લક્ઝરી વાહનને ટક્કર મારતાં તેમના માથાના ભાગે ગંભીર

ઈજા થઈ હતી, જે માહિતી તેઓને મળતાં તરત ઘટનાસ્થળે પહોંચ્યા હતા, જ્યાં ક્ષણભરનો વિલંબ કર્યા વગર કડોદરા સ્થિત સંજીવની હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યા હતા. આમ તેમણે 'ગોલ્ડન અવર' દરમ્યાન માનવજિંદગી બચાવવાની ઉત્કૃષ્ટ કામગીરી કરી હતી.

સુરતના કામરેજ તાલુકાના ઓરણા ગામમાં રહેતા અખિલેશભાઈ ચેમાભાઈ ભીલનો દીકરો અયુબ (બાળક) ઓરણા ગામે સરકારી દવાખાના તરફથી રોડ ક્રૉસ કરી તેઓના ઝૂંપડા તરફ આવી રહ્યો હતો, ત્યારે એક પિકઅપ વાહને તેને અડફેટે લીધો હતો, જેથી અયુબને કપાળના ભાગે ગંભીર ઈજા થઈ હતી અને નાક-કાનમાંથી લોહી નીકળવા લાગ્યું હતું. એ સમયે કામરેજના દિગસમાં રહેતા જાગૃત નાગરિક કુશાંગભાઈ પ્રવિણભાઈ દેસાઈ પસાર થઈ રહ્યા હતા. તેમણે ઘટનાસ્થળે ઊભા રહી ક્ષણભરનો વિલંબ કર્યા વગર ૧૦૮ ઉપર ફોન કરી ઍમ્બ્યુલન્સ બોલાવી ઈજા પામનાર અયુબને સરદાર હૉસ્પિટલ, બારડોલી ખસેડ્યા હતા અને પરિવારને રૂ. ૧,૦૦૦ની મદદ પણ કરી હતી. આમ, કુશાંગભાઈએ અયુબ (બાળક)ને 'ગોલ્ડન અવર'માં મદદ કરી માનવ જિંદગી બચાવવાની ઉત્કૃષ્ટ કામગીરી કરી હતી.



### માનવતાની મિશાલ બનતા ગાંધીધામના રાજભા ગઢવી

આ પ્રકારની માનવતા મ્હેંકાવતી કામગીરી વર્ષોથી કોઈ પણ સ્વાર્થ કે લાભ વિના ગાંધીધામના રાજભા ગઢવી કરી રહ્યા છે. તેઓ સાચા અર્થમાં હીરોની ભૂમિકા ભજવીને અન્યો માટે પ્રેરણારૂપ બન્યા છે. માનવતાને નવી ઊંચાઈએ લઈ જનાર રાજભાને તેમની આ કામગીરી માટે તાજેતરમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા "ગુડ સમૅરિટન" એવૉર્ડ આપીને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

રાજભાએ અત્યાર સુધી કચ્છ અને આસપાસના વિસ્તારમાં થયેલા અકસ્માત સમયે ૫૪ જેટલા લોકોના જીવ બચાવી માનવતાની નવી મિશાલ કાયમ કરી છે. આ સ્કીમના કારણે કોઈના કુળદીપકને, કોઈના પરિવારના આધારને આ રીતે બચાવીને આપણે આખા પરિવારનો માળો પીંખાતો બચાવી શકીએ છીએ. રાજભા જેવા રાજયના અનેક લોકો અકસ્માતગ્રસ્ત લોકોની વ્હારે આવતા થશે. આનાથી રાજ્યના અનેક લોકોને મોતના મુખમાંથી બચાવી શકાશે. આ સ્કીમથી માનવતાના નેક કામમાં સહયોગ આપવાની વૃત્તિ લોકોમાં કેળવાશે.



આ ઉપરાંત, રાજ્યમાં માર્ગ સલામતી સુનિશ્ચિત કરી હાઈવે ઉપરના 'બ્લૅક-સ્પૉટ' એટલે કે ગંભીર અકસ્માત ધરાવતાં સ્થળો ઓળખી તેના પર યોગ્ય કાર્યવાહી દ્વારા અકસ્માતોની સંખ્યા ઘટાડવાના પ્રયત્નો કરવામાં આવે છે. તેના કારણે રોડ અકસ્માતના કિસ્સાઓમાં નોંધપાત્ર ઘટાડો કરી શકાયો છે.

લોકોના જીવ બચાવવાનું કામ આ પુણ્યનું કામ છે. લોકો કાયદાકીય ભય રાખ્યા વિના સંવેદના રાખીને માર્ગ અકસ્માતમાં ઘવાયેલા લોકોની મદદ કરવા આગળ આવે તેવું વાતાવરણ તેનાથી નિર્માણ પામવાનું છે. લોકકલ્યાણ માટેનું રાજ્ય સરકારનું આ એક વધુ પ્રશંસનીય કાર્ય છે. ●

## 'સ્કીમ ઑફ એવૉર્ડ ટુ ધી ગુડ સમૅરિટન' રિલોન્ચ

રાજ્યના ધોરીમાર્ગો પર થતા અકસ્માત સમયે જે લોકોએ તાત્કાલિક મદદમાં આવી લોકોનો જીવ બચાવ્યો હોય તેવા લોકોની તેમની ત્વરિત સેવાને બિરદાવવા માટે તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'સ્કીમ ઑફ એવૉર્ડ ટુ ધી ગુડ સમૅરિટન' રિલોન્ચ કરી હતી.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ અવસરે વાહનવ્યવહાર તથા ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં ગુજરાત રોડ સેફ્ટી ઑથોરિટીની વેબસાઇટ તાજેતરમાં ગાંધીનગરથી લૉન્ચ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રોડ સેફ્ટી -માર્ગ સુરક્ષા માટે આપેલા કન્સેપ્ટ '4E - એન્ફોર્સમેન્ટ ઑફ લૉ, એન્જિનિયરિંગ ઑફ રોડ, ઇમરજન્સી કેર અને એજ્યુકેશન'ના અનુપાલનની આવશ્યકતા વર્ણવી ટ્રાફિકના નિયમોનું પાલન કરી માર્ગસુરક્ષા માટે પ્રતિબદ્ધ બનવા અપીલ કરી હતી.

વાહનવ્યવહાર રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, આજે પણ લોકોમાં એવી ગેરસમજ છે કે, રોડ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા લોકોને હૉસ્પિટલ પહોંચાડશો તો તેમની ઉપર કોઈ કેસ કે કાર્યવાહી થશે. લોકોની આ માનસિકતાને દૂર કરવામાં માટે જ ગુડ સમૅરિટન એવૉર્ડની શરૂઆત કરવામાં આવી હતી.

આ પ્રસંગે ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, બંદરો અને વાહનવ્યવહાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી એસ. જે. હૈદર, આરોગ્ય અગ્ર સચિવ સુશ્રી શાહમીના હુસેન, ગૃહસચિવ શ્રી નિપુણા તોરવણે, રોડ સેફ્ટી કમિશનર શ્રી એલ. પી. પાડલિયા સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લાના કલેક્ટરશ્રીઓ વર્ચ્યુઅલ માધ્યમથી આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા. ●

## સૂર - લય - તાલનો ઉત્સવ

# મોઢેરા ઉત્તરાર્ધ મહોત્સવ





દેશના સૌપ્રથમ સૂર્યગ્રામ એવા મોઢેરા ખાતે પ્રતિવર્ષ ગુલાબી ઠંડી વચ્ચે યોજાતા ઉત્તરાર્ધ મહોત્સવના રસમંચનનો કલારસિકોમાં અનેરો ઉત્સાહ હોય છે. રાજ્ય સરકાર દ્વારા વિકાસના આયામો વચ્ચે ભારતની વૈવિધ્યપૂર્ણ કલા-સંસ્કૃતિનો વિકાસ થાય અને તેનું મહાત્મ્ય જળવાઈ રહે તે માટે પ્રતિવર્ષ ઐતિહાસિક મોઢેરા સૂર્યમંદિરના પ્રાંગણમાં ઉત્તરાર્ધ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.

રાજ્ય સરકાર બિનપરંપરાગત ઊર્જાને મહત્ત્વ આપી રહી છે. આ વર્ષે દિલ્હીમાં પ્રજાસત્તાક દિનનો અધિકૃત ટેબ્લો પણ બિનપરંપરાગત ઊર્જાસ્રોતને લઈને હતો. વળી, આ ટેબ્લોમાં મોઢેરાને સ્થાન મળ્યું છે. પ્રાચીન સમયમાં ઊર્જાનું મહત્ત્વ શું હતું તેની સમજ સૂર્યમંદિર આપે છે. મહેસાણા જિલ્લામાં શિલ્પસ્થાપત્યનો ઐતિહાસિક વારસો ધરાવતા અને વૈશ્વિક ધરોહરમાં નામાંકન પામેલા વિશ્વપ્રસિદ્ધ મોઢેરા સૂર્યમંદિર ખાતે તાજેતરમાં દ્વિદિવસીય ઉત્તરાર્ધ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ઘૂંઘરુના નાદ, નર્તન અને વાયોલિનવાદનથી નૃત્ય અને સંગીતનો એક અલભ્ય નયનરમ્ય નજારો સર્જાયો હતો, જેના આવર્તનથી સમગ્ર પરિસરમાં અલૌકિક આંદોલનો છવાયાં હતાં.

ઉત્તરાયણ પછી ઊજવાતા શાસ્ત્રીય નૃત્ય પર્વ એવા દ્વિદિવસીય ઉત્તરાર્ધ ઉત્સવનો પ્રારંભ આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે કરાવ્યો હતો. જ્યારે તેનું સમાપન પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી શ્રી મૂળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

મહેસાણા જિલ્લાના મોઢેરા સૂર્યમંદિર ખાતે રાજ્ય સરકાર દ્વારા સને-૧૯૯૨થી ઉત્તરાર્ધ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ મહોત્સવનું આયોજન કરાયું હતું.

પ્રાચીન નગરી મોઢેરા ખાતે અદ્વિતીય સ્થાપત્યકલા અને શાસ્ત્રીય નૃત્યનો નગર ઉત્સવ ઊજવવામાં આવતો હતો. રાજ્ય સરકાર દ્વારા શિલ્પ, સ્થાપત્ય, સંસ્કૃતિ અને કલાને જીવંત રાખવા દર વર્ષે મોઢેરા ખાતે ઉત્તરાર્ધ મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે.

સૂર્યના મકર રાશિમાં પ્રવેશ બાદ તેની ઉજવણીના ભાગરૂપે ઉત્તરાર્ધ મહોત્સવ યોજવામાં આવે છે. સૂર્યની પૂજા સાથે સંકળાયેલો આ મહોત્સવ સૂર્ય વંદનાને મહત્ત્વ આપે છે. આ પવિત્ર મહોત્સવના સંગમનું કલામય રસપાન કરવા કલારસિકો, દેશ-વિદેશના લોકો માણે છે. નૃત્યનો હેતુ સનાતન સત્યોની સૌંદર્ય દ્વારા પ્રતીતિ કરાવવાનો છે. આપણાં સાંસ્કૃતિક નૃત્યો પવિત્ર સ્વરૂપમાં જળવાઈ રહ્યાં છે. મોઢેરા સંગીત, નર્તન અને સ્થાપત્યના ત્રિવેણી સંગમનું મહોત્સવના દિવસે સાક્ષી બની રહે છે. આ મહોત્સવમાં પ્રથમ દિવસે ઉત્તર પ્રદેશના સુશ્રી દેવિકા દેવેન્દ્ર દ્વારા કથ્થક નૃત્ય, અમદાવાદનાં શ્રીમતી ઋચા ભટ્ટ દ્વારા ભરતનાટ્યમ્, અમદાવાદનાં સુશ્રી બિના મહેતા દ્વારા કુચિપુડી, વડોદરાનાં સુશ્રી જિજ્ઞિષા વૈદ્ય દ્વારા કથ્થક, અમદાવાદનાં સુશ્રી સુપ્રવા મિશ્રા દ્વારા ઓડિસી, કલકત્તાનાં શ્રી સોમભા બંદોપાધ્યાય દ્વારા મણિપુરી તેમજ અમદાવાદનાં સુશ્રી અભિતા પટેલ દ્વારા ગાયન રજૂ કરવામાં આવ્યું હતું.

સમાપન મહોત્સવના દિવસે આંધ્ર પ્રદેશના ડૉ. કે. શ્રીવલ્લી દ્વારા કથકલી, અમદાવાદનાં રાધિકા મારફતિયા દ્વારા કથક, આંધ્ર પ્રદેશના ડૉ. જી. પદમજી રેડ્ડી દ્વારા કુચિપુડી, દિલ્હીનાં સુશ્રી જયાપ્રભા મેનન દ્વારા મોહિનીઅટ્ટમ અને આસામનાં કુ. ડિમ્પી બસૈયા દ્વારા સતરિયા ડાન્સ, અમદાવાદનાં સ્મિતા શાસ્ત્રી અને તેમનાં શિષ્ય પ્રસિતા સુરાના દ્વારા કુચિપુડી તેમજ અમદાવાદનાં રાજલ બારોટ દ્વારા ગાયન રજૂ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસદસભ્ય શ્રીમતી શારદાબહેન પટેલ, ધારાસભ્ય સર્વ શ્રી મુકેશભાઈ પટેલ, સુખાજી ઠાકોર, કે. કે. પટેલ, સરદારભાઈ ચૌધરી, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના અગ્ર સચિવ શ્રી અશ્વિનીકુમાર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના નાયબ સચિવ શ્રી એસ. કે. હુડા, સહિતના અધિકારીઓ-પદાધિકારીઓ તેમજ કલારસિકો ઉપસ્થિત રહ્યા હતા. ●





સ્થાપત્ય સાથે સૂર, સંગીત અને નૃત્યનો સમન્વય

# ઉત્તરાર્ધ મહોત્સવ












**Published on Date 1-2-2023**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023
• Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages** • **Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad &
Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**

**માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦**